# Current Affairs August-2018

## 1.August 2018

**(૧) ઇ–ગવર્નન્સ ઇન્ડેક્સ– યુનાઇટેડ નેશન્સ :**

– યુનાઇટેડ નેશન્સ દ્વારા જાહેર કરાયેલ ઇ– ગવર્નન્સ ઇન્ડેક્સમાં ભારત ટોચના ૧૦૦ દેશોમાં સામેલ છે.
– આ વર્ષે ઇ– ગવર્નન્સ ઇન્ડેક્સમાં ભારત ૯૬માં સ્થાને રહ્યું.
– ૨૦૧૪માં આ ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન ૧૧૮ પોઇન્ટ હતું.

ઇ– ગવર્નન્સ ઇન્ડેક્સમાં ટોચના ૩ દેશો
(૧) ડેનમાર્ક
(૨) ઓસ્ટ્રેલિયા
(૩) દક્ષિણ કોરિયા

સંયુક્ત રાષ્ટ્ર (UN) મુખ્ય માહિતી
સ્થાપના : ૨૪ ઓક્ટોબર – ૧૯૪૫
– હેડક્વાટર્સ – ન્યૂયોર્ક
– સેક્રેટરી જનરલ– એન્ટોનિયો ગ્યુટારસ
દેશના સભ્ય : ૧૯૩
– અધિકૃત ભાષા – ૬ (અંગ્રેજી, અરબી, ચીની, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ

**(૨) યુનિફાઇડ કમાન્ડર્સ કોન્ફરસ (યુ.સી.સી.)૨૦૧૮**

– ૩૦ જુલાઇ અને ૩૧ જુલાઇ–૨૦૧૮ના રોજ યુનિફાઇડ કમાન્ડર્સ કોન્ફરસ (યુ.સી.સી.) ૨૦૧૮નું આયોજન નવી દિલ્હીમાં કરવામાં આવ્યું છે.
– તેનો હેતુ બાહ્ય સુરક્ષા પડકારો અને ભારતની પડકારો સામે તૈયારી અંગે સમીક્ષા કરવાનો હતો.
– આ પરિષદ ત્રણેય લશ્કરી દળ અને સંરક્ષણ મંત્રાલય વચ્ચે સંયુક્ત મુદ્દાઓની ચર્ચા કરવાનું એક મંચ છે.

રિલાયન્સ – ભારતની સૌથી મૂલ્યવાન કંપની :
– ભારત અને એશિયાના સૌથી ધનવાન વ્યક્તિ મુકેશ અંબાણીની આગેવાની હેઠળ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ભારતની સૌથી મૂલ્યવાન કંપની બની.
– ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) ને પાછળ રાખી દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ આ સિદ્ધી હાંસલ કરી.
– રિલાયન્સે તાજેતરમાં એપ્રિલ– જૂન ક્વાર્ટરમાં રૂા. ૯,૪૫૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.
– રિલાયન્સ ભારતની સૌથી વધુ ટેક્સ ભરતી કંપની છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ મુખ્ય માહિતી :
– સ્થાપક : ધીરૂભાઇ અંબાણી
– સીઇઓ : મુકેશ અંબાણી

**(૩) રાજસ્થાન રાજ્યમાં પ્રથમ ગાય અભયારણ્ય માટે કરાર :**

– રાજસ્થાન સરકારે ૧૦,૦૦૦ ગાયો માટે આશ્રય હેતુ ખાનગી ટ્રસ્ટ સાથે સમજૂતી કરાર કર્યા છે.
– રાજસ્થાન સરકારે રાજ્યના પ્રથમ ગાય અભયારણ્ય બનાવવા માટે સોહનલાલજી બુલાદેવીજી ઓઝા ગૌશાળા સમિતિ સાથે કરાર કર્યા છે.
– આ ગાય અભયારણ્ય બીકા નેર જિલ્લામાં ૨૨૦ હેક્ટરમાં નિર્માણ પામશે.
– ભારતનું પ્રથમ ગાય અભ્યારણ્ય મધ્યપ્રદેશના આગર માલવા જિલ્લામાં આવેલ છે.
– આ અભ્યારણ્યનું નિર્માણ ગોપાલન અને વન વિભાગ દ્વારા કરવામાં આવશે.

**રાજસ્થાન મુખ્યમાહિતી :**
– રાજધાની : જયપુર
– મુખ્યપ્રધાન : વસુંધરા રાજે
– ગવર્નર : કલ્યાણસિંહ

**(૪) નેપાળ વન–ડે માં પદાર્પણ કરનારી ૨૭મી ટીમ બનશે.**

– એક દિવસીય આંતરરાષ્ટ્રીય દરજ્જો મેળવનારી સૌથી નવી ટીમ નેપાળ પોતાની પ્રથમ વન–ડે રમશે.
– તેની સાથે જ નેપાળ વનડે માં પદાર્પણ કરનારી દુનિયાની ૨૭ મી ટીમ બની જશે.
– આ વર્ષે આયર્લેન્ડ અને અફઘાનિસ્તાને પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમી હતી.
– હવે નેપાળને આઇસીસીએ વન ડેનો દરજ્જો આપ્યો છે.
– નેપાળની પ્રથમ મેચ નેધરલેડની ટીમ સાથે છે, જેણે ૧૯૯૬ના વર્લ્ડ કપમાં પોતાની પ્રથમ વન–ડે રમી હતી.

**નેપાળ મુખ્યમાહિતી :**
– રાજધાની : કાઠમાડું
– પ્રધાનમંત્રી : ખડગા પ્રસાદ ઓલી
– રાષ્ટ્રપતિ : વિદ્યાદેવી ભંડારી

આઇસીસી મુખ્યમાહિતી
મુખ્ય મથક : દુબઇ
ચેરમેન : શશાંક મનોહર

પ્રશ્નો :
૧ યુનાઇટેડ નેસન્સ દ્વારા જાહેર કરાયેલ ઇ–ગવર્નન્સ ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન જણાવો.
– ૯૬
૨ યુનાઇટેડ નેશન્સ દ્વારા જાહેર કરાયેલ ઇ–ગવર્નન્સ ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને કયો દેશ છે ?
– ડેન્માર્ક
૩ યુનાઇટેડ નેશન્સનું હેડક્વાર્ટર કયાં આવેલ છે ?
– ન્યૂયોર્ક
૪ યુનિફાઇડ કમાન્ડર્સ કોન્ફરન્સ (યુ.સી.સી.) ૨૦૧૮નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
– નવી દિલ્હીમાં
૫ ભારતની સૌથી વધુ ટેક્સ ભરતી કંપની છે ?
– રિલાયન્સ
૬ રાજસ્થાન સરકારે રાજ્યના પ્રથમ ગાય અભયારણ્ય બનાવવા માટે કોના સાથે કરાર કર્યા ?
– સોહનલાલજી બુલાદેવીજી ઓઝા ગૌશાળા સમિતિ
૭ ભારતનું પ્રથમ ગાય અભ્યારણ્ય કયાં આવેલ છે ?

Vivekanand Academy Gandhinagar

– મધ્યપ્રદેશના આગર માલવા જિલ્લામાં

૮ તાજેતરમાં કઇ ટીમને આઇસીસી દ્વારા –વનડે નો દરજ્જો આપ્યો છે ?

– નેપાળ

૯ નેપાળની રાજધાની જણાવો ?

– કાઠમાડું

૧૦ આઇસીસીનું મુખ્યાલય કયાં આવેલ છે ?

– દુબઇ

## 2.August 2018

**(૧) મીના કુમારીની ૮૫મી જન્મજયંતી પર ગૂગલની ખાસ ડૂડલ દ્વારા અંજલી**

– હિન્દી ફિલ્મોના દંતકથારૂપ અભિનેત્રી મીના કુમારીની ૮૫મી જન્મજયંતિ નિમિત્તે ગૂગલ 'પાકીઝા' ફિલ્મની એક તસવીર સાથે ડૂડલ દ્વારા તેમને શ્રદ્ધાંજલી અર્પી.

– ૧ ઓગસ્ટ ૧૯૩૩માં જન્મેલાં મીના કુમારીનું મૂળનામ મહેજબીન હતું.

– તેમણે 'દો બીઘા ઝમીન', દિલ અપના ઔર પ્રીત પરાઇ' અને 'દિલ એક મંદિર' સહિતીની ફિલ્મોમાં અભિયનના ઓજસ પાથર્યા હતા.

– ૧૯૬૨ માં મીના કુમારીએ ગુરૂ દત્ત ની 'સાહેબ, બીબી ઔર ગુલામ' ઉપરાંત 'મૈ ચુપ રહુંગી' અને 'આરતી' એમ કુલ ૩ ફિલ્મમાં શાનદાર અભિનય આપતાં ૧૯૬૩ના ફિલ્મફેર એવોર્ડ્સમાં બેસ્ટ એક્ટ્રેસની કેટેગરીમાં તમામ નોમિનેશન્સ તેમના નામે જ હતા.

– જેમાંથી તેમણે 'સાહેબ, બીબી ઔર ગુલામ' માટે એવોર્ડ મેળવ્યો હતો.

**(૨) ૭ રાજ્યોમાં ૧૪ નવી કેન્દ્રિયા વિદ્યાલયને મંજૂરી :**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની આર્થિક સમિતિએ દેશના ૭ રાજ્યોમાં ૧૩ કેન્દ્રિય વિદ્યાલય બનાવવાની માટે મંજૂરી આપી.

– આ સાથે જ મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના એલોટ ખાતે બીજી જવાહર નવોદય વિદ્યાલય બનાવવાની મંજૂરી આપી.

– દેશના જિલ્લાઓમાં એક જ જવાહર નવોદય વિદ્યાલય હોય છે રતલામ જિલ્લો પ્રથમ છે જ્યાં બીજી જવાહર નવોદય વિદ્યાલય બનશે.

– રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અંતર્ગત ભારત સરકારે જવાહર નવોદય વિદ્યાલયો શરૂ કરી હતી.

**(૩) રિઝર્વ બેન્ક રેપોરેટ :**

– રિઝર્વ બેન્ક રેપો રેટ ૦.૨૫% વધારી ૬.૫% કર્યો છે.

– બેન્કે ૬ જૂનના રોજ કરેલી સમીક્ષામાં પણ આ રેટ ૦.૨૫% વધાર્યો હતો. બેન્ક જે વ્યાજના દરે રિઝર્વ બેન્ક પાસેથી લોન લે છે તેને રેપોરેટ કહે છે.

– આ વધારાથી બેન્કો માટે ભંડોળ મેળવવું મોઘું થઇ જાય છે.

– જુલાઇ – સપ્ટેમ્બરના ત્રિમાસીક ગાળામાં રિટેલ મોંઘવારી ૪.૬% ઓક્ટોબર–માર્ચ ના છ માસિક ગાળામાં ૪.૮% અને એપ્રિલ જૂન– ૨૦૧૯ના ગાળામાં ૫% રહેશે.

– રિઝર્વ બેન્કના ગવર્નર ઉર્જિત પટેલની અધ્યક્ષતા હેઠળની નાણાકીય નીતિ સમિતિના ૬ માંથી ૫ સભ્યોએ રેટ વધારવાની તરફેણ કરી હતી.

– આ ૨૦૧૮–૧૯માં રિઝર્વ બેન્કની ત્રીજી સમીક્ષા હતી. હવે પછીની સમીક્ષા – ૩–૫ ઓક્ટોબર દરમિયાન થશે.

**રિઝર્વ બેન્કે મુખ્ય માહિતી :**

– સ્થાપના : ૧ એપ્રિલ – ૧૯૩૫

– મુખ્યાલય – મુંબઇ

– ગવર્નર : ઉર્જિત પટેલ

**(૪) ફોર્ચ્યુન ૫૦૦ દુનિયાની સૌથી મોટી કંપનીઓ :**

– અમેરિકાના ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા તાજેતરમાં દુનિયાની સૌથી મોટી ૫૦૦ કંપનીઓની યાદી જાહેર કરી.

– વર્ષ – ૨૦૧૮ની આ યાદીમાં ૫૦૦ પૈકી ભારતની ૭ કંપનીનો સમાવેશ થયો.

– આ યાદીમાં ભારતની ઇંડિયન ઓઇલ કોર્પોરેશન ૧૩૭માં સ્થાને રહી, વર્ષ ૨૦૧૭માં તે ૧૬૭માં સ્થાને હતી.

– યાદીમાં રિલાયન્સ –૧૪૮માં સ્થાને રહી.

ઇંડિયન ઓઇલ કોર્પોરેશન મુખ્ય માહિતી :

– સ્થાપના : ૧૬૫૯

– મુખ્યમથક : નવી દિલ્લી

– અધ્યક્ષ : સંજીવસિંહ

**(૫) બાયો–ફ્યુઅલ નીતિ અમલ કરતું પ્રથમ રાજ્ય : રાજસ્થાન :**

– રાજસ્થાન કેન્દ્ર સરકાર દ્વારા મે–૨૦૧૮માં લોન્ચ કરવામાં આવેલ રાષ્ટ્રીય બાયો–ફ્યુઅલ નીતિનો અમલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું.

– બાયો–ફ્યુઅલ નીતિ સાથે રાજ્યે બાયો–ફ્યુઅલ નિયમ – ૨૦૧૮ લાગુ કરવાનો નિર્ણય કર્યો.

– નીતિ મુજબ – રાજ્ય ઓઇલ – સીડના ઉત્પાદને પ્રોત્સાહન આપશે.

– રાજસ્થાન મુખ્ય માહિતી :

– રાજધાની : જયપુર

– મુખ્યમંત્રી : વસુંધરા રાજે

– રાજ્યપાલ : કલ્યાણસિંહ

**પ્રશ્નો :**

૧ અભિનેત્રી મીના કુમારીનું મૂળનામ જણાવો ?

– મહેજબીન

૨ કયાં જિલ્લાને બીજી જવાહર નવોદય વિદ્યાલય બનાવવાની મંજૂરી આપી ?

– રતલામ (મધ્યપ્રદેશ)

૩ કઇ નીતિ અંતર્ગત ભારત સરકારે જવાહર નવોદય વિદ્યાલયો શરૂ કરી ?

Vivekanand Academy Gandhinagar

– રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬

૪ રિઝર્વ બેન્કના ગવર્નર ?

– ઉર્જિત પટેલ

૫ ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા જાહેર થયેલ દુનિયાની સૌથી મોટી ૫૦૦ કંપનીઓની યાદીમાં ભારતની કેટલી કંપનીનો સમાવેશ થયો ?

– ૭

૬ ઇંડિયન ઓઇલ કોર્પોરેશનની સ્થાપના ક્યારે થઇ હતી ?

– ૧૯૫૯માં

૭ રાષ્ટ્રીય બાયો –ફ્યુઅલ નીતિનો અમલ કરનાર દેશનું પ્રથમ રાજ્ય ?

– રાજસ્થાન

## 3.August 2018

**(૧) સુપર સોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ :**

– ભારતે ઓડિશાના બાલાસોરમાં પરીક્ષણ કેન્દ્ર ખાતે સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.

– આ મિસાઈલ ઓછી ઊંચાઇએથી આવતા કોઇપણ બેલાસ્ટિક મિસાઇલને પાડી દેવા સક્ષમ હોય છે.

– ઇન્ટરસેપ્ટર મિસાઈલનું પોતાનું મોબાઇલ લોન્ચર છે. આ સિવાય સ્વતંત્ર ટ્રેકિંગ ક્ષમતા અને અદ્યતન રડાર ધરાવે છે.

**(૨) ત્રણ વર્ષમાં ગુજરાતમાં સૌથી વધુ–૧૯ યુનિવર્સિટી સ્થપાઇ.**

– દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫૦ જેટલી નવી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી છે.

– તેમાં સૌથી વધુ ગુજરાત અને મધ્યપ્રદેશમાં સ્થપાઇ છે.

– આ અંગે રાજ્યસભામાં પ્રશ્નોતરી દરમિયાન એચઆરડી (માનવ સંસાધન વિકાસ) મંત્રી સત્યપાલસિંહે જણાવ્યું હતું.

– ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯ યુનિવર્સિટી સ્થપાઇ છે.

– ત્યારપછીના ક્રમે ૧૬ યુનિવર્સિટી સાથે મધ્યપ્રદેશ આવે છે.

**(૩) સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું નામ જાહેર કરાયું :**

– સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું નામ જાહેર કરવામાં આવ્યું છે.

– રાજકોટના લોકેમળાને 'ગોરસ લોકમેળો' નામ આપવામાં આવ્યું છે.

– લોકમેળાના નામ માટે ૭૦૦ થી વધુ નામ આવ્યા હતા.

– આ મેળો છઠ્ઠથી શરૂ થયા છે અને દશમના દિવસે પૂર્ણ થયા છે. ત્યારે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં સમગ્ર પંથકના લોકો ઉત્સાહભેર અહીંના મેળામાં મજા માણવા પહોંચે છે.

**(૪) ઇંગ્લેન્ડમાં કોહલીની પ્રથમ વિરાટ સદી :**

– વિરાટ કોહલીએ ઇંગ્લેન્ડમાં પ્રથમ ટેસ્ટ સદી ફટકારી છે. તેણે ૧૪૯ રન બનાવ્યા હતા.

– ઇંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં વિરાટે કેપ્ટન તરીકે સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય ૭૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો. તેણે ૧૨૪ મી ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી.

– આ બાબતે તેણે વેસ્ટ ઇન્ડિઝના પૂર્વ કેપ્ટન બ્રાયન લારા (૧૬૪ ઇનિંગ્સ) ને પાછળ રાખ્યો છે.

**(૫) એપલનું માર્કેટ કેપ ૧ ટ્રિલિયન ડોલર, US ની પ્રથમ, વિશ્વની બીજી કંપની :**

– એપલ એક ટ્રિલિયન ડોલર એટલે કે ૬૮ લાખ કરોડ રૂપિયાનું માર્કેટકેપ ધરાવતી કંપની બની છે.

– કંપનીનું માર્કેટકેપ એક હજાર અબજ ડોલરનું થયું છે. તે અમેરિકાની પ્રથમ અને વિશ્વની બજી કંપની છે.

– જાન્યુઆરી – ૨૦૧૮ થી અત્યાર સુધીમાં એપલના શેરમાં ૨૦ ટકાની તેજી જોવા મળી છે. ૧૨ મહિનામાં ૩૪ ટકાનો વધારો નોંધાયો છે.

– મે – ૨૦૦૯માં એપલનું વેલ્યુએશન–૧૨૧ અબજ ડોલર હતું. જે હવે ૧૦૦૦ અબજ ડોલરનું થઇ ગયું છે.

– એપલનું આ માર્કેટકેપ ભારતના અર્થતંત્રના ૪૨ ટકા જેટલું છે.

– વિશ્વના ૧૯૨ દેશોમાંથી માત્ર ૧૬ દેશની જીડીપી એ ટ્રિલિયન ડોલરથી વધુ છે.

– ભારતની ટીસીએસનું માર્કેટકેપ ૭.૪૭ લાખ કરોડનું છે. જ્યારે ૭.૪૦ લાખ કરોડ સાથે રિલાયન્સ માર્કેટકેપમાં બીજા ક્રમે છે.

**વિશ્વની ટોપ–3 માર્કેટકેપ કંપની :**

| | કંપની | માર્કેટકેપ (ડોલર) |
|---|---|---|
| (૧) | એપલ | ૧ હજાર |
| (૨) | એમેઝોન | ૮૭૯ |
| (3) | આલ્ફાબેટ | ૮૪૨ |

એપલ કંપનીના સ્થાપક : સ્ટીવ જોબ્સ

**(૫) કવિ મૈથિલીશરણ જન્મજયંતિ :**

– ૩ ઓગષ્ટ, ૧૮૮૬માં ચિરગાંવમાં જન્મેલ કવિ મૈથિલી શરણની આજે જન્મજયંતિ છે.

– તેમણે ૧૨ વર્ષની વયે જ કવિતા લખવાનું શરૂ કર્યું હતું.

– મૈથિલીશરણ ગુપ્તે 'ભારત ભારતી' ના ત્રણ ખંડોમાં દેશના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય રેખાંકિત કર્યુ છે.

– મહાત્મા ગાંધીએ તેમને રાષ્ટ્ર કવિ તરીકે નવાજ્યા હતા.

– ભારત સરકાર દ્વાર તેમણે પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

– તેમની પ્રખ્યાત કૃતિઓ – પંચવટી, યશોધરા, સાકેત

પ્રશ્નો :

૧ સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ ક્યાં થયું ?

– ઓડિશાના બાલાસોરમાં પરીક્ષણ કેન્દ્ર ખાતે

૨ માનવ સંસાધન વિકાસ મંત્રી ?

– સત્યાપાલ સિંહે

૩ કેપ્ટન તરીકે સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય ૭૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ કયાં ક્રિકેટરના નામે છે ?

– વિરાટ કોહલી

૪ કવિ મૈથિલી શરણનો જન્મ કયાં થયો હતો ?
– ચિરગાંવમાં
૫ કવિ મૈથિલી શરણને ગાંધીજીએ શું કહી નવાજ્યા હતા ?
– રાષ્ટ્ર કવિ
૬ સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો કયાં જિલ્લામાં ભરાય છે ?
– રાજકોટ
૭ સૌરાષ્ટ્રનો સૌથી મોટા લોકમેળાનું નામ જણાવો ?
– ગોરસ લોકમેળો
૮ દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ યુનિવર્સિટી કયાં રાજ્યમાં સ્થપાઇ ?
– ગુજરાત
૯ અમેરિકાની સૌથી વધુ માર્કેટકેપ ધરાવતી કંપની જણાવો ?
– એપલ

## 4.August 2018

**(૧) ૩૪માં જન્મદિવસે સુનિલછેત્રીને 'એશિયન આઇકોન' તનું બિરૂદ :**

– ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનિલ છેત્રીને તેના ૩૪માં જન્મદિવસે 'એશિયન આઇકોન' નું બિરૂદ આપવામાં આવે છે.
– એશિયન ફૂટબોલ ફેડરેશને છેત્રીના જન્મદિવસને યાદગાર બનાવવા માટે તેના અધિકારીક પેજ પર છેત્રીને આ બિરૂદ આપ્યું હતું.
– છેત્રી ૧૦૧ મેચમા ૬૪ આંતરરાષ્ટ્રીય ગોલ સાથે વિશ્વમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લાયોનલ મેસ્સી પછી સૌથી વધુ ગોલ કરવાના ત્રીજા નંબરનો ખેલાડી છે.

મુખ્ય માહિતી :
– સુનિલ છેત્રી જન્મ : ૩ ઓગષ્ટ– ૧૯૮૪
– એશિયન ફૂટબોલ ફેડરેશન સ્થાપના– ૧૯૫૪
– એશિયન ફૂટબોલ ફેડરેશન મુખ્યાલય – મલેશિયા

**(૩) ટુરીઝમ ફેસ્ટીવલ :**

– ભારત સરકારના પ્રવાસન મંત્રાલય ૧૬ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર –૨૦૧૮ સુધી સમગ્ર દેશમાં 'પ્રવાસન ઉત્સવ' નું આયોજન કરવાનો નિર્ણય કર્યો.
– પ્રવાસન મંત્રાલય સાથે અન્ય મંત્રાલય અને રાજ્ય સરકારો સાથે મળી આ ઉત્સવનું આયોજન કરશે.
– પ્રવાસનના લાભો પર ધ્યાન કેન્દ્રિત કરવા દેશની સાંસ્કૃતિક વિવિધતા દર્શાવવા અને 'દરેક માટે પ્રવાસન' ના સિદ્ધાંતની મજબૂત કરવા માટે આ ઉત્સવનું આયોજનમાં આવે છે.
– ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ 'ટૂરિઝમ ફેસ્ટિવલ' વર્લ્ડ ટુરિઝમ ડે ઉજવણી સાથે સમાપ્ત થશે.
– પ્રવાસન મંત્રી – કે.જે. અલફોસ

**(૪) જસ્ટિસ કે.એમ. જોસેફ– સુપ્રીમ જજ :**

– કોલેજિયમની મંજૂરી બાદ કેન્દ્ર સરકારે જસ્ટિસ કે.એમ. જોસેફ સુપ્રીમના જજ બનાવ્યા.
– જસ્ટિસ કે.એમ. જોસેફ ઉત્તરાખંડ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા હતા.
– આ સાથે જ મદ્રાસ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ ઇન્દિરા બેનર્જી અને ઓરિસ્સા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ વિનિત શરણ સુપ્રીમ કોર્ટમાં જશે.
– જાન્યુઆરી –૨૦૧૮માં પ્રથમ વખત, સુપ્રીમ કોર્ટે કોલેજીયમનાં પાંચ સભ્યોએ કે એમ જોસેફનું નામ ભલામણ કર્યું.
– જસ્ટિસ બેનર્જી સુપ્રીમ કોર્ટના ૮માં મહિલા જજ હશે.

**કોલેજીયમ મુખ્ય માહિતી :**

– કોલેજિયમ પાંચ લોકોનું એક જૂથ છે જેમાં પાંચ લોકોમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ છે.
– કોલેજિયમ સુપ્રીમ કોર્ટના જજની નિમણૂંક અને ટ્રાન્સફર નક્કી કરે છે.
– કોલેજિયમ સુપ્રીમ કોર્ટના જજની નિમણૂંક કરવાની અને ટ્રાન્સફર નક્કી કરે છે.
– કોલેજિયમ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની જોગવાઈ બંધારણમાં નથી.
– સરકાર માટે કોલેજિયમની ભલામણ જરૂરી છે. ૧૯૯૩ થી આ અમલમાં છે.

**(૫) એમર્સન નનંગાગ્વા – રાષ્ટ્રપતિ ઝિમ્બાબ્વે :**

– એમર્સન નનંગાગ્વા ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ બનશે.
– ચૂંટણીમાં ૫૦.૮% વોટ મળ્યા છે.
– જોકે હરીફ એમડીસી. ગઠબંધનના નેલ્સન ચમીસાને ૪૪.૩% વોટ મળ્યા છે.
– નવેમ્બર –૨૦૧૭માં ૯૪ વર્ષીય રાષ્ટ્રપ્રમુખ રોબર્ટ મુગાબેના રાજીનામા બાદ ઝિમ્બાબ્વેમાં પ્રથમ વખત ચૂંટણી યોજવામાં આવી હતી.
– ઝિમ્બાબ્વે મુખ્ય માહિતી :
– રાજધાની : હરારે
– રાષ્ટ્રપતિ : એમર્સન નનંગાગ્વા

પ્રશ્નો :
૧ સુનિલ છેત્રી કઇ રમત સાથે સંકળાયેલ છે.
– ફૂટબોલ
૨ એશિયન ફૂટબોલ ફેડરેશન દ્વારા સુનિલ છેત્રીને કયું બિરૂદ આપવામાં આવ્યું ?
– એશિયન આઇકોન
૩ એશિયન ફૂટબોલ ફેડરેશન મુખ્યાલય કયાં આવેલ છે ?
– મલેશિયા
૪ પ્રવાસન ઉત્સવનું આયોજન કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવશે ?
– ભારતીય પ્રવાસન મંત્રાલય

Vivekanand Academy Gandhinagar

૫ કોલેજિયમ ક્યારથી અમલમાં છે ?

– ૧૯૯૩

૬ કોલેજીયમની ભલામણ બાદ ક્યાં ન્યાયાધીશને સુપ્રીમના જજ બનશે ?

– કે.એમ. જોસેફ

૭ એમર્સન નનંગાગ્વા ક્યાં ના રાષ્ટ્રપતિ બનશે ?

– ઝિમ્બાબ્વે

૮ ઝિમ્બાબ્વેની રાજધાની જણાવો ?

– હરારે

## 5.August 2018

**(૧) વડાપ્રધાન ઉજ્જવલા યોજનાનો આંકડો પાંચ કરોડની સપાટીએ પહોંચ્યો :**

– વડાપ્રધાન ઉજ્જવલા યોજના અંતર્ગત ૩ ઓગસ્ટના રોજ ૫ કરોડ પરિવારોને મફત ગેસ કનેક્શન પુરું પાડવાનું લક્ષ્યાંક પુરૂ થયું.

– લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજને સંસદ ગૃહ સંકુલમાં પાંચ કરોડમાં ગ્રાહકને ગેસ જોડાણ આપ્યું.

– દેશના ૭૧૫ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવેલ આ યોજનાનું લક્ષ્યાંક સરકારે માત્ર ૨૮ મહિનામાં પ્રાપ્ત કર્યું છે.

– આ હેઠળ યોજના એક ગેસ સિલિન્ડર, સ્ટોવ અને રેગ્યુલેટર મફતમાં ઉપલબ્ધ કરવામાં આવે છે.

**મુખ્ય માહિતી :**

– વડાપ્રધાન ઉજ્જવલા યોજના

– શરૂઆત : મે – ૨૦૧૬ માં ઉત્તર પ્રદેશના બલિયામાં

**(૨) ઇંગ્લેન્ડની ૧૦૦૦મી ટેસ્ટ મેચ :**

– ઇંગ્લેન્ડ ૧૦૦૦ ટેસ્ટ મેચ રમ્યો તેવો પ્રથમ દેશ બન્યો છે.

– પ્રથમ ટેસ્ટ મેંચ ઇંગ્લેન્ડમાં માર્ચ ૧૮૮૭ માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઇ હતી.

– ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડે તેની ૧૦૦૦ મી ટેસ્ટ મેચ રમતાં ભારતને ૩૧ રને હાર આપી છે.

– ભારત વર્તમાનમાં તેની ૫૨૩ મી ટેસ્ટ મેચ રમી રહ્યો છે.

**(૩) ગીતા મિત્તલ J & K હાઇકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયમૂર્તિ**

– ન્યાયમૂર્તિ ગીતા મિત્તલને જમ્મુ અને કાશ્મીર હાઇકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

– તેઓ ચીફ જસ્ટિસ બનનાર પ્રથમ મહિલા ન્યાયાધીશ છે.

– ન્યાયમૂર્તિ મિત્તલ દિલ્હી હાઇકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ હતા.

– ૩ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સિંધુ શર્મા જમ્મુ અને કાશ્મીર હાઇકોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા.

**જમ્મુ કાશ્મીર મુખ્ય માહિતી :**

– રાજધાની : શ્રીનગર

– ગવર્નર – એન.એન. બોહરા

**(૪) જાપાન વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી શેરબજાર બની :**

– જાપાન ચીનને પાછળ કરી વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સ્ટોક એક્સચેન્જ બની.

– અમેરિકાની શેરબજાર દુનિયાની સૌથી મોટી પ્રથમ નંબરની શેરબજાર છે.

– જાપાન અને ચીન બીજા અને ત્રીજા સ્થાને છે.

– જે ૩૧ ટ્રિલિયન ડોલરના સ્ટોક માર્કેટ સાથે વિશ્વના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ છે.

– **જાપાન મુખ્યમાહિતિ :**

રાજધાની : ટોકિયો

વડાપ્રધાન : શિંઝો આબે

**(૫) રૂપે કાર્ડ અને ભીમ એપના ટ્રાન્ઝેક્શન પર જીએસટીના ૨૦% કેશબેક**

– જીએસટી કાઉન્સિલે રૂપે કાર્ડ અને ભીમ એપથી ચુકવણી કરવા પર ૨૦% (મહત્તમ રૂપિયા ૧૦૦) રાહતની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે.

– આ રાહત કેશબેકના સ્વરૂપે અપાશે. પ્રારંભમાં આ પાઇલટ પ્રોજેક્ટ તરીકે જે રાજ્યો સ્વેચ્છાએ સ્વીકાર તૈયાર થશે તેમાંજ કાર્યરત બનશે.

– કેન્દ્રિય નાણારાજ્ય મંત્રી શિવપ્રતાપ શુક્લાની અધ્યક્ષતા હેઠળના આ જૂથમાં દિલ્હી, બિહાર, કેરળ, પંજાબ અને આસામના નાણામંત્રીઓને સામેલ કરાયા છે.

– જો આ પ્રયોગ સફળ થશે તો સમગ્ર દેશમાં લાગુ પડાશે. જીએસટી કાઉન્સિલની હવે પછીની ૩૦ મી બેઠક– ૨૮ અને ૨૯ સપ્ટેમ્બરના રોજ ગોવા ખાતે યોજાશે :

– કેન્દ્રિય નાણામંત્રી – પીયૂષ ગોયલ

**(૬) એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ :**

– ભારત એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરીકે ચૂંટાઇ આવ્યા.

– ભારત બે વર્ષ માટે એશિયા પેસિફિક બ્રોંડકાસ્ટિંગ ડેવલોપમેન્ટ ઇનસ્ટિટ્યૂટ ઓફ પ્રમુખ તરીકે રહેશે.

– ૩ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ કોલંબોમાં ઇન્સ્ટિટ્યૂટની ૪૪ મી વાર્ષિક કોન્ફરસમાં ભારતે ઇરાન કરતા વધુ મત મેળવીને આ પોસ્ટ જીતી હતી.

– આકાશવાણીના મહાનિર્દેશક ફૈયાઝ શહરયારા એક્ઝિક્યુટીવ બોર્ડના અધ્યક્ષ તરીકે ફરજ બજાવશે.

– એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ **મુખ્યમાહિતી :**

સ્થાપના : ૧૯૭૭

મુખ્યમથક : મલેશિયા

**(૭) રોકાણ માટે અનુકૂળ રાજ્ય – દિલ્લી**

– આર્થિક થિંક – ટેન્ક NCAER એ કરેલા સરવેમાં હવે દિલ્હીએ આ મામલે ટોચનું સ્થાન મેળવી લીધું છે.

- એ (રોકાણલાયક રાજ્યોની યાદી) ની માર્ચ ૨૦૧૬માં શરૂઆત કરી હતી. ત્યારથી સતત બે વર્ષ સુધી ગુજરાત આ યાદીમાં ટોપ પર હતું.
- જમીન, શ્રમ, માળખાકીય, સુવિધા, આર્થિક વાતાવરણ, સરકારી વ્યવસ્થા, રાજકીય સ્થિરતા અને ધંધાકીય સૂઝનાં ૬ પાસાંઓને આધારે દેશનાં ૨૦ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સર્વે કરાયું

  રોકાણલાયક ટોપ–૫ રાજ્યો :

  (૧) દિલ્હી

  (૨) તમિળનાડુ

  (૩) ગુજરાત

  (૪) હરિયાણા

  (૫) મહારાષ્ટ્ર

પ્રશ્નો :

(૧) વડાપ્રધાન ઉજ્જવલા યોજના અંતર્ગત કેટલા પરિવારતને મફત ગેસ કનેક્શન પુરું પાડવાનું લક્ષ્યાંક પુરૂ થયું ?

- ૫ કરોડ પરિવાર

(૨) વર્તમાન લોકસભા સ્પીકરનું નામ જણાવો ?

- સુમિત્રા મહાજન

(૩) વડાપ્રધાન ઉજ્જવલા યોજનાની શરૂઆત ક્યાંથી કરવામાં આવી હતી ?

- ઉત્તર પ્રદેશના બલિયાથી

૪) ક્યાં દેશે તાજેતરમાં ૧૦૦૦ ટેસ્ટ મેચ રમી બન્યો છે ?

- ઇંગ્લેન્ડ

૫ પ્રથમ ટેસ્ટ મેચ ક્યાં ક્યાં દેશ વચ્ચે રમાઇ હતી ?

- ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા

૬ ઇંગ્લેન્ડે પોતાની ૧૦૦૦ મી ટેસ્ટમચે ક્યાં દેશ વિરૂદ્ધ રમી હતી ?

- ભારત

૭ જમ્મુ અને કાશ્મીરના ચીફ જસ્ટિસ બનનાર પ્રથમ મહિલા ન્યાયાધીશનું નામ જણાવો ?

- ગીતા મિત્તલ

૮ જમ્મુ અને કાશ્મીરની રાજધાની જણાવો ?

- શ્રીનગર

૯ ક્યાં દેશની શેરબજાર દુનિયાની સૌથી મોટી પ્રથમ નંબરની શેરબજાર છે ?

- અમેરિકાની

૧૦ જીએસટી કાઉન્સિલે રૂપે કાર્ડ અને ભીમ એપથી ચુકવણી કરવા ર કેટલા ટકા રાહતની દરખાસ્તને મંજૂરી આપી છે ?

- ૨૦ ટકા

૧૧ કયો દેશ એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરીકે ચૂંટાઇ આવ્યો ?

- ભારત

(૧૨) NCAER એ કરેલા સર્વેમાં ક્યાં રાજ્યએ રોકાણ માટે ટોચનું સ્થાન મેળવ્યું ?

- દિલ્હી

## 6.August 2018

**(૧) ટેસ્ટમાં વિરાટ કોહલી નંબર –૧**

- ભારતીય કેપ્ટન વિરાટ કોહલી નંબર–૧ ટેસ્ટ બેટ્સમેન બની ગયો છે.
- ૨૦૧૧ માં સચિન તેંડુલકર બાદ ટેસ્ટમાં ટોચનું રેન્કિંગ પ્રાપ્ત કરનારો કોહલી પ્રથમ ભારતીય છે.
- આ અગાઉ રાહુલ દ્રવિડ, ગૌતમ ગંભીર, વિરેન્દ્ર સેહવાગ, સુનીલ ગાવસ્કર અને દિલીપ વેંગસકર પણ આ સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂક્યા છે.
- ટેસ્ટ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચનારો કોહલી ૭ મો ભારતીય ખેલાડી બન્યો છે.
- ૬૭ ટેસ્ટની કારકિર્દીમાં તેણે પ્રથમ વખત આ સ્થાન હાંસલ કર્યુ છે. ઓલ ટાઇમ રેન્કિંગમાં પણ તે ગાવસ્કરથી આગળ નીકળી ગયો છે.
- કોહલી વન–ડેમાં ટોચના સ્થાને છે, જ્યારે ટી–૨૦ માં ૧૨ માં સ્થાને છે.

**(૨) મુઘલ સરાઇ રેલવે સ્ટેશનનું નાબ બદલીને દિનદયાલ રેલવે સ્ટેશન કરવામાં આવ્યું**

- ઉત્તરપ્રદેશના મુઘલસારાય રેલવે સ્ટેશનનું નામ બદલીને પંડિત દિનદયાલ ઉપાધ્યાય રેલવે સ્ટેશનમાં રાખવામાં આવ્યું છે.
- ૫ ઓગસ્ટના રોજ અમિત શાહે સ્ટેશનનું ઉદ્દ્ઘાટન કર્યું.
- નવી ટ્રેન એકાત્મ એક્સપ્રેસ અહીં શરૂ કરવામાં આવી.
- આ સાથે રેલવે સ્ટેશન પરથી મુસાફર ટ્રેન અને માલગાડીને લીલી ઝંડી આપવામાં આવી. જેમાં તમામ મહિલા કર્મચારીઓ હતા.
- આ સ્ટેશન એશિયામાં સૌથી મોટા રેલવે માર્શિંગ યાર્ડનો સમાવેશ કરે છે.

**મુખ્ય માહિતી :**

**(૩) 'મિત્રતા – ૨૦૧૮' ભારત, થાઇલેન્ડ, આર્મી વચ્ચે સંયુક્ત કવાયત**

- ભારતીય ભૂમિ સેના અને રોયલ થાઇ આર્મી સંયુક્ત કવાયતના કરવાનો માટે નિર્ણય લીધો છે.
- આ કવાયતને મિશન 'મિત્રતા– ૨૦૧૮' તરીકે નામ આપવામાં આવ્યું હતું.
- આ કવાયત છઠ્ઠી ઓગસ્ટથી ચા ચોઇંગસા પ્રાંત, થાઇલેન્ડમાં યોજાશે.
- સંયુક્ત રાષ્ટ્રના નિયમો હેઠળ આ કવાયત તૈયાર કરવામાં આવી છે.
- આ પહેલાં ભારતીય સેનાએ નેપાળ આર્મી, સશેલ્સ આર્મી, ફ્રાંન્સ આર્મી અને વિયેટનામ આર્મી સાથે કવાયત કરી છે.
- થાઇલેન્ડ મુખ્ય માહિતી :

- રાજધાની : બેંગકોક
- વડાપ્રધાન : પ્રથુન ચાના ઓચા

**(૪) સુનિતા વિલિયમ્સ સહિત નવ વૈજ્ઞાનિકો નાસાના પ્રથમ કોમર્શિયલ યાનમાં અવકાશ યાત્રા પર જશે.**

- નાસાએ ભારતીય મૂળના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ સહિત નવ લોકોનું નામ આપ્યું છે.
- પ્રથમ કોમર્શિયલ યાનમાં અભિયાન વર્ષ ૨૦૧૯ માં શરૂ થશે.
- નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) એ ઘણા વર્ષ પહેલા આ કોમર્શિયલ સ્પેસ ક્રાફટના સ્વરૂપે અવકાશમાં મોકલવામાં આવી રહ્યું છે.
- નાસા દ્વારા પ્રથમ પ્રાયોગિક યાન પર ૯ અવકાશયાત્રીઓને મોકલાવામાં આવશે.
- નવા અંતિરક્ષયાનનું નિર્માણ અને સંચાલન બોઇંગ કંપની અને સ્પેસ એક્સએ કર્યું છે.
- ભવિષ્યના કોમર્શિયલ ક્રુ ના અવકાશયાત્રીઓ સ્પેસ એક્સ એન્ડ બોંઇગસ્પેસના સહકારથી નિર્મિત યાન દ્વારા અવકાશની યાત્રાએ જશે.
- વર્ષ ૨૦૧૯ ની શરૂઆતમાં બોઇંગ સીએસટી-૧૦૦ સ્ટારલાઇનર અને સ્પેસએક્સ ડ્રેગન કેપ્સ્યુલ થી આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન મોકલવામાં આવશે.

**(૫) વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપ : પી.વી. સિંધુ :**

- ભારતની બેડમિન્ટન સ્ટાર ખેલાડી પી.વી. સિંધુને સિલ્વર મેડલ મળ્યો.
- વિશ્વ ચેમ્પિયનશીપની મહિલા સિંગલ્સ ટાઇટલમાં સ્પેનના કેરોલિના મેરિનની હારનો સામનો કરવો પડ્યો હતો.
- આ હાર સાથે સિંધુને આ સ્પર્ધામાં સિલ્વર સાથે સંતુષ્ટ થવું પડ્યું હતું.
- મારિન વિશ્વ ચેમ્પિયનશીપમાં ૩ સિંગલ્સ ટાઇટલ જીતનારી પ્રથ મહિલા બની.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કયો ભારતીય ક્રિકેટર ટેસ્ટમાં નંબર -૧ બેટ્સમેન બન્યો ?
- વિરાટ કોહલી

૨ સચિન તેંડુલકરે ટેસ્ટમાં નંબર-૧ બેટ્સમેન તરીકે કયાં વર્ષમાં સિધ્ધી મેળવી હતી ?
- વર્ષ – ૨૦૧૧

3 ટેસ્ટ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચનારો કોહલી કેટલામો ભારતીય ખેલાડી બન્યો છે ?
- ૭ મો

૪ ઉત્તર પ્રદેશના મુઘલારાય રેલવે સ્ટેશનનું નામ બદલીનું શું રાખવામાં આવ્યું છે ?
- પં. દીનદયાળ ઉપાધ્યક્ષ રેલવે સ્ટેશન

૫ ભારતનું કયું રેલવે સ્ટેશન એશિયામાં સૌથી મોટા રેલવે માર્શિંગ યાર્ડનો ધરાવે છે ?
- પં. દીનદયાળ ઉપાધ્યક્ષ રેલવે સ્ટેશન

૬ ભારતીય ભૂમિ સેના અને રોયલ થાઇ આર્મી વચ્ચે યોજાનાર સંયુક્ત કવાયતનું નામ જણાવો ?
- મિત્રતા – ૨૦૧૮

૭ 'મિત્રતા – ૨૦૧૮' કવાયત થાઇલેંડના કયા પ્રાંતમાં યોજાશે ?
- ચા ચોઇંગસા પ્રાંત

૮ પ્રથમ કોમર્શિયલ યાનમાં અભિયાન માટે નાસાએ ભારતીય મૂળના કયાં અવકાશયાત્રીની પસંદગી કરી ?
- સુનીતા વિલિયમ્સ

૯ નાસાનું પુરૂનામ જણાવો ?
- નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન

## 7.August 2018

**(૧) નેશનલ હેન્ડલૂમ ડે :**

- ભારત સરકાર દ્વારા દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ નેશનલ હેન્ડલૂમ ડે ઉજવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૫ થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે
- આ વખતનો ક્રમ ચોથો
- ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ સ્વદેશી ચળવળની શરૂઆત થઇ.
- હતી, તેને ધ્યાને લઇ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ દિવસ ઉજવવાની શરૂઆત કરાવી.

**(૨) બોફોર્સથી ૬ ઘણી તાકાત ધરાવતી કે-૯ વ્રંજ તોપ સુરતમાં બનીને તૈયાર**

- લશ્કર માટે પહેલી કે-૯ વજ ઘન કે તોપ સુરતમાં બનીને તૈયાર થઇ ગઇ છે.
- તેની મારક ક્ષમતા ૭૫ કિ.મી. સુધી છે. જે બોફોર્સ કરતા પણ ૩ થી ૬ ગણો વધુ છે.
- તેની પ્રથમ તોપ હવે લશ્કરને ટેસ્ટિંગ માટે આપવામાં આવશે.
- લશ્કર દ્વારા પરીક્ષણ કરી તેમાં જરૂરિયાત મુજબ પરિવર્તન કરવામાં આવશે. ત્યારબાદ બલ્કમાં તેનું ઉત્પાદન સુરતમાં કરવામાં આવશે.
- આ તોપ હજીરામાં આવેલી એલ એન્ડ ટી કંપનીમાં બની છે.
- કે-૯ વજ તોપ : ૧૫૫ એમએમકે. પર કેલિબરની તોપ છે. ૪૦ કિ.મી. સુધીની મારક ક્ષમતા વધારીને ૭૫ કિમી સુધી કરી શકાય છે.
- તે સેલ્ફ પ્રોપેલ્ડ એટલે કે ઓટોમેટિક લોડ થવાની ક્ષમતા ધરાવે છે. આ કારણે ઘણાં ઓછા સમયમાં વધારે ફાયર કરી શકે છે.
- તેની સાથે તેનું ૧૦૦૦ હોર્સ પાવર એન્જિન તેને ઘણી ઝડપથી મુવ કરવાની ક્ષમતા આપે છે.

**(૩) રગ્બી વર્લ્ડ કપ-૨૦૧૯ ટ્રોફી ટુર :**

- કેન્દ્રિય ખેલ પ્રધાન રાજ્યવર્ધનસિંહ રાઠોડે રગ્બી વર્લ્ડ કપ –૨૦૧૯ ભારતમાં ટ્રોફી લોન્ચ કરી.
- ભારતને આ સાથે ૧૮ દેશોમાં સ્થાન મળ્યું જ્યાં આ ટ્રોફી પ્રવાસ કરી રહી છે.
- એશિયામાં પ્રથમ વખત રગ્બી વર્લ્ડ કપ –૨૦૧૯ માં યોજાશે. જેનું આયોજન જાપાનમાં થશે.
- રગ્બી વર્લ્ડકપ – ૨૦૧૯ ટ્રોફી ટુર હેઠળ આ ટ્રોફી ભારત પ્રવાસમાં પ્રથમ વખત આવી છે.

**(૪) ૨૫ વર્ષ પછી ઓબીસી આયોગને હવે બંધારણીય અધિકાર મળશે.**

- ચોમાસુ સત્રના ૧૩ માં દિવસે ઓબીસી બિલ રાજ્યસભામાં પાસ થઇ ગયું.
- લોકસભામાં આ બિલ પહેલાં જ પસાર થઇ ચૂક્યું છે. તે ૧૨૩ મું બંધારણ સુધારા બિલ છે.
- હવે ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો મળી જશે.
- ૧૯૯૩માં રચાયેલું પછાત વર્ગ આયોગ અત્યાર સુધી માત્ર સામાજિક અને શૈક્ષણિક આધાર પર જાતિઓને પછાત વર્ગોની યાદીમાં સામેલ કરવા અથવા પહેલાથી સામેલ જાતિઓને યાદીમાંથી બહાર કરવાનું કામ કરતું હતું.
- આ બિલ પાસ થયા બાદ બંધારણીય દરજ્જો મળવાથી બંધારણમાં કલમ–૩૪૨ (ક) જોડીને પ્રસ્તાવિત આયોગને સિવિલ ન્યાયાલયની સમકક્ષ અધિકાર અપાશે.

**સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગો માટે આયોગ બનશે.**

- આ બિલ પાસ થયા બાદ સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગો માટે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ બનશે.
- આ આયોગમાં એક અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ૩ અન્ય સભ્ય હશે, આયોગ પાસે પોતાની પ્રક્રિયા નિશ્ચિત કરવાની શક્તિ હશે.
- બંધારણીય દરજ્જો મળવાથી આયોગને દંડ આપવાની સાથે પછાત જાતિઓને કેન્દ્રિયા યાદીમાં સામેલ કરવાનો પણ અધિકાર મળી જશે.
- અત્યાર સુધી આયોગને આવી બાબતોમાં માત્ર વિચાર કરવાનો જ અધિકાર હતો.

**(૫) ૧૨ વર્ષ સુધી પેપ્સિકોના સીઇઓ રહેલાં ઇન્દ્રા નૂઇએ રાજીનામું આપ્યું :**

- ઇન્દ્રા નૂઇએ પેપ્સિકોના સીઇઓ પદે પરથી રાજીનામું આપી દીધું છે.
- તે ૨૪ વર્ષ થી કંપની સાથે સંકળાયેલા હતા અને ૧૨ વર્ષ થી સીઇઓ પદ પર હતાં
- ૬૨ વર્ષના નૂઈના રાજીનામા બાદ હવે સ્પેનના રોમોન લગૂર્ટા કંપનીના નવા સીઇઓ હશે.
- લગૂંર્ટા હાલ કંપનીના પ્રેસિડેન્ટ છે. હવે તે કંપનીના છઠ્ઠા સીઇઓ બનશે.
- ઇન્દ્રા નૂઈ ૩ ઓક્ટોબર કાર્યભાર છોડશે.
- સીઇઓ પદ છોડ્યા બાદ પણ તે થોડાક મહિના સુધી ચેરમેન પદે ચાલુ રહેશે, જેથી એક સીઇઓના જવા અને બીજાના આવાવા વચ્ચે શિફ્ટ સુવિધાજનક રીતે થઇ શકે.
- ચેન્નઇમાં જન્મેલા ઈન્દ્રા નૂઈ ૧૯૯૪માં પેપ્સિકોમાં જોડાયાં હતાં. ૨૦૦૬ માં સીઇઓ બન્યાં.
- તેમને ગણતરી દુનિયાનાં સૌથી શક્તિશાળી બિઝનેસ વીમેનમાં થાય છે.
- ૨૦૦૮ થી ૨૦૧૭ સુધી સતત તે ફોર્બ્સનાં ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સામેલ રહ્યાં. ૨૦૧૭માં તે આ યાદીમાં ૧૧ મા ક્રમે હતાં.
- ૨૦૦૭ માં પદ્મભૂષણથી તેમનું સન્માન કરાયું હતું.

**(૬) વિધાનમંડળોની પરિષદમાં સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીની નિમણૂંક**

- લોકસભાના અધ્યક્ષા અને અખિલ ભારતીય વિધાનમંડળોની પરિષદના ચેરપર્સનજ શ્રીમતી સુમિત્રા મહાજને ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની અખિલ ભારતીય વિધાન મંડળોની પરિષદની સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિયુક્તિ કરી છે.
- આ સમિતિમાં લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના ઉપસભાપતિ, લોકસભાના ઉપાધ્યક્ષ, અને અન્ય વિધાનમંડળોના સાત સહિત કુલ ૧૦ સભ્યો હોય છે.
- સમિતિ પરિષદનાં આયોજન તથા તેમાં ચર્ચા કરવાના થતાં સંસદીય વિષયો અંગે નિર્ણયો કરે છે.

**(૭) ૧૮૧ અભયમ મોબાઇલ એપનું મુખ્યમંત્રીના હસ્તે લોન્ચિંગ**

- ગુજરાતની મહિલાઓને ઝડપી અને સચોટ સુરક્ષા તેમજ તત્કાલ મદદ સેવા માટેની ૧૮૧ અભયમ મોબાઇલ એપનું લોચિંગ કરાયું છે.
- રાજ્યમાં ક્યાંય પણ કોઇપણ મુસીબતમાં મહિલાઓને ગણતરીની પળોમાં જ મદદ પૂરી પાડવામાં આ એપ્લિકેશન સહાયક બનશે.
- એપ્લિકેશન લોગો પર આંગળી મૂકી ફોન જોરથી હલાવવાથી ઓટોમેટિક કોલ થઇ જશે અને મદદ મળી જશે.
- એપ્લિકેશન મારફતે મહિલાઓનું લોકેશન, એપ્લીકેશનમાં નોંધાવેલ એડ્રેસ સહિતની માહિતી અભયમ ટીમને મળી જશે.
- આ લોન્ચિંગ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી સહિતના મંત્રીઓ, અધિકારીઓ હાજર રહ્યા હતા.

**(૮) નેધરલેન્ડ ૮મી વખત મહિલા હોકી વર્લ્ડ કપ જીત્યો :**

- વિમેન્સ હૉકી વર્લ્ડકપમાં નેધરલેન્ડે મહિલાઓની હૉકી વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ટાઇટલ જીત્યું.
- નેધરલેન્ડે પોતાનું ટાઇટલ જાળવી રાખ્યું હતું. તેણે ચેમ્પિયનશીપનું ટાઇટલ આઠમી વખત જીત્યું.
- આ ટુર્નામેન્ટમાં ભારત ૮ મું સ્થાન ધરાવે છે.

નેધરલેન્ડ મુખ્યમાહિતી

રાજધાની : એમ્સ્ટર્ડમ

વડાપ્રધાન : માર્ક રૂટ

પ્રશ્નો :

(૧) ભારત સરકાર દ્વારા દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે ?
- નેશનલ હેન્ડલૂમ ડે

(૨) નેશનલ હેન્ડલૂમની ડે ની ઉજવણી ક્યારથી કરવામાં આવે છે ?
- ૨૦૧૫ થી

(૩) કે– ૯ વજ તોપ કયાં તૈયાર થઇ છે ?
- સુરતમાં (હજીરા)

(૪) કે–૯ વજ તોપ કઇ કંપની દ્વારા તૈયાર કરવામાં આવી છે ?
- એલ એન્ડ ટી

(૫) કેન્દ્રિય ખેલ પ્રધાનનું નામ જણાવો ?
- રાજ્યવર્ધન સિંહ રાઠોડ

(૬) રગ્બી વર્લ્ડકપ–૨૦૧૯નું આયોજન કયાં થશે ?
- જાપાન

(૭) પછાત વર્ગ આયોગની રચના કયાં વર્ષમાં થઇ હતી ?
- ૧૯૯૩

(૮) ઇન્દ્રા નૂઈએ કઇ કંપનીના સીઈઓ પદેથી રાજીનામું આપ્યું ?
- પેપ્સિકો

(૯) ઇન્દ્રા નૂઇ બાદ પેપ્સિકોના સીઇઓ કોણ બનશે ?
- રોમોન લગૂર્ટા

(૧૦) ઇન્દ્રા નૂઇનો જન્મ કયાં થયો હતો ?
- ચેન્નઇમાં

(૧૧) ઇન્દ્રા નૂઈને ૨૦૦૭માં કયાં સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા હતા ?
- પદ્મભૂષણથી

(૧૨) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ જણાવો ?
- રાજેન્દ્ર ત્રિવેદી

(૧૩) અખિલ ભારતીય વિધાન મંડળોની પરિષદની સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિયુક્ત થનાર ગુજરાતીનું નામ જણાવો ?
- રાજેન્દ્ર ત્રિવેદી

(૧૪) ગુજરાતની મહિલાઓને ઝડપી અને સચોટ સુરક્ષા સેવા માટેની કઇ એપ લોન્ચ કરવામાં આવી ?
- ૧૮૧ અભયમ્ મોબાઇલ એપ

(૧૫) વિમેન્સસ હૉકી વર્લ્ડકપ–૨૦૧૮ વિજેતા ટીમ જણાવો ?
- નેધરલેન્ડ

## 8.August 2018

**(૧) આંધ્રપ્રદેશમાં વિશ્વના પ્રથમ થર્મલ બેટરી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન**

- આંધ્રપ્રદેશમાં વિશ્વના થર્મલ બેટરી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- રાજ્યના મુખ્યપ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ દ્વારા ઉદ્‌ઘાટન આ પ્લાન્ટને ખુલ્લો મૂકવામાં આવ્યો.
- આ પ્લાન્ટનું નિર્માણ ભારત એનર્જી સ્ટોરેજ ટેક્નોલોજી પ્રાઇવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- પ્લાન્ટના નિર્માણનો મુખ્ય હેતુ બેટરી ઉર્જા ઉત્પાદનના નવીનીકરણીય સ્રોતોને પ્રોત્સાહન આપવા અને અશ્મિભૂત ઇંધણ આધારિત ઊર્જા ઉત્પાદન પર નિર્ભરતા ઘટાડવાનો છે.

આંધ્રપ્રદેશ મુખ્યમાહિતી :

રાજધાની– હૈદરાબાદ

મુખ્યપ્રધાન – એન. ચંદ્રબાબુ નાયડુ

રાજયપાલ – ઇ.એસ.એલ નરસિંહમન

**(૨) કરૂણાનિધિનું નિધન :**

- તમિલનાડુના દિગ્ગજ નેતા એમ. કરૂણાનિધિનું ૭ ઓગસ્ટના રોજ નિધન થયું.
- દેશમાં ૧ દિવસનો, તમિલનાડુમાં ૭ દિવસનો શોક જાહેર કરાયો છે.
- તેમનો જન્મ ૩ જૂન ૧૯૨૪થાં થિરુક્કુવાલાઇ ગામમાં એક દલિત પરિવારમાં થયો હતો.
- તેઓ જાતિવાદ અને સામાજિક ભેદભાવ વિરૂદ્ધ સંઘર્ષ કરનારા સામાજિક સુધારવાદી નેતા પેરિયાર અને તમિલનાડુના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી અન્ના દુરાઇના સમર્થક હતા.
- કરૂણાનિધિ માત્ર ૧૪ વર્ષની વયે હિન્દી વિરોધી આંદોલન દ્વારા રાજકારણમાં આવ્યા હતા.
- તેઓ તમિલ ફિલ્મો માટેની સ્કીપ્ટ પણ લખતા હતા.
- ૧૯૫૭માં પહેલી ચૂંટણી જીત્યા ૧૯૬૯માં પહેલી વખત સીએમ બન્યા ૧૯૫૭માં કરૂણાનિધિએ કુલિથાલાઇ વિધાનસભા બેઠક પરથી પહેલી ચૂંટણી જીતી.
- તે ૧૯૬૨માં વિપક્ષના ઉપનેતા બન્યા.
- વર્ષ ૧૯૬૭માં ડીએમકે સત્તા પર આવી ત્યારે તેમને જાહેરકાર્ય મંત્રી બનાવાયા.
- તેઓ તમિલનાડુના ૫ વખત મુખ્યમંત્રી તરીકે સેવા કરી ચૂક્યાં છે.

**તમિળનાડુ મુખ્યમાહિતી :**

- રાજધાની : ચેન્નાઇ
- મુખ્યપ્રધાન : કે. પલાનીસામી
- રાજયપાલ : બનવારીલાલ પુરોહિત

**(૩) સરકારે ૧૬૫ દેશોએ ઇ–વિઝા સુવિધા પુરી પાડી :**

- પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે, સરકારે ૨૫ હવાઇમથકો અને ૫ બંદરો પર ૧૬૫ દેશોના નાગરીકો માટે ઇ– વિઝા સુવિધામાં વધારો કર્યો છે

- સરકારે 'ઇનક્રેડિબલ ઇન્ડિયા' અભિયાન શરૂ કર્યું છે જે સામાન્ય પ્રચાર સાથે બજાર– વિશિષ્ટ પ્રમોશનલ યોજનાઓના ફેરફારોને દર્શાવે છે.
- આ પ્રયત્નોના ભાગરૂપે 24x7 ટોલ ફ્રી પ્રવાસી હેલ્પલાઇનની શરૂ કરવામાં આવી છે.

પ્રશ્નો :

(૧) ક્યાં રાજ્યમાં વિશ્વના પ્રથમ થર્મલ બેટરી પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ?
- આંધ્રપ્રદેશ

(૨) વિશ્વના પ્રથમ થર્મલ બેટરી પ્લાન્ટનું નિર્માણ કઇ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ?
- ભારત એનર્જી સ્ટોરેજ ટેકનોલોજી પ્રા. લિમિટેડ

(૩) આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન જણાવો ?
- એન. ચંદ્રબાબુ નાયડુ

(૪) એમ. કરૂણાનિધિનો જન્મ ક્યાં થયો હતો ?
- થીરૂક્કુવાલાઇ ગામમાં

(૫) એમ.કરૂનાનિધિ તમિલનાડુમાં કેટલી વખત મુખ્યમંત્રી તરીકે સેવા કરી ચૂક્યાં છે ?
- ૫

(૬) તમિલનાડુના મુખ્યપ્રધાનનું નામ જણાવો ?
- કે. પલાનીસામી

(૭) પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકારે કયું અભિયાન શરૂ કર્યું ?
- 'ઇનક્રેડિબલ ઇન્ડિયા'

## 9.August 2018

**(૧) આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ :**

- દર વર્ષે ૯ ઓગસ્ટના U.N. દ્વારા આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ મનાવવામાં આવે છે.
- U.N. દ્વારા ૧૯૯૩ ના વર્ષને આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ તરીકે ઉજવાયું હતું.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો.

- વનબંધુ કલ્યાણ યોજના : આદિજાતિ વિકાસ માટે રૂા. ૮૨,૦૦૦ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઇઓનો સંઘન અમલ : આદિજાતિ સમાજને જંગલી જળ જમીન અને ગૌણ
- વન પેદાશોના એકત્રીકરણના અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ.
- ગુણવત્તાસભાર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય શાળાઓ : ૩૦,૧૭૨ વિદ્યાર્થિઓને શિક્ષણની સુવિધાઓ
- આદિજાતી વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિસ્સા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે.
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી વિશેના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૪૦ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે.
- સમરસ હોસ્ટેલ : છ મહાનગરોમાં કોલેજકક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦, ૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- મેડીકલ / ઇજનેર અભ્યાસ માટે આદિજાતિના ૫૮૬૬ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગ : ચાલુ વર્ષમાં ૧,૧૮૧ વિદ્યાર્થીઓ મેડીકલ પ્રવેશ માટે પાત્ર

**(૨) ગુગલે નવી ઓપરેટીંગ સિસ્ટમ એન્ડ્રોઇડ ૯ પાઇ લોન્ચ કરી.**

- ગુગલે નવી ઓપરેટીંગ સિસ્ટમ એન્ડ્રોઇડ ૯ પાઇ લોન્ચ કરી.
- ઓપરેટીંગ સિસ્ટમમાં અનેક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફીચર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેનું બિટા વર્ઝન એન્ડ્રોઇડ વન– ડિવાઇસ તથા ગુગલ પીક્સલ ડિવાઇસ માટે જારી કરવામાં આવ્યું છે.
- આ વર્ષના અંત સુધીમાં તેનું અપડેટ વર્ઝન લોન્ચ કરવામાં આવશે. એન્ડ્રોઇડ યુઝર્સ ૨૦૧૮ના અંત સુધીમાં તેનો ઉપયોગ કરી શકશે.

ગુગલ મુખ્યમાહિતી :

- સ્થાપના : ૧૯૯૮
- સ્થાપક : લેરી પેજ
- સીઇઓ : સુંદર પિચાઇ

**(૩) ગુગલે ડૂડલના માધ્યમથી પૂર્વ ક્રિકેટર દિલીપ સરદેસાઇને યાદ કર્યા :**

- વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લેન્ડમાં ભારતના પ્રથમ વિજયના સૂત્રધારોમાં રહેલા પૂર્વ ટેસ્ટ ક્રિકેટર દિલીપ સરદેસાઇના ૭૮માં જન્મદિવસ સર્ચ એન્જિન ગૂગલે ૮ ઓગસ્ટ ડૂડલ બનાવીને તેમને યાદ કર્યા હતા.
- ૮ ઓગસ્ટ – ૧૯૪૦ના રોજ જન્મેલા સરદેસાઇને સ્પિન બોલિંગ સામે ભારતના સર્વકાલિન બેટ્સમેન માનવામાં આવે છે.
- ભારત તરફથી ૩૦ ટેસ્ટ મેચમાં તેમણે ૫ સદી અને ૯ અડધી સદીની મદદથી કુલ ૨૦૦૧ રન બનાવ્યા છે, જેમાં એક બેવડી સદીનો પણ સમાવેશ થાય છે.
- તેમણે કુલ ૧૭૯ મેચમાં, ૧૦,૨૩૦ રન બનાવ્યા છે, જેમાં ૨૫ સદી અને ૫૬ અડધી સદી છે.

**(૪) નીતિ આયોગ અને સીઆઇઆઇએ સતત વિકાસના લક્ષ્યાંક માટે ભાગીદારી કરી.**

- ભારતીય ઉદ્યોગ પરિસંઘ (સીઆઇઆઇ) અને નીતિ આયોગે ત્રણ વર્ષ માટે સતત વિકાસના ધ્યેયો માટે ભાગીદારી કરી.

- આ સંદર્ભમાં એક સમજૂતીપત્ર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- સીઆઇઆઇએ 'અસડીજીને હાંસલ કરવા માટે સમગ્ર વિશ્વ માટે ભારતીય સોલ્યુશન 'નામનો રિપોર્ટ રજૂ કર્યો.
- સીઆઇઆઇ ૨૦૧૮-૧૯ની થીમ ' ભારત કા અભ્યુદય' ઉત્તરદાયી, સમાવેશી'

**નીતિપંચ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧ જાન્યુઆરી, ૨૦૧૫ આયોજન પંચની જગ્યાએ
- ઉપપ્રમુખ : રાજીવકુમાર
- સીઇઓ : અમિતાભ કાન્ત
- સતત વિકાસના ધ્યેયો : ધ્યેયો યુનાઇટેડ નેશન્સ દ્વારા બનાવવામાં આવ્યા છે. આ લક્ષ્ય ૨૦૧૫ થી ૨૦૩૦ સુધી ચાલશે. તે ધ્યેયો માટે ૧૭ ગોલ અને ૧૬૯ વિશિષ્ટ ગોલ છે.

**(૫) ભારતીય પુરૂષોની હોકી ટીમ ૫ માં ક્રમે :**

- ચેમ્પિયન્સ ટ્રોફીમાં રજતચંદ્રક જીત્યા બાદ ભારતીય પુરૂષોની હોકી ટીમે આંતરરાષ્ટ્રીય હૉકી ફેડરેશનના રેન્કિંગમાં પાંચમાં સ્થાને પહોંચી.
- નેધરલેન્ડમાં ગયા મહિને ઓસ્ટ્રેલિયા સાથે ના મુકાબલામાં સેમી ફાઇનલમાં પેનલ્ટી શૂટઆઉટમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પાડ્યો હતો.
- ઓસ્ટ્રેલિયન ટીમ ટોચ પર છે. બીજા સ્થાને અર્જેન્ટીના, બેલ્જિયમ ત્રીજા સ્થાને અને નેધરલેન્ડ ચોથા સ્થાને રહે છે.

**આંતરરાષ્ટ્રીય હૉકી ફેડરેશન મુખ્ય માહિતિ**

- આરબીઆઇ બોર્ડમાં ગુરૂમૂર્તિની નિમણૂક કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકારે રીઝર્વ બેન્ક ઇન્ડિયા (આરબીઆઇ) ના કેન્દ્રિય બોર્ડના ડિરેક્ટર તરીકે સ્વામિનાથન ગુરૂમૂર્તિ અને સતિષ કાશીનાથ મરાઠે તરીકે નિમણૂક કરી છે.
- કેબિનેટ નિમણૂકની સમિતિ મૂજબ, નવી નિમણૂક ચાર વર્ષ માટે કરવામાં આવી છે.
- સ્વામિનાથન ગુરૂમૂર્તિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને સ્વદેશી જાગૃત મંચના સહ – સંયોજક છે.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) મુખ્ય માહિતી :

સ્થાપના : ૧ એપ્રિલ ૧૯૩૫

હેડક્વાર્ટ્ર : મુંબઇ

ગવર્નર : ઉર્જિત પટેલ

પ્રશ્નો :

૧ ૯ ઓગષ્ટના રોજ યુ.એન. દ્વારા કયો દિવસ મનાવવામાં આવે છે ?
- આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ

૨ યુ.એન. દ્વારા કયા વર્ષને આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ તરીકે ઉજવાયું હતું ?
- ૧૯૯૩ ના

૩ તાજેતરમાં ગુગલે કઇ નવી ઓપરેટીંગ સિસ્ટમ લોન્ચ કરી ?
- એન્ડ્રોઇડ ૯ પાઇ

૪ એન્ડ્રોઇડ ૯ પાઇનું અપડેટ વર્ઝન ક્યારે લોન્ચ કરવામાં આવશે ?
- વર્ષ ૨૦૧૮ના અંતમાં

૫ ગુગલના સીઇઓ જણાવો ?
- સુંદર પિચાઇ

૬ દિલીપ સરદેસાઇ કઇ રમત સાથે સંકળાયેલ છે?
- ક્રિકેટર

૭ કયાં બેટ્સમેનને સ્પિન બોલિંગ સામે ભારતના સર્વકાલિન બેટ્સમેન માનવામાં આવે છે ?
- દિલીપ સરદેસાઇ

૮ સીઆઇઆઇ ૨૦૧૮-૧૯ ની થીમ જણાવો ?
- 'ભારત કા અભ્યુદય : ઉતરાદાયી, સમાવેશી'

૯ નીતિ આયોગના સીઇઓ જણાવો ?
- અમિતાભ કાન્ત

૧૦ ભારતીય પુરૂષોની હોકી ટીમે આંતરરાષ્ટ્રીય હૉકી ફેડરેશનના રેન્કિંગમાં કયાં સ્થાને પહોંચી ?
- પાંચમા

૧૧ કેન્દ્ર સરકારે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ના કેન્દ્રિય બોર્ડના ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરી છે ?
- સ્વામિનાથન ગુરૂમૂર્તિ અને સતિષ કાશીનાથ મરાઠે

૧૨ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનું હેડક્વાર્ટર કયાં આવેલ છે ?
- મુંબઇ

## 10.August 2018

**(૧) વિશ્વ સિંહ દિવસ :**

- વિશ્વના મોટાભાગના દેશોમાં ૧૦ ઓગષ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ગુજરાતમાં સૌરાષ્ટ્રના ૧૪ હજાર ચો.કી.મી.ના વિસ્તારમાં સાવજો વિસરી રહ્યાં છે.
- સિંહોની સૌપ્રથમ વ્યવસ્થિત વસતિ ગણતરી ૧૯૩૬ માં કરવામાં આવી હતી. જેમાં ૨૮૭ સિંહો નોંધવામાં આવ્યા હતા.
- છેલ્લે ૨૦૧૫ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં સિંહની સંખ્યા ૫૨૩ એ પહોંચી હતી. સિંહની વસતિ ગણતરી દર પાંચ વર્ષે થાય છે.

**(૨) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ :**

- દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ ઉજવણી થાય છે.

- આ દિવસે તમામ સ્કૂલ અને આંગણવાડી કેન્દ્રોમાં ૧ થી ૧૯ વર્ષના બધા બાળકોને કૃમિ નિયંત્રણની દવા મફત ખવડાવવામાં આવે છે.

**(૩) બાયો – ઇંધણ દિવસ :**

- પરંપરાગત અશ્મિભૂત ઇંધણના અવેજી તરીકે, બિન અશ્મિભૂત ઇંધણના મહત્વ વિશે જાગરૂકતા વધારવાના હેતુ સાથે દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ બાયો – ઇંધણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સરકારે જૂન – ૨૦૧૮માં નેશનલ બાયોફ્યૂલ્સ નીતિ – ૨૦૧૮ને મંજૂરી આપી છે. આ નીતિનો ધ્યેય – ૨૦૩૦ સુધી ૨૦% ઇથેનોલ અને ૫% બાયોડિઝલને ભેળવવાનું છે.

**(૪) કાંચનજંગા બાયોસ્ફિયર રિઝર્વ યુનેસ્કોના વર્લ્ડ નેટવર્કમાં જોડાયું ?**

- કાંચનજંઘા બાયોસ્ફિયર રિઝર્વ ભારતનું ૧૧ મું બાયોસ્ફિયર રિઝર્વ ભારતનું ૧૧ મું બાયોસ્ફિયર રિઝર્વ બની ગયું છે, જે યુનેસ્કોના વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વમાં સામેલ થયું છે.
- સિક્કિમમાં આવેલું કાંચનજંઘા બાયોસ્ફિયર રિઝર્વ વિશ્વનું ઉચ્ચતમ બાયોસ્ફિયર છે.
- અન્ય ભારતીય બાયોસ્ફિયર રીઝર્વ વિશ્વનું ઉચ્ચતમ બાયોસ્ફિયર છે.
- અન્ય ભારતીય બાયોસ્ફિયર રિઝર્વ નિલગીરી, ગલ્ફ ઓફ મન્નાર, સુંદરવન, નંદાદેવી, નોકરેક, પંચમઢી, સિમલિપલ, આચાકરમર– અમરકાન્તક, ગ્રેટ નિકોબાર અને અગાથામલાલ.

સિક્કિમ મુખ્યમાહિતી :

- રાજધાની – ગંગટોક
- મુખ્યપ્રધાન : પવન ચામલિંગ
- ગવર્નર – શ્રીનિવાસ પાટિલ

**(૫) હરિવંશ રાજ્યસભાના નાયબ અધ્યક્ષ :**

- રાજ્યસભામાં જદયુના સાંસદ હરિવંશ રાજ્યસભાના નાયબ અધ્યક્ષ તરીકે ચૂંટાઇ આવ્યા.
- જદયુના ઉમેદવાર હરિવંશને ૧૨૫ જ્યારે વિપક્ષના સંયુક્ત ઉમેદવાર બી.કે. હરિપ્રસાદને ૧૦૧ મત મળ્યા હતા.
- ૨૪૪ સભ્યો વાળા ગૃહમાં ૨૩૨ સભ્યોએ મતદાન કર્યું હતું. આથી જીત માટે ૧૧૭ મતની જરૂર હતી.
- ૬૨ વર્ષીય હરિવંશ જદયુમાંથી રાજ્યસભામાં ગયા છે.
- રાજ્યસભામાં અત્યાર સુધી કોંગ્રેસની બહુમતી હતી. ૧૯૭૭ થી રાજ્યસભાનું ઉપાધ્યક્ષપદ હતું.
- કોંગ્રેસના પી.જે. કુરિયન ગયા મહિને નિવૃત્ત થતાં આ પદ માટે ચૂંટણી યોજવાની ફરજ પડી હતી.

રાજ્ય સભા મુખ્ય માહિતી :

- કાયમી અને ઉપલું સભા
- કાર્યકાળ – ૬ વર્ષ
- સભ્ય : ૨૫૨ (વર્તમાન – ૨૪૫)
- અધ્યક્ષ : વૈકૈંયા નાયડુ

**(૬) 'રાષ્ટ્રીય રેલ સુરક્ષા કોષ'**

- નાણાં પ્રધાને ૨૦૧૭–૧૮ ના બજેટ પ્રવચનમાં નવીનીકરણ, સંબંધિત સુરક્ષા પ્રવૃત્તિઓ માટે 'રાષ્ટ્રીય રેલ સુરક્ષા કોર્ષ' (આરઆરએસકે) ની શરૂઆત કરી.
- આ માટે ૫ વર્ષ માટે રૂા. ૧ લાખ કરોડની રકમ રાખવામાં આવી છે.

**(૭) એસબીઆઇએ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મોપેડ લોન્ચ કર્યું :**

- સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) એ ૮ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ મોપેડ (મલ્ટી ઓપ્શન પેમેન્ટ એક્સેસીબલ ડિવાઇસ) નામની ડિજિટલ પહેલ શરૂ કરી. છે.
- તે ગ્રાહકોને પાઇન્ટ ઓફ સેલ (પી.ઓ.એસ) ટર્મિનલ પર કાર્ડ, ભારત QR, UPI અને SBI બડી (ઇ વૉલેટ) મારફતે ચૂકવણી કરવા માટે સક્ષમ બનાવશે.
- તે ગ્રાહકોને ડિજિટલ સુવિધા પણ આપશે.

**સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૦૧ જુલાઇ, ૧૯૫૫
- હેડક્વાર્ટર : મુંબઇ
- અધ્યક્ષ : રજનીશ કુમાર

**(૮) નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ : ચાર વિશેષ બટાલિયનોને મંજૂરી :**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ કેબિનેટ કમિટીએ ભારતમાં આપત્તિ રાહતને મજબૂત કરવા નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે ની નવી ચાર બટાલિયનો બનાવવાની મંજૂરી આપી છે.
- આ ચાર બટાલિયનો પ્રારંભિક રીતે ઇન્ડો – તિબેટીયન બોર્ડર પોલીસ (આઇટીબીપી) માં બે બટાલિયન્સ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને આસામ રાઇફલ્સ (એઆર) માં એક એક બટાલિયન તૈયાર કરવામાં આવશે.

**નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ મુખ્યમાહિતી :**

- નેશનલ ડિઝાસ્ટર રિડ્રેસલ ફોર્સ એ એક વિશેષ જૂથ છે જેની રચના વર્ષ ૨૦૦૬ માં થઇ હતી. તેની રચના ઉદ્દેશ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓની સ્થિતિનો સામનો કરવા માટેના ખાસ પ્રયત્નો કરવા માટે છે. હાલ ૧૨ બટાલિયન કાર્યરત છે.
- ઇન્ડો – તિબેટિયન બોર્ડર પોલીસ મુખ્યમાહિતી :
  સ્થાપના – ૨૪ ઓક્ટોબર – ૧૯૬૨
  કાર્ય : ભારત નેપાળ ચીન સરહદ સંરક્ષણ

**બોર્ડર સિક્યુરીટી ફોર્સ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧ ડિસેમ્બર ૧૯૬૫
- કાર્ય – ભારતની આંતરરાષ્ટ્રીય સરહદની કામગીરી (ખાસ ભારત પાકિસ્તાન સરહદ)

**આસામ રાઇફલ્સ મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૧૮૩૫

Vivekanand Academy Gandhinagar

- તેને 'પર્વતીય લોકોના મિત્ર' કહેવામાં આવે છે.

**(૯) સુપ્રીમ કોર્ટે બીસીસીઆઇના બંધારણીય મુસદ્દાને મંજુરી આપી :**

- સુપ્રીમ કોર્ટે લોઢા સમિતિની ભલામણો પર આધારિત બીસીસીઆઇના નવા બંધારણને કેટલાક મહત્વનાં ફેરફાર સાથે મંજૂરી આપી દીધી છે.
- મહારાષ્ટ્ર અને ગુજર)તમાં રહેલા તમામ એસોસિએશનનું બીસીસીઆઇમાં સંપૂર્ણ સભ્યપદ યથાવત રહેશે.
- ગુજરાતમાં ગુજરાત ક્રિકેટ એસોસિયેશન ઉપરાંત સૌરાષ્ટ્ર અને બરોડા ક્રિકેટ એસોસિએશન છે.
- જ્યારે મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન ઉપરાંત મુંબઇ અને વિદર્ભ એસોસિયેશન પણ છે.
- આ એસોસિયેશન ઉપરાંત અન્ય અધિકારીઓને પણ રાહત મળી છે. હવે સતત બે કાર્યકાળ બાદ 'કૂલિંગ ઓફ પીરિયડ જરૂર પડશે.
- હવે કોઇ અધિકારી રાજ્યમાં કે બીસીસીઆઇમાં કે બંને મળીને સતત ૬ વર્ષ સુધી પદ પર રહી શકે છે.

બીસીસીઆઇ (બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ) મુખ્યમાહિતી :

- સ્થાપના : ડિસેમ્બર ૧૯૨૮
- અધ્યક્ષ : સી.કે. ખન્ના
- સીઇઓ : રાહુલ જોહરી
- સચિવ : અમિતાભ ચૌધરી

પ્રશ્નો :

(૧) વિશ્વ સિંહ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ

(૨) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
- દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ

(૩) રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસની ઉજવણી ભારત સરકારનાં કયાં મંત્રાલય દ્વારા કરવામાં આવે છે ?
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા

(૪) વિશ્વ બાયો- ઇંધણ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ

(૫) કાંચનજંગા બાયોસ્ફિયર રિઝર્વ ભારતનું કેટલામું બાયોસ્ફિયર રિઝર્વ બન્યું ?
- ૧૧ મું

(૬) રાજ્યસભાના નાયબ અધ્યક્ષ જણાવો ?
- હરિવંશ

(૭) રાજ્યસભાના અધ્યક્ષ જણાવો ?
- વૈંકેયા નાયડુ

(૮) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ જુલાઇ ૧૯૫૫

(૯) નેશનલ ડિઝાસ્ટર રિડ્રેસલ ફોર્સની રચના ક્યારે થઇ હતી ?
- ૨૦૦૬

(૧૦) બીસીસીઆઇના અધ્યક્ષ જણાવો ?
- સી.કે. ખન્ના

## 11.August 2018

**(૧) UN ના રેડિયો અને સોશિયલ મીડિયામાં હિન્દી શરૂ :**

- સંયુક્ત રાષ્ટ્રના રેડિયો અને સોશિયલ મીડિયામાં પ્લેટફોર્મ પર હિન્દીએ તેની હાજરી નોંધાવી છે.
- યુએને ટ્વિટર અને ફેસબુક પર હિન્દી એકાઉન્ટ અને રેડિયો પર હિન્દીમાં સાપ્તાહિક કાર્યક્રમ શરૂ કર્યો છે ?
- યુએનની વેબસાઇટ પર પણ મુખ્ય દસ્તાવેજ હિન્દીમાં આવી ગયા છે.
- વિશ્વ હિન્દી દિવસ – ૧૦ જાન્યુઆરી
- રાષ્ટ્રીય હિન્દી દિવસ : ૧૪ સપ્ટેમ્બર

યુ.એન. મુખ્યમાહિતી :

- યુનાઇટેડ નેશન્સ
- સ્થાપના : ૧૯૪૫
- મુખ્યાલય : ન્યુયોર્ક

**(૨) બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ–નિગમની કલ્યાણકારી યોજનાઓ :**

- રાજ્ય સરકાર દ્વારા સપ્ટેમ્બર–૨૦૧૭માં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ નિગમની સ્થાપના કરવામાં આવી હતી.
- સરકારે ૫૨ જ્ઞાતિના દોઢ કરોડ નાગરિકોને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક અને રોજગારી સહાય માટેની યોજનાઓ અમલમાં મૂકી છે.
- આ માટે વર્ષ ૨૦૧૮–૧૯ માટે રૂા. ૭ કરોડની નાણાંકીય જોગવાઇ કરી છે.
- આઠ યોજનાઓ પૈકી સાત યોજનાઓનો લાભ લેવા માટે પરિવારની વાર્ષિક આવક મર્યાદા રૂા. ત્રણ લાખ અને વિદેશ અભ્યાસ લોનનો લાભ લેવા માટે વાર્ષિક આવક રૂા. સાડા ચાર લાખની મર્યાદા રાખી છે.
- યોજનાઓનો અમલ ચાલુ વર્ષ થી રહેશે અને તેના ઓનલાઇન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતા હજુ ત્રણ સપ્તાહ થશે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કે બિનઅનામત આર્થિક નિગમ પૈકી કોઇ એક યોજનાનો લાભ લઇ શકાશે.
- ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ નિગમ – અધ્યક્ષ બાબુભાઇ ઘોડાસરા

**મંજૂર થયેલ આઠ યોજનાઓ :**

**(૧) શૈક્ષણિક યોજના :**

- આ યોજના હેઠળ બીબીએ, બીકોમ, બીએસસી, બી.એ. જેવા જનરલ અભ્યાસક્રમો સિવાય સ્વનિર્ભર મેડિકલ અભ્યાસક્રમ માટે ૧૦ લાખ સુધીની લોન ૪% ના વ્યાજે મળશે.



Vivekanand Academy Gandhinagar

**(૨) વિદેશ અભ્યાસ લોન :**

- ધો.૧૨ પછીના એમબીબીએસ, ડિપ્લો, ડિગ્રી માટે, અનુસ્થાનતક, રિસર્ચ, ટેકનિકલ, પેરામેડીકલ વ્યાવસાયિક કોર્સ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે રૂ. ૧૫ લાખની લોન ચાર ટકાના સાદા વ્યાજથી મળશે એટલે કે બેન્કો દ્વારા અપાતી શૈક્ષણિક લોનમાં વ્યાજનો દર ૧૨ થી ૧૪ ટકા હોય છે.
- આ યોજનાથી અંદાજે ૫ હજાર વિદ્યાર્થીઓને ફાયદો થશે.

**(૩) ભોજન બિલ સહાય :**

- મેડીકલ – પેરામેડીકલ, ટેકનિકલ કોર્સ માટે રહેઠાણના તાલુકાથી દૂર અભ્યાસ કરતા હોય તેવા સરકારી ગ્રાન્ટેડ સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૦ મહિના માટે માસિક રૂ. ૧૨૦૦ લેખે ભોજન બિલ સહાય.

**(૪) ટ્યુશન સહાય**

- ધો. ૧૧-૧૨ સાયન્સમાં દર વર્ષે વાર્ષિક રૂ. ૧૫ હજાર ટ્યૂશન ફી રૂપે પ્રોત્સાહક સહાય અપાશે.
- કોઇપણ સમાજ, ટ્રસ્ટ, સંસ્થા સંચાલિત ટ્યૂશન ક્લાસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય મળશે.

**(૫) JEE ગુજકેટ, નીટ માટે સહાય**

- ધો. ૧૨ સાયન્સ પછીના વ્યવસાયિક કોર્સ માટે લેવાતી જેઇઇ, ગુજકેટ, નીટના કોચિંગ માટે વાર્ષિક રૂ. ૨૦ હજાર અથવા કોચિંગની ફી પૈકી જે ઓછું હોય તેટલી સહાય અપાશે.

**(૬) UPSC, GPSC સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ :**

- વર્ગ ૧ થી ૩ માટે, ગૌણ સેવા, પંચાયત સેવા તથા રેલવે, બેંકમાં થતી ભરતી પરીક્ષા માટે માન્યતા, પસંદ કરેલ સંસ્થાઓમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ દીઠ રૂ. ૨૦ હજાર અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર રહેશે.

**(૭) સ્વરોજગારી યોજનાઓ :**

- રિક્ષા, લોડિંગ રિક્ષા, મારૂતિ ઇકો, જીપ- ટેક્સી વગેરે સ્વરોજગાર વાહનો ઉપરાંત ટ્રાવેલર્સ, ફૂડ કોર્ટ માટે ઓનરોડ યુનિટ કોસ્ટ, કરિયાણા, મેડિકલ સ્ટોર જેવા વ્યવસાય માટે રૂ. ૧૦ લાખ સુધી અથવા થનાર ખર્ચ પૈકી જે ઓછું હોય તે પેટે પાંચ ટકાના સાદા વ્યાજે લોન મળશે.
- મહિલાઓ માટે ચાર ટકાના સાદા વ્યાજે લોન મળશે. આ યોજનાનો લાભ સૌથી વધારે લોકો લેશે.

**(૮) વ્યાજ સહાય**

- તબીબી, એડ્વોકેટ, ટેકનિકલ સ્નાતક માટે ક્લિનિક, લેબોરેટરી, રેડિયોલોજી ક્લિનિક કે ઓફિસ શરૂ કરવા માટે બેંકમાંથી લીધેલ રૂ. ૧૦ લાખની લોનના પાંચ ટકા વ્યાજ સહાય અપાશે.

**(૩) એસબીઆઇ દુનિયાની ટોપ ૫૩ બેન્કોમાં સામેલ :**

- SBI દુનિયાની ટોપ બેન્કોની શ્રેણીમાં ૫૩ માં ક્રમે પહોંચી ગઇ છે.
- ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ મેગેઝિન 'ધ બેન્કર' ના જુલાઇ અંકમાં આ માહિતી અપાઇ છે.
- SBI ની ૨૨,૪૧૪ શાખામાં ૧,૫૬,૯૬૪ કર્મચારી, ૧,૦૭,૦૭૭ અધિકારી છે.

સ્થાપના : ૧ જુલાઇ ૧૯૫૫
હેડક્વાર્ટર : મુંબઇ
અધ્યક્ષ : રજનીશ કુમાર

**(૪) એશિયન ગેમ્સ – નીરજ ચોપડા ભારતીય ટીમનો ધ્વજ વાહક :**

- ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડાલિસ્ટ અને જુનિયર વર્લ્ડ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપડા ૧૮ મી એશિયન ગેમ્સમાં ૫૭૨ સભ્યોની ભારતીય ટીમનો ધ્વજવાહક હતા.
- ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમબાંગમાં ૧૮ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી એશિયન ગેમ્સ રમાશે.
- ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ નરિન્દર બત્રાએ આ જાહેરાત કરી હતી.

ઇન્ડોનેશિયા મુખ્યમાહિતી :

- રાજધાની : જકાર્તા
- રાષ્ટ્રપતિ – જોકો વિડોડો

**(૫) વાઇબ્રન્ટ-૨૦૧૯ 'શેપિંગ અ ન્યૂ ઇન્ડિયા' ની થીમ પર યોજાશે.**

- ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં વાઇબ્રન્ટ સમિટ -૨૦૧૯ ની એડ્વાઇઝરી કમિટીની પ્રથમ બેઠક મળી હતી.
- આ વખતે તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન યોજનાર વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૯ 'શેપિંગ અ ન્યૂ ઇન્ડિયા' ની થીમ પર યોજાશે.
- વડાપ્રધાન મોદીની સંકલ્પનાના ભારત નિર્માણમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટના એપ્રોચ સાથે ગુજરાત આ સમિટથી યોગદાન આપવા પ્રતિબદ્ધ છે.
- વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, વિદેશ મંત્રાલય, વિવિધ રાષ્ટ્રોની એમ્બેસીઝ, ઉદ્યોગ – વેપારને લગતા સંગઠનો તમામનો સહયોગ મેળવીને ગુજરાતના વિકાસને વધુ વેગ આપવામાં આવશે.
- આ વખતે વાઇબ્રન્ટ સમિટમાં મેડિકલ ટૂરિઝમ અને હેલ્થકેરને પ્રમોટ કરાશે.

**વાઇબ્રન્ટ સમિટ મુખ્યમાહિતી :**

- શરૂઆત ૨૦03થી નરેન્દ્ર મોદી દ્વારા
- દર બે વર્ષે આયોજન
- વાઇબ્રન્ટ સમિટનો પ્રારંભ વર્ષ ૨૦03 થી થયો હતો

Vivekanand Academy Gandhinagar

- પ્રથમ વાઇબ્રન્ટ સમિટ ૨૮ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર ૨૦૦૩ દરમિયાન યોજાઇ હતી.
- ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ તત્કાલીન નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણી દ્વારા તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

**(૬) મોનસૂન સત્ર સમાપ્ત :**

- ૧૮ જુલાઇએ શરૂ થયેલ સંસદનું મોન્સૂન સત્ર ૧૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ પુરૂ થયું.
- ૨૪ દિવસનું સત્ર લોકસભામાં કામકાજની દ્રષ્ટિએ વર્ષ ૨૦૦૦ બાદ સૌથી વધુ પ્રોડક્ટિવિટીવાળું મોનસૂન સત્ર રહ્યું છે.
- ૧૮ વર્ષમાં લોકસભામાં આ મોનસૂન સત્ર દરમિયાન સૌથી વધુ કામકાજ થયું.
- આ દરમિયાન સંસદમાં કુલ ૨૧ બિલ રજૂ થયાં, જેમાંથી બંને ગૃહોમાં ૧૨ બિલ પાસ થયાં.
- આ સત્રમાં લોકસભાની પ્રોડક્ટિવટી ૧૧૦ % અને રાજ્યસભાની ૬૬% રહી.
- લોકસભામાં ૫૦% અને રાજ્યસભામાં ૪૮% સમય કાયદા સંબંધિત કામકાજમાં પૂર થયો.
- ૧૬ મી લોકસભામાં બંને ગૃહોનું આ કામકાજ ૨૦૦૪ બાદ બીજા ક્રમે છે, આ વખતે ફક્ત ૨૬% બિલ સંસદીય સમિતિઓ પાસે મોકલાયાં છે.
- ૧૫ મી લોકસભામાં ૭૧% અને ૧૪મી લોકસભામાં ૬૦% બિલ સમિતિઓ પાસે મોકલાયાં હતાં.
- મોનસૂન સત્રમાં સૌથી મહત્વપૂર્ણ એસસી – એસટી એક્ટ અને ભાગેડુ (સુધારા) બિલ પાસ થયાં.

**(૭) રેખા શર્મા નેશનલ મહિલા આયોગના અધ્યક્ષ બન્યા. :**

- રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય રેખા શર્માની રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી.
- ગયા વર્ષે સપ્ટેમ્બરમાં લલિતા કુમાર મંગલમએ પદ છોડ્યા બાદ રેખા શર્મા આયોગના ચેરમેનના કાર્યભાર સંભાળતા હતા.

રાષ્ટ્રીય મહિલા કમિશન મુખ્યમાહિતી :

- ૧૯૯૦ના અધિનિયમ હેઠળ જાન્યુઆર ૧૯૯૨ માં રચવામાં આવેલ બંધારણીય સંસ્થા
- કાર્ય : ફરિયાદના આધારે અથવા સ્વ- મૂલ્યાંકનના આધારે મહિલાઓના કાનૂની હિતો અને તેમના કાનૂની રક્ષણનાં પગલાં અમલમાં લાવવા.

**(૮) ૨૦૧૯–૨૦ માં ભારતની આર્થિક વૃદ્ધિ દર ૭.૫ ટકા રહેશે : IMF**

- આઇએમએફ મુજબ ભારતનો આર્થિક વિકાસ દર ૨૦૧૯–૨૦ થી ૫ ટકા સુધી વધવાની ધારણા છે.
- અહેવાલ મુજબ રોકાણમાં વધારો અને મજબૂત ખાનગી વપરાશના આધારે ૨૦૧૮–૧૯માં ભારતનો આર્થિક વિકાસદર ૩ ટકા અને ૨૦૧૯ – ૨૦માં ૭.૫ ટકા રહેવાનો અંદાજ છે.

આઇએમએફ મુખ્યમાહિતી :

- સ્થાપના ૨૭ ડિસેમ્બર ૧૯૪૫
- હેડક્વાર્ટર : વોશિંગ્ટન ડીસી
- સભ્ય દેશ : ૧૮૯
- સીઇઓ : ક્રિસ્ટીના લાગાર્ડે

**(૯) રાષ્ટ્રપતિએ 'વન ડીસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ સમિટ' નું ઉદ્દઘાટન કર્યું :**

- રાષ્ટ્રપતિએ ઉત્તર પ્રદેશના લખનઉમાં 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ સમિટ' નું ઉદ્દઘાટન કર્યું.
- સમિટમાં સૂક્ષ્મ નાના અને માધ્યમ સાહસો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કૃષિ બાદ, મોટા ભાગના લોકો આ ક્ષેત્રમાં રોજગાર મળે છે.
- દેશની કુલ હસ્તકળા નિકાસમાં ઉત્તર પ્રદેશનો હિસ્સો ૪૪% છે.
- 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ' યોજના હેઠળ, રાજ્ય સરકારે પાંચ વર્ષમાં ૨.૫ લાખ લોકોને રૂા. ૨૫,૦૦૦ કરોડની નાણાકીય સહાય દ્વારા રોજગારી આપવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

**ઉત્તર પ્રદેશની મુખ્યમાહિતિ :**

- રાજધાની : લખનૌ
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામ નાયક

**લખનૌ મુખ્યમાહિતી :**

- લખનૌને નવાબનું શહેર કહેવામાં આવે છે તેને પૂર્વના સુવર્ણ શહેર અને શિરાઝ–એ– હિંદ તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રશ્નો :**

૧ વિશ્વ હિન્દી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- ૧૦ જાન્યુઆરી

૨ યુનાઇટેડ નેશન્સની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૪૫

૩ રાજ્ય સરકાર દ્વારા ક્યારે ગુજરાત બિનઅનામત શૈક્ષણીક અને આર્થિક વિકાસ આયોગ – નિગમની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- સપ્ટેમ્બર ૨૦૧૭માં

૪ ગુજરાત બિનઅનામત શૈક્ષણીક અને આર્થિક વિકાસ આયોગ નિગમના અધ્યક્ષ જણાવો ?
- બાબુભાઇ ઘોડસરા

૫ SBI દુનિયાની ટોપ બેન્કોની શ્રેણીમાં કેટલામાં ક્રમે પહોંચી ?
- ૫૩માં

૬ SBI ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ જુલાઇ ૧૯૫૫

Vivekanand Academy Gandhinagar

૭ ૧૮ મી એશિયન ગેમ્સમાં ભારતીય ટીમનો ધ્વજવાહક કોણ હતા ?
- નીરજ ચોપડા
૮ ૧૮ મી એશિયન ગેમ્સનું આયોજન ક્યાં થશે ?
- ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમબાંગમાં
૯ ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ જણાવો ?
- નરિન્દર બત્રા
૧૦ વાઇબ્રન્ટ સમિટ–૨૦૧૯ ની થીમ જણાવો ?
- 'શેપિંગ અ ન્યૂ ઇન્ડિયા'
૧૧ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- રેખા શર્માની
૧૨ આઇએમએફનું હેડક્વાર્ટર કયાં આવેલ છે ?
- વોશિંગ્ટન ડીસી
૧૩ ઉત્તર પ્રદેશના લખનઉમાં 'વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ સમિટ' નું ઉદ્‌ઘાટન કોણે કર્યુ ?
- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિન્દ

## 12.August 2018

**(૧) નાસાનું સૌર મિશન**
- નાસાનું અંતરીક્ષ એજન્સી નાસાએ પાર્કર સોલર પ્રોબયાનનું લોન્ચિંગ કર્યું.
- આ યાન સૂર્યની નજીક પહોંચીને તેની ચકાસણી કરશે. આ યાનને સૂર્યના વાતાવરણ કે કોરોનામાં જવા માટે ડિઝાઇન કરાયું છે.
- યાન સૂર્યના કોરોનામાંથી વર્ષ ૨૦૨૪ સુધીમાં સૂર્યના ૭ ચક્કર લગાવશે.
- પાર્કર સોલર પ્રોબ પોતાની સાથેના ઘણાં ઉપકરણો સૂરજનો અંદરથી અને આસપાસ કે પ્રત્યક્ષ રીતે અભ્યાસ કરશે.
- પાર્કર પ્રોબ ૭ લાખ ૨૪ હજાર કિ.મી.ની ઝડપે ઉડાન ભરશે, જે અત્યાર સુધીમાં કોઇ યાનની સૌથી વધુ ઝડપ છે.

**(૨) અમેરિકી વિજ્ઞાની પાર્કરના નામ પરથી યાનનું નામ રખાયું.**
- યાનનું નામ વિજ્ઞાની યુ જીન પાર્કરના નામ પરથી રખાયું છે. તેમણે ૧૯૫૮માં પહેલી વાર અનુમાન કર્યું હતું કે સૌર હવા હોય છે.
- નાસાનું મુખ્યમાહિતી :
- નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન
- મુખ્યાલય : વોશિંગ્ટન, ડી.સી. યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપક : ડ્વાઇટ ડી. આઇઝનહોવર
- સ્થાપના : ૨૯ જુલાઇ ૧૯૫૮, યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા

**(૩) સી પ્લેન એરોડ્રોમને મંજૂરી :**
- કેન્દ્ર સરકારે ભારતમાં સી–પ્લેન સર્વિસનો મોટા સ્તર પર પ્રસાર કરવાની યોજના તૈયાર કરી.
- યોજના માટે સરકારે દેશના વિવિધ ભાગોમાં સી–પ્લેન ઉતારવા માટે અડ્ડા બનાવવાને મંજૂરી આપી દીધી છે.
- સી પ્લેનના અડ્ડા સૌથી પહેલા ગુજરાતના સાબરમતી, સરદાર સરોવર બંધ અને ઓડિશાના ચિલ્કા સરોવર પાસે બનશે.
- એક વખતમાં એક સી પ્લેનમાં ઓછામાં ઓછા ૧૦ લોકો પ્રવાસ કરી શકશે.
- તેનાથી પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને ધાર્મિક માન્યતાવાળી જગ્યાઓ સાથે કનેક્ટિવિટી સારી રહેશે.
- શરૂઆતના તબક્કા માટે સરકારે ૫ જગ્યાની પસંદગી કરી છે. તેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્ર અને આસામનો સમાવેશ થાય છે.

સી પ્લેનની વિશેષતા :
(૧) સી પ્લેન જમીન – પાણી બંને પરથી ઉડ્ડયન કરી શકે છે.
(૨) સી પ્લેનને પાણી – જમીન પર લેન્ડ કરાઇ શકે છે.
(૩) પ્લેન માત્ર ૩૦૦ મીટરના રનવેથી ઉડ્ડયન કરી શકે છે.
(૪) ૩૦૦ મીટરની લંબાઇવાળા જળાશયનો ઉપયોગ હવાઇ પટ્ટી તરીકે શક્ય.

૧૧૧ નદીઓમાં ૧૦૦ સી પ્લેનની તૈયારી :
(૧) કેન્દ્ર સરકારની ભારતમાં ઓછામાં ઓછા ૧૦૦ સી–પ્લેન થી સેવા શરૂ કરવાની યોજના છે. શરૂઆતના તબક્કામાં દેશની અંદાજે ૧૧૧ નદીઓનો હવાઇ પટ્ટી તરીકે ઉપયોગ કરાશે.
(૨) સરકારની સમુદ્ર સાથેની અંદાજે ૧૧ હજાર કિ.મી. સરહદો પરથી હવાઇ પ્રવાસ શરૂ કરવાની તૈયારી છે.
(૩) સરકારની યોજના છે કે સી પ્લેન દરેક શહેર દરેક ગામમાં પહોંચે.

**(૪) સંયુકંત રાષ્ટ્ર મહાસભા અધ્યક્ષ અને વડાપ્રધાનની મુલકાત**
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના નવનિયુક્ત અધ્યક્ષ મારિયા ફર્નાડા એસ્પિનોસા ગર્સેસે નવી દિલ્હીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.
- પ્રધાનમંત્રીશ્રીએ ૭૩મી યુએન જનરલ એસેમ્બલીના અધ્યક્ષની ચૂંટણીમાં જીત બદલ મારિયા ફર્નાડા એસ્પિનોસા ગર્સેસને અભિનંદન આપ્યા.
- તેમને નવી જવાબદારી નિભાવવા ભારતના સંપૂર્ણ અને રચનાત્મક સહકારની ખાતરી આપી.
- બંને નેતાઓએ આતંકવાદ, સંયુક્ત રાષ્ટ્રના સુધારા અને આબોહવા પરિવર્તન સહિતના વૈશ્વિક પડકારો પર સંયુક્ત રાષ્ટ્રની મજબૂત પગલાંની જરૂરિયાત અંગે ચર્ચા કરી હતી.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા મુખ્યમાહિતી :
- હેડક્વાર્ટર : ન્યૂયોર્ક સિટી યુનાઇટેડ સ્ટેટ્સ
- સ્થાપના : ૧૯૪૫

**(૫) રેલવે યાત્રીઓને ૧ સપ્ટેમ્બરથી મફતમાં વીમો નહીં મળે**

- રેલવે ૧ સપ્ટેમ્બરથી પોતાની વીમાયોજનામાં ફેરફાર કરવા જઇ રહ્યું છે.
- હવે યાત્રીઓને મફત વીમા લાભ નહીં મળે. પરંતુ વેબસાઇટ કે મોબાઇલથી ટિકિટ બુક કરાવતી વખતે વીમા માટે બે વિકલ્પમાંથી એક પસંદ કરવાનો રહેશે.
- ડિજિટલ લેવડ– દેવડને પ્રોત્સાહન આપવા માટે IRCTC એ ડિસેમ્બર ૨૦૧૭ થી રેલવે યાત્રીઓ માટે મફત વીમાની સુવિધા શરૂ કરી હતી.
- તરફથી વીમા હેઠળ યાત્રા દરમિયાન દુર્ઘટનામાં મોતની સ્થિતિમાં મહત્તમ રૂ. ૧૦ લાખ વિકલાંગ થવાની સ્થિતિમાં ૭.૫ લાખ અને ઇજા થાય તો બે લાખ રૂપિયાની વીમાની જોગવાઇ કરી હતી.

**(૬) SCO શાંતિ મિશન– ૨૦૧૮**

- શંઘાઇ સહયોગ સંગઠન (SCO) ની પહેલથી રૂસમાં SCO શાંતિ મિશન ૨૦૧૮ આયોજન થશે.
- રૂસના કેન્દ્રિય સૈન્ય આયોગ દ્વારા સંયુક્ત અભ્યાસ ૨૨ ઓગસ્ટ થી ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ સુધી ચેર્બકુલ રશિયા ખાતે થશે.
- જૂન ૨૦૧૬ માં ભારત SCO નું પૂર્ણ રીતે સદસ્ય બન્યું હતું.
- સદસ્ય બન્યા બાદ ભારતનો આ પ્રથમ અભ્યાસ છે.

**શંઘાઇ સહયોગ સંગઠન (SCO) મુખ્યમાહિતી**

- સ્થાપના : ૨૬ એપ્રિલ ૧૯૯૬
- મુખ્યાલય : બિજિંગ (ચીન રાજધાની)
- સચિવ – રશિદ અલીમોવ

**(૭) ઓપરેશન મદદ**

- કેરળમાં આવેલ પુર અને અતિભારે વરસાદને લીધે નાગરિકોના મુશ્કેશલીમાં મુકાયા.
- કેરળમાં બચાવ અને રાહત કામગીરી માટે ભારતીય નેવી સેનાએ 'ઓપરેશન મદદ' લોન્ચ કર્યું.
- કેરળના કન્નુર, કોઝિકોડ, વાયનાડ અને ઇડુકીમાં આ રાહત અને બચાવ કામગીરી શરૂ થઇ છે.
- કેરળમાં બચાવ અને રાહત કામગીરી માટે ભૂમિદળ દ્વારા 'ઓપરેશન સહયોગ' શરૂ કરવામાં આવ્યું.
- કેરળના જુદા જુદા ભાગોમાં સૈનિકોના કુલ આઠ કોલમો તૈનાત કરવામાં આવ્યા જેમાં બે સ્તંભ સૌથી ખરાબ હાલતના ઇડુક્કી જિલ્લા માટે જ મૂકવામાં આવ્યા.
- મદ્રાસ રેજિમેન્ટના ૮૦ સૈનિકો ઇડુક્કીના પલ્લવસલ ખાતે ચાલી રહેલા બચાવ અને રાહત કામગીરી માટે તૈયાર કરવામાં આવ્યા.

## 13.August 2018

**(૧) નોબેલ વિજેતા લેખક વીએસ નાયપોલનું નિધન :**

- ભારતીય મૂળના નોબેલ પુરસ્કાર વિજેતા લેખક સર વી.એસ. નાયપોલનું લંડનમાં નિધન થયું છે.
- ૧૧ ઓગસ્ટના રોજ તેમનું નિધન થયું.
- નાયપોલનો જન્મ ૧૭ ઓગસ્ટ ૧૯૩૨માં ત્રિનીદાદમાં થયો હતો.
- તેઓએ ઓક્સફોર્ડ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કર્યો હતો
- તેમની નવલકથાઓ 'અ બેન્ડ ઇન ધ રિવર' અને 'એ હાઉસ ફોર મિ. બિસ્વાસ' એ તેમના વ્યક્તિત્વને વિશ્વની સૌથી પ્રશંસા બનાવ્યું હતું.
- વર્ષ ૧૯૭૧માં તેમને બુકર પ્રાઇઝથી સન્માનીત કરાયા હતા.
- તેમને ૨૦૦૧ માં સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**(૨) અજય જયરામને સિલ્વર મેડલ :**

- ભારતીય બેડમિન્ટન ખેલાડી અજય જયરામે વિયેટનામ ઓપનની ફાઇનલમાં સિલ્વર મેડલ જીત્યો.
- તેને ઇન્ડોનેશિયાના શેસાર હિરેન હુસ્તાવિતોએ હરાવ્યો હતો.
- વર્લ્ડ રેન્કિંગમાં ૯૩ મું સ્થાન ધરાવતા જયરામે ફાઇનલ મેચ શેસાર હિરેન હુસ્તાવિતો સાથે રમી હતી.
- વિયેટનામ મુખ્ય માહિતી :
- રાજધાની : હનોઇ
- રાષ્ટ્રપતિ : ત્રાન દાઇ ક્વાંગ

**(૩) ISSF વર્લ્ડ કપ – ૨૦૨૦**

- આંતરરાષ્ટ્રીય નિશાનેબાજી ખેલ મહાસંઘે વર્ષ ૨૦૨૦ માં યોજાનાર નિશાનેબાજી વર્લ્ડ કપની યજમાની ભારતને સોંપી.
- ISSF નિશાનેબાજી વર્લ્ડકપનું આયોજન દિલ્હી ખાતે થશે.
- ભારત ૨૦૨૦ માં ૭ મી વખત આંતરરાષ્ટ્રીય નિશાનેબાજી વર્લ્ડ કપનું આયોજન કરશે.

**(૪) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ – ૧૨ ઓગસ્ટ :**

- વર્ષ ૨૦૦૦ થી દર વર્ષે ૧૨ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વના યુવાનો સમસ્યાઓ પ્રત્યે જાગૃતતા લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- આ વર્ષે 'સેફ સ્પેસ ફોર યૂથ' થીમ પર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય યુવા દિવસ – ૧૨ જાન્યુઆરી

**(૫) ઇનોવેટિવ સિટી રેંકિંગ :**

- તાજેતરમાં દુનિયાના સૌથી ઇનોવેટિવ શહેરોની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં જાપાનનું ટોકિયો પ્રથમ સ્થાને રહ્યું.
- સૌથી ઇનોવેટિવ શહેરોની યાદીમાં ટોપ– ૧૦ શહેરોમાં અમેરીકાના ચાર શહેરોને સ્થાન મળ્યું.
- યાદીમાં ભારતના મુંબઇને ૯૨ મું સ્થાન મળ્યું. જ્યારે બેંગ્લોર અને દિલ્લીને અનુક્રમે ૧૩૯ અને ૧૯૯ મુ સ્થાન મળ્યું.

– ટોકિયો જાપાનની રાજધાની છે, તે જાપાનના હોનશુ દ્વીપ પર વસેલું દુનિયાની સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે.

**(૬) વિઝા એપ્લીકેશન સેન્ટર કોલકત્તા :**

– ઇઝરાયલ દ્વારા કલકત્તામાં વિઝા એપ્લિકેશન સેન્ટર ખોલવામાં આવ્યું.

– ઇઝરાયલ જવા માટે ભારતીય યાત્રિકોને પ્રોત્સાહિત કરવામાં માટે ઇઝરાયલ દ્વારા કોલકત્તામાં વિઝા માટે એપ્લિકેશન કેન્દ્ર ખોલવામાં આવ્યું છે.

– આ વિઝા એપ્લિકેશન કેન્દ્ર થી પશ્ચિમ બંગાળ અને સાત પૂર્વી રાજ્યો અરૂણાચલ પ્રદેશ, આસામ, મણીપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરાને લાભ મળશે.

ઇઝરાયલ મુખ્ય માહિતી :

– રાજધાની : જેરૂસલેમ

– વડાપ્રધાન : બેન્ઝામિન નેતયાન્હુ

**(૭) કેન્દ્રએનું 'ડિજિટલ નોર્થવેસ્ટ –૨૦૨૨'**

– કેન્દ્રિય સંદેશાવ્યવહાર અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે ૨૦૨૨ સુધીમાં ડિજિટલ પૂર્વોત્તર બનાવવા માટે 'વિઝન ડૉક્યુમેન્ટ' જાહેર કર્યું.

– 'ડિજિટલ નોર્થવેસ્ટ – વિઝન – ૨૦૨૨ અંતર્ગત નાગરિકોનું જીવન ઊંચુ લાવવા માટે ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન અપાયું છે.

પ્રશ્નો :

૧ વી.એસ. નાયપોલનો જન્મ ક્યાં થયો હતો ?

– ત્રિનીદાદ

૨ વી.એસ. નાયપોલને ક્યાં વર્ષમાં બુકર પ્રાઇઝથી સન્માનીત કરાયા હતા ?

– ૧૯૭૧માં

૩ અજય જયરામે કઇ રમત સાથે સંકળાયેલ છે ?

– બેડમિન્ટન

૪ વિયેટનામની રાજધાની જણાવો ?

– હનોઇ

૫ ૨૦૨૦માં યોજાનાર નિશાનેબાજી વર્લ્ડ કપની યજમાની કયાં દેશને સોંપવામાં આવી ?

– ભારત

૬ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

– ૧૨ ઓગસ્ટના રોજ

૭ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

– ૧૨ જાન્યુઆરી

૮ આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ૨૦૧૮ની થીમ જણાવો ?

– 'સેફ સ્પેસ ફોર યૂથ'

(૯) દુનિયાના સૌથી ઇનોવેટિવ શહેરોની યાદીમાં પ્રથમ શહેર જણાવો?

– ટોકિયો

(૧૦) સૌથી ઇનોવેટિવ શહેરોની યાદીમાં ભારતના મુંબઇને કયું સ્થાન મળ્યું ?

– ૯૨ મું

૧૧) ઇઝરાયલ દ્વારા ભારતના કયાં શહેરમાં વિઝા એપ્લિકેશન સેન્ટર ખોલવામાં આવ્યું ?

– કલકત્તામાં

(૧૨) ઇઝરાયલની રાજધાની જણાવો ?

– જેરૂસલેમ

(૧૩) કેન્દ્રિય સંદેશાવ્યવહાર અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી ?

– રવિશંકર પ્રસાદ

## 14.August 2018

**(૧) લોકસભાના માજી અધ્યક્ષ સોમનાથ ચેટરજીનું નિધન :**

– સોમનાથ ચેટરજીનું ૧૩ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ અવસાન થયું.

– તેમનો જન્મ ૨૫ જુલાઇ ૧૯૨૯ના રોજ આસામના તેજપુર ખાતે થયો હતો.

– તેમના પિતા અખિલ ભારતીય મહાસભાના સ્થાપકમાંના એક હતા.

– તેઓ પ્રથમવાર ૧૯૭૧માં અને છેલ્લીવાર ૨૦૦૪ માં સંસદ બન્યા હતા.

– તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી યુપીએ – ૧ સરકારમાં લોકસભાના અધ્યક્ષ પણ હતા.

– ચેટરજીને ૧૯૯૬માં આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટેરિયન એવોર્ડ અપાયો હતો.

– તે કમ્યુનિસ્ટ પાર્ટીમાંથી અધ્યક્ષ બનનાર પહેલા સાંસદ હતા.

– તેમણે પહેલી વખત ૨૪ કલાકની લોકસભા ચેનલ શરૂ કરાવી.

– ૧૦ વાર સાંસદ રહી ચૂકેલા લોકસભાના માજી અધ્યક્ષ સોમનાથ ના પિતા નિર્મલચંદ્ર ચેટરજી હિન્દુવાદી નેતા હતા.

**(૨) કેન્દ્ર સરકારનો સૌપ્રથમ લિવિંગ ઇન્ડેક્સ :**

– તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રહેવાલાયક શહેરોની યાદી જાહેર કરવામાં આવી. રહેવાલાયક ૧૧૧ શહેરોની યાદી કેન્દ્ર સરકારે સૌપ્રથમવાર બહાર પાડી છે.

– રહેવાલાયક શહેરોમાં પૂણે સૌથી શ્રેષ્ઠ શહેર છે. ત્યારબાદ મહારાષ્ટ્રના નવી મુંબઇ અને ગ્રેટર મુંબઇનો સમાવેશ થાય છે.

– ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં આ સર્વે કરાયો હતો.

– આ ઇન્ડેક્સ દરેક શહેરમાં વીજળી, પાણી પુરવઠો, સલામતી, સુરક્ષા, વાયુ પ્રદુષણ અને સ્વાસ્થ્ય સહિતના ૭૮ સૂચકઅંકો પર આધારીત હતો.

– ટોપ ૫૦ માં ગુજરાતના સુરત ૧૯, અમદાવાદ ૨૩, વડોદરા ૩૬, રાજકોટ ૩૮ અને ગાંધીનગર ૩૯ માં ક્રમે છે.

- બનારસ આ સર્વેમાં ૩૩ માં ક્રમે છે, રાયબરેલી ૪૯ માં ક્રમે છે. દિલ્હી ક્રમે ૬૫માં ઉત્તર પ્રદેશનું રામપુર આ યાદીમાં સૌથી છેલ્લે છે.

**(૩) નેપાળ – ભારત સાહિત્ય મહોત્સવ–૨૦૧૮ :**

- નેપાળના બિરગંજમાં નેપાળ – ભારત સાહિત્ય મહોત્સવ –૨૦૧૮નો પ્રારંભ થયો.
- આ મહોત્સવ દરમ્યાન બંને દેશોના પ્રખ્યાત સાહિત્યકારોને સન્માનીત કરવામાં આવ્યા હતા.
- બે દિવસ ચાલનાર આ સાહિત્ય મહોત્સવમાં બંને દેશોના લગભગ ૨૫૦ જેટલા સાહિત્યકારોએ ભાગ લેશે.
- મહોત્સવનું આયોજન ભારત– નેપાળ સહયોગ મંચ દ્વારા કરવામાં આવ્યું છે.

નેપાળ મુખ્યમાહિતી :

- રાજધાની કાઠમાંડુ
- પ્રધાનમંત્રી – કે.પી. શર્મા ઓલી
- રાષ્ટ્રપતિ : વિદ્યાદેવી ભંડેરી

**(૪) ચંદ્રયાન – ૨**

- ભારત ૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ એક લૈંડર અને રોવર કે સાથ ચંદ્ર પર પોતાનું બીજું ચંદ્ર મિશન ' ચંદ્રયાન – ૨' લોન્ચ કરશે.
- ભારતીય અંતરિક્ષ અનુસંસાધન સંગઠન (ISRO) દ્વારા યાન ચંદ્ર પર માર્ચ ૨૦૧૯ સુધી પહોચશે.
- 'ચંદ્રયાન –૨' નામના આ મિશન અંદાજીત ૮૦૦ કરોડ રૂપિયામાં તૈયાર થશે.

**ISRO ની મુખ્યમાહિતી :**

- ભારતીય અંતરિક્ષ અનુસંસાધન સંગઠન
- સ્થાપના ૧૫ ઓગસ્ટ ૧૯૫૯
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- મુખ્યાલય : બેંગલોર
- અધ્યક્ષ : કે . સિવાન

**(૫) ટેનિસ – રાફેલ નડાલ :**

- દુનિયાનો નંબર –૧ ટેનિસ ખેલાડી રાફેલ નડાર ટોરન્ટો માસ્ટર્સમાં ચેમ્પિયન બન્યો છે.
- આ નડાલનું કારકિર્દીનું ૮૦ મું ટાઇટલ છે. તે ઓપન એરામાં સૌથી વધુ ટાઇટલ જીતવાની બાબતે ચોથો ખેલાડી બન્યો છે. તેનાથી આગળ અમેરિકાનો જિમિ કોનર્સ (૧૦૯), સ્વિટ્ઝરલેન્ડનો રોજર ફેડરર (૯૮) અને ચેક રિપબ્લિક અમેરિકાનો ઇવાન લંડલ (૯૪) છે.
- નડાલનું આ રેકોર્ડ ૩૩ મું માસ્ટર્સ ૧૦૦૦ ટાઇટલ છે.
- આ અગાઉ તે ૨૦૦૫, ૨૦૦૮ અને ૨૦૧૩ માં અહીં ટાઇટલ જીતી ચુક્યો છે.
- તે વર્ષના અંતમાં લંડનમાં રમાનારી એટીપી વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરનારો પ્રથમ ખેલાડી છે.

**(૬) સ્વચ્છ રેલ :**

- સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ રેલવે તંત્ર દ્વારા દેશના તમામ સ્ટેશનો પર સ્વચ્છતા સર્વે હાથ ધરાયો હતો.
- જેમાં એ–૧ કેટેગરીમાં અમદાવાદ સ્ટેશન ૧૭ માં નંબરે આવ્યું છે. ગત વર્ષ ૨૦૧૭ માં અમદાવાદ સ્વચ્છતા સર્વેમાં ૭માં નંબરે હતું.
- એ–૧ શ્રેણીના સ્ટેશનમાં પણ રાજસ્થાનનું મારવાડ સ્ટેશન ટોચના ક્રમે છે.
- આ વર્ષે ટોપ ૧૦ સ્વચ્છ સ્ટેશનોમાં ગુજરાતના એક પણ સ્ટેશનનો સમાવેશ થયો નથી.
- સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ૨૦૧૬ થી રેલવે દ્વારા દેશના તમામ એ–૧ કેટેગરીના ૭૫ અને અ કેટેગરીના ૩૩૨ સ્ટેશનો પર સર્વે શરૂ કર્યો હતો.
- ૨૦૧૭ અને ૨૦૧૮ માં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા સર્વે કરાયો છે.
- આ સર્વેમાં અધિકારીઓ દ્વારા સ્ટેશન એરિયાનું નિરિક્ષણ કરી અપાયેલ આંક તેમજ પેસેન્જરો પાસેથી મળેલા ફીડબેકના આધારે સ્ટેશનોને કુલ ૧૦૦૦માંથી સ્કોર આપી સ્ટેશનોને રેંક આપવામાં આવ્યો છે.

**પ્રશ્ન :**

૧ સોમનાથ ચેટરજીનું જન્મ સ્થળ જણાવો ?
– આસામનું તેજપુર

૨ સોમનાથ ચેટરજીને ક્યારે આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટેરિયન એવોર્ડ અપાયો હતો ?
– ૧૯૯૬માં

૩ કેન્દ્ર સરકાર દ્વારા રહેવાલાયક શહેરોની યાદીમાં પ્રથમ સ્થાને કયું શહેર છે ?
– પુણે

૪ નેપાળ – ભારત સાહિત્ય મહોત્સવ – ૨૦૧૮ નો પ્રારંભ ક્યાં થયો ?
– નેપાળના બિરગંજમાં

૫ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠનના સ્થાપક જણાવો ?
– વિક્રમ સારાભાઇ

૬ ISROનું પુરૂનામ જણાવો?
– ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન

૭ રાફેલ નડાલ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– ટેનિસ

૮ લંડનમાં રમાનારી એટીપી વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરનારો પ્રથમ ખેલાડી જણાવો ?
– રાફેલ નડાલ

૯ રેલવે તંત્ર દ્વારા દેશના તમામ સ્ટેશનો પર કરવામાં આવેલ સ્વચ્છતા સર્વે માં પ્રથમ આવેલ સ્ટેશનનું નામ જણાવો ?
– રાજસ્થાનનું મારવાડ સ્ટેશન

## 15.August 2018

**(૧) છત્તીસગઢના રાજ્યપાલ ટંડનનું નિધન :**

- છત્તીસગઢના રાજયપાલ બલરામદાસ ટંડનનું ૯૦ વર્ષની વયે નિધન થયું.
- ૧૪ ઓગસ્ટના રોજ તેમનું નિધન રાયપુર ખાતે થયું.
- તેમનો જન્મ ૧ નવેમ્બર ૧૯૨૭ના રોજ અમૃતસરમાં થયો હતો.
- ટંડન ૧૮ જુલાઇ ૨૦૧૪ના રોજ છત્તીસગઢના રાજયપાલ બન્યા હતા.
- સીએમ રમણસિંહે ૭ દિવસના રાજકીય શોકની જાહેરાત કરી. છે.

**છત્તીસગઢ મુખ્યમાહિતી :**

- રાજધાની : રાયપુર
- મુખ્યમંત્રી : રમણસિંહ

**(૨) રમેશ પોવાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મુખ્ય કોચ :**

- પૂર્વ સ્પિન બોલર રમેશ પોવારને ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો મુખ્ય કોચ બનાવાયો છે.
- કોચ તુષાર અરોઠેના રાજીનામા બાદ પોવારને ટીમના કાર્યકારી કોચ બનાવાયા હતા. તેને હવે પૂર્ણ રીતે ટીમની જવાબદારી સોંપાઇ છે.
- બીસીસીઆઇ દ્વારા રમેશ પોવારને ૩૧ નવેમ્બર ૨૦૧૮ સુધી ટીમના કોચ પદની જવાબદારી સોપી.
- પોવારના માર્ગદર્શનમાં ટીમ સપ્ટેમ્બરમાં શ્રીલંકાનો પ્રવાસ ખેડશે અને તે પછી ઓક્ટોબરમાં વેસ્ટ ઇન્ડીઝની સાથે દ્વિપક્ષીય સિરીઝ રમશે.
- નવેમ્બરમાં વેસ્ટ ઇન્ડિઝમાં યોજાનાર મહિલા ટી–૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે.
- ભારત માટે ૩૧ વન–ડે ને બે ટેસ્ટ મેચ રમનાર પોવાર પર ટીમને આગળ લઇ જવાની જવાબદારી છે.
- પોવારે આ વર્ષે ફેબ્રુઆરીમાં જે એમસીએની ક્રિકેટ એકેડમિના સ્પિન બોલિંગ કોચનું પદ છોડ્યું હતું.
- મહિલા ક્રિકેટ ટીમ કેપ્ટન : મિતાલી રાજ

**બીસીસીઆઇ મુખ્ય માહિતી :**

- સ્થાપના : ૧૯૨૮
- અધ્યક્ષ – સી.કે. ખન્ના

**(૩) સ્મિતા ગોદરેજ દેશની સૌથી ધનવાન મહિલા :**

- કોટક વેલ્થ મેનેજમેન્ટ તથા હુરૂન દ્વારા સંયુક્ત રીતે લિડિંગ વેલ્થી વુમન–૨૦૧૮ની યાદી જાહેર કરવામાં આવી.
- યાદીમાં રૂા. ૩૭,૫૭૦ કરોડની સંપત્તિ સાથે દેશની સૌથી અમીરલ મહિલા ગોદરેજની સ્મિતા કૃષ્ણા ગોદરશેજ બની છે. તેઓ ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝના બોર્ડ સભ્ય છે.
- યાદીમાં રૂા. ૩૦,૨૦૦ કરોડની સંપત્તી સાથે દેશની બીજા નંબરની સૌથી અમીર મહિલા એચસીએલના રોશની નાડર છે.
- રોશની નાડર એચસીએલના સીઇઓ તથા એક્ઝક્યુટીવ ડાયરેક્ટર છે. તેઓ ૨૮ વર્ષની વયે તેઓ એચસીએલ ગ્રુપનો હિસ્સો બન્યા હતા.
- ત્રીજા ક્રમે બીસીસીએલના ઇન્દુ જૈન છે. જે રૂા. ૨૬,૨૪૦ કરોડની નેટવર્થ ધરાવે છે. ઇન્દુ જૈન ટાઇમ્સ ગ્રુપના ચેરપર્સન અને ટાઇમ્સ ફાઉન્ડેશનના પ્રમુખ છે.
- યાદીમાં મોટાભાગની મહિલાઓ ફાર્મા સેક્ટરની છે. તેમજ સોફ્ટવેર અને સર્વિસીઝ સેક્ટરની ૧૨ મહિલાઓ સામેલ છે.
- આમાંથી મોટાભાગની ૨૫–૨૫ મહિલાઓ મુંબઇ અને દિલ્હીમાં રહે છે.
- ટોપ ટેનમાં માત્ર ૮૦૦૦ કરોડથી વધુ સંપતિ ધરાવતી મહિલાઓ સામેલ છે.

**(૪) સડક સુરક્ષા બ્રાન્ડ એમ્બેસેડર : અક્ષય કુમાર :**

- કેન્દ્ર દ્વારા સડક સુરક્ષા માટે અભિનેતા અક્ષય કુમારને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.
- સડક સુરક્ષા પ્રત્યે જન જાગૃતતા માટે શ્રી નિતિન ગડકરી દ્વારા આ જાહેરાત કરવામાં આવી.
- નાગરિકોમાં જાગૃતતા લાવવા માટે કેન્દ્રિય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી દ્વારા ત્રણ શોર્ટ ફિલ્મ પણ લોન્ચ કરવામાં આવી.

**(૫) 'પિચ ટુ મુવ'**

- નીતિ આયોગ દ્વારા ભારતના ઊભરતા ઉદ્યોગ સાહસીકો માટે 'પિચ ટુ મુવ' નામની એક સ્પર્ધા શરૂ કરવામાં આવી.
- આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થઇ રહેલ સ્ટાર્ટ – અપને લાભ મળી રહે તેવા નાગરિકોના નવા વિચારો સરકાર સુધી પહોચાડવાનો છે.
- સ્પર્ધાના વિજેતાઓને પ્રધાનમંત્રી દ્વારા વૈશ્વિક ગતિશીલતા સંમેલનમાં પુરસ્કાર આપવામાં આવશે.
- સ્પર્ધાનું આયોજન નીતિ આયોગ અને ભારતીય ઓટોમોબાઇલ નિર્માતા સંઘ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે.

**નીતિ આયોગની મુખ્ય માહિતી :**

- સ્થાપના : ૧ જાન્યુઆરી
- અધ્યક્ષ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ)
- ઉપાધ્યક્ષ : રાજીવ કુમાર
- સીઇઓ : અમિતાભ કાન્ત

**(૬) SWAT - દિલ્લી :**

- દિલ્લી પોલીસ દ્વારા ૩૬ મહિલા કમાન્ડો ની વિશેષ હથિયાર અને રણનીતિ (SWAT) ટીમ દળએમએ સામેલ કરવામાં આવી.
- સ્પેશ્યિલ વેપન્સ એન્ડ ટેક્ટિક્સ ટીમ સામેલ કરનાર દિલ્લી પોલીસ દેશમાં પ્રથમ છે.
- આ ટીમ આંતકવાદ વિરોધી અભિયાન કર્યો કરશે.
- કેન્દ્રિગ ગૃહ મંત્રી રાજનાથ સિંહે આ ટીમની ઘોષણા કરી હતી.

**(૭) આશિષ કુમાર – PMFBY CEO**

- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY)ના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે આશિષ કુમાર ભુટાનીને નિયુક્ત કરવામાં આવ્યા.
- આસમ – મેઘાલય કૈડર – ૧૯૯૨ બેચના આઇએએસ અધિકારી આશિષ કુમારને PMFBY ના CEO તરીકે ૯ મે ૨૦૨૦ સુધી નિયુક્ત કરવામાં આવ્યાં.

**મુખ્ય માહિતી :**

- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના
- શરૂઆત ૧૩ જાન્યુઆરી ૨૦૧૬

## 17.August 2018

**(૧) ૭૨ મો સ્વતંત્રતા દિવસ**

**રાષ્ટ્રીય કક્ષા :**

- સ્વતંત્રતા દિવસના અવસરે વડાપ્રધાન મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી પાંચમા સંબોધનમાં તમામ મુદ્દાને આવરી લીધા હતા.
- મોદીએ ૮૨ મિનિટના ભાષણમાં ભ્રષ્ટાચાર, ખેડૂત, જીએસટી, રોજગાર અને ત્રણ તલાક સહિતના તમામ મુદ્દાને સામેલ કરીને સરકારી સિદ્ધિઓ ગણાવી હતી.
- તેમણે તમામ માટે ઘર, વીજળી, પાણી, આરોગ્યનાં વચનો આપ્યાં હતાં.
- વડાપ્રધાન આયુષ્માન ભારત યોજનાની જાહેરાત કરી હતી જે હેઠળ ૧૦ કરોડ પરિવારોને ૫ લાખનો મફત વીમો મળશે.
- તેમણે ભાષણમાં મોટા ભાગે ગરીબો અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.
- તેમણે વર્ષ ૨૦૨૨ સુધી ન્યુ ઇન્ડિયા બનાવવા માટેની પણ અપીલ કરી હતી.

**વડાપ્રધાન મોદીની મોટી જાહેરાત**

**૨૦૨૨ માં પહેલું માનવ મિશન યાન અંતરિક્ષમાં મોકલવામાં આવશે.**

- ભારત દેશ અંતરિક્ષની દુનિયામાં પ્રગતિ કરી રહ્યાં છે.
- ૨૦૨૨ માં આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થવાની ખુશીમાં અથવા તેના પહેલાં ભારતનું કોઇ સંતાન પછી તે દીકરો હોય કે દીકરી તે અંતરિક્ષમાં જશે.
- આ પહેલા ઇસરો જિયોસિંક્રોનસ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ માર્ક–૩ નો ઉપયોગ કરી બે માનવરહિત મિશન અને યાન અંતરિક્ષમાં મોકલશે.

આયુષ્માન ભારત– દેશવાસીઓને ભેટ, ૫ લાખનું ફ્રી હેલ્થ કવર મળશે.

- ૨૫ સપ્ટેમ્બર થી આયુષ્માન ભારત યોજનાની શરૂઆત થશે.
- આ યોજના અંતર્ગત ૧૦ કરોડ પરિવારોને ૫ લાખ રૂપિયા સુધીના ફ્રી હેલ્થ ઇન્સ્યોરન્સની સુવિધા મળશે.

**સેનામા મહિલાઓ માટે સ્થાયી કમિશન**

- ભારતની સશસ્ત્ર સેનામાં શોર્ટ સર્વિસ કમિશન દ્વારા નિમણૂક પામતી મહિલા અધિકારીઓને પુરૂષ સમકક્ષ અધિકારીઓની જેમ સ્થાયી કમિશન આપવામાં આવશે.
- વર્તમાન સમયમાં મહિલા માત્ર જજ, એડવોકેટ, જનરલ અને આર્મી એજ્યુકેશન કોરમાં જ કાયમી કમિશનની હકદાર છે.

**રાજ્યકક્ષા :**

- સુરેન્દ્રનગર ખાતેના રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિનના સમારોહનું આયોજન થયું હતું.

**મુખ્યમંત્રી વક્તવ્યના મુખ્ય અંશ :**

- રાજ્યમાં જ્ઞાન કુંજ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦ હજાર ક્લાસરૂમ શરૂ કરવાની નેમ છે.
- ૧ લાખ યુવાનોને એપ્રેન્ટિસ યોજના દ્વારા રોજગારી અપાશે. ગુજરાતમાં કૃષિ વિકાસ દર ડબલ ડિઝિટે પહોંચ્યો છે.
- ખેડૂતોને ૦ ટકા વ્યાજે ધિરાણ અપાયું છે. રૂા. ૫ હજાર કરોડની વિવિધ ખેતજણસી ટેકાના ભાવે ખરીદાઇ છે.
- સૂર્યશક્તિ કિસાન યોજના હેઠળ રાજ્યમાં ૧૩૭ ફિડર સ્થાપી ૧૫ હજાર ખેડૂતોને સૌર ઉર્જા સાથે સાંકળી લેવાશે.
- સેવા સેતુના ચોથા તબક્કાનો ૨૪ ઓગસ્ટથી પ્રારંભ થશે. સેવા સેતુમાં ૫–૭ નાના ગામોના ક્લસ્ટર બનાવીને ગામના લોકોના જે પ્રશ્ન હોય, દાખલા જોઇતા હોય, સાત બારમાં નોંધ ચડાવવાની હોય તો સરકાર જાતે જ ગામડાઓમાં જઇને સ્થળ પર સેવાસેતુનું નિર્માણ કરે છે.
- સાંથણીની જમીનોને નવ સાધ્ય કરવા માટે વન ટાઇમ આસિસ્ટન્ટન્સ હેક્ટર દીઠ રૂા. ૧૫ હજાર સરકાર આપતી હતી. જેને હવે બમણી કરીને હેક્ટર દીઠ રૂા. ૩૦ હજાર આપવામાં આવશે.
- પાટણમાં સમાજ હિત માટે બલિદાન આપનારી વીર મેઘમાયાના સ્મારકના સંકુલના સંવર્ધન વિકાસ માટે રૂા. ૩ કરોડ, સિદ્ધપુરમાં બેચર સ્વામી મહારાજના સ્થાનક મંદિરના વિકાસ માટે રૂા. ૨ કરોડ રાજ્ય સરકાર ફાળવશે.
- ગુજરાતની જેલમાં રહેલા ૮૫ કેદીઓને રાજ્યમાફી આપવામાં આવી છે.
- પાટડી તાલુકાના વણોદમાં ૩૫૦ હેક્ટરમાં નવી જીઆઇડીસી સ્થાપવામાં આવશે.
- આગામી વર્ષે જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં મધ્યમ અને નાના કદના ઉદ્યોગો પર લક્ષ્ય આપવામાં આવશે. ધોલેરાને સિંગાપુર જેવું શહેર બનાવવાનો પણ નિર્ધાર છે.

**(૨) પૂર્વ ભારતીય ક્રિકેટ અજિત વાડેકરનું નિધન :**

- પૂર્વ ભારતીય સુકાની અજિત વાડેકરનું ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ નિધન થયું.

- વાડેકરનું ભારતીય વન–ડે આંતરરાષ્ટ્રીય ટીમના પ્રથમ સુકાની બનાવાયા હતા.
- ૧૯૭૧માં તે સુકાની બન્યા, તે વર્ષે જ ભારતે ઇંગ્લેન્ડમાં પહેલીવાર જીત મેળવી હતી.
- વાડેકર ૧૯૬૬માં વેસ્ટ ઇન્ડિઝ વિરૂદ્ધ કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વાડેકરે ૧૯૭૧માં વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લેન્ડમાં પ્રથમ ટેસ્ટ સિરીઝ જીતાડનારા કેપ્ટન હતા.
- વાડેકરના પિતા તેમને એન્જિનિયર બનાવવા માગતા હતા.
- તેઓ એલિફન્સ્ટન કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ પણ કરતા હતા.
- વાડેકરને અર્જુન એવોર્ડ અને પદ્મશ્રી થી સન્માનીત કરવામાં આવ્યા છે.
- બીસીસીઆઇ તરફથી તેમને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો છે.

**(૩) ફિફા રેન્કિંગ : ફ્રાન્સ ટોપ પર**

- ફિફા રેન્કિંગમાં ટોપ પર પહોંચી ગયું છે.
- રશિયા વર્લ્ડ કપમાં પ્રથમ રાઉન્ડમાં જ બહાર ફેંકાઇ જનારું જર્મની ૧૫માં સ્થાને પહોંચી ગયું છે.
- ભારતીય ફૂટબોલ ટીમ એક ક્રમના સુધારા સાથે ૯૬મા સ્થાને આવી છે.
- બીજી વખત વર્લ્ડ કપ જીતનારા ફ્રાન્સના ૧૭૨૬ પોઇન્ટ થઇ ગયા છે.
- ફ્રાન્સ ઉપરાંત ફાઇનલમાં પહોંચનારા ક્રો–એશિયાને સૌથી વધુ ૧૬ પોઇન્ટનો ફાયદો થયો છે.
- ક્રો એશિયા હવે ૧૬૪૩ પોઇન્ટ સાથે ચોથા નંબરે પહોંચી ગયું છે.

**(૪) કાશી વિશ્વનાથ મંદિરમાં બુકીંગ માટે ડિજિટલ સિસ્ટમ :**

- ડિજિટલ ઇન્ડિયા મિશન હેઠળ ૧૬ મી ઓગસ્ટથી ઉત્તર પ્રદેશના કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તોની બુકીંગ માટે ડિજિટલ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.
- કોઇ ભક્ત હવે ભગવાન રામની પૂજા વિધિ માટે પૂર્વ બુકીંગ કરી શકે છે.
- કાશી વિશ્વનાથ મંદિર–૧૭૮૦ માં મહારાણી અહીલી હોલકર દ્વારા બાંધકામ

**(૫) યુકેએ ૧૨ મી સદીમાં ચોરેલી બૌદ્ધ પ્રતિમા ભારતને સોંપી :**

- બિહારમાં નાલંદા સંગ્રહાલયમાંથી લગભગ ૬૦ વર્ષ પહેલાંદ ચોરી થયેલી ૧૨ મી સદીની બ્રોન્ઝ મૂર્તિ, ભારતની સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમ્યાન લંડન મેટ્રોપોલિટન પોલીસ ભારત પરત આપવામાં આવી.
- ૧૯૬૧ માં નાલંદામાં ભારતીય પુરાતત્વીય સર્વે ઇન્સ્ટિટ્યૂટ મ્યુઝિયમમાંથી ચોરી થયેલી ૧૪ મૂર્તિઓમાંથી એક આ ચાંદીની પ્રતિમા હતી.

બિહાર મુખ્યમાહિતી :

રાજધાની : પટણા

મુખ્યમંત્રી : નીતિશ કુમાર

રાજ્યપાલ : સત્યપાલ મલિક

## 18.August 2018

**(૧) ઇમરાન ખાન પાકિસ્તાનના ૨૨ માં પ્રધાનમંત્રી :**

- ક્રિકેટથી રાજકારણમાં આવેલા ૬૫ વર્ષના ઇમરાન ખાતે ૧૭ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ પાકિસ્તાનના ૨૨ માં વડાપ્રધાન તરીકે શપથ લીધા.
- રાષ્ટ્રપતિ મમનૂન હુસૈને દેશના ૨૨ માં પ્રધાનમંત્રી તરીકે ઇમરાન ખાનને શપથ લેવડાવ્યા.
- ૨૮ જુલાઇ, ૨૦૧૮ના રોજ મતોની ગણતરી પૂર્ણ થયા બાદ પાકિસ્તાનના ચૂંટણી પંચે પરિણામોની જાહેરાત કરી હતી.
- ઇમરાન પાકિસ્તાન તહરીક–એ– ઇન્સાફ (PTI) પક્ષના વડા છે.
- ભારતના પૂર્વ ક્રિકેટર અને નેતા નવજોતસિંહ સિદ્ધુ ઇમરાનના શપથ સમારોહમાં હાજર રહ્યા હતા.
- પાકિસ્તાન : રાજધાની : ઇસ્લામાબાદ

**(૨) કૃષિ મંત્રાલયે વર્ષને ૨૦૧૯ 'આંતરરાષ્ટ્રી વર્ષ બાજરી' તરીકે માટે UNFAO માં પ્રસ્તાવ મૂક્યો :**

- કૃષિ મંત્રાલયે વર્ષને ૨૦૧૯ 'આંતરરાષ્ટ્રીય વર્ષ બાજરી' તરીકે માટે UNFAO માં પ્રસ્તાવ મૂક્યો.
- કેન્દ્રિય કૃષિ અને કિસાન કલ્યાણ પ્રધાન રાધા મોહનસિંહે યુનાઇટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઇઝેશનના જનરલ ડિરેક્ટર જોસ ગોઝિયાનો ડી સિલ્વાનાને પત્ર લખી આ અંગે વિનંતી કરી છે.
- પત્રમાં જણાવાયું છે કે ભારત ૨૦૧૮ 'રાષ્ટ્રીય બાજરી વર્ષ' તરીકે ઉજવી રહ્યું છે.

UNFAO મુખ્યમાહિતી

- યુનાઇટેડ નેશન્સ ફુડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
- મુખ્યમથક : રોમ
- સ્થાપના : ૧૬ ઓક્ટોબર, ૧૯૪૫

**(૩) એશિયા કપ હવે ભારતના બદલે યુએઇમાં રમાશે**

- ભારતીય ક્રિકેટ બોર્ડ અને અમીરાત ક્રિકેટ બોર્ડે સંયુક્ત અરબ અમિરાતને એશિયા કંપની યજમાની માટે એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. દુબઇમાં આ સમજૂતી પર હસ્તાક્ષર કરાયા હતા.
- અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.
- ટૂર્નામેન્ટનું આયોજન ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર અબુધાબી અને દુબઇમાં કરાશે.

**સંયુક્ત અરબ અમીરા મુખ્યમાહિતી :**

- રાજધાની : અબુ ધાબી
- પ્રમુખ : ખલિફા બિન ઝૈદ અલ નાહ્યાન

**(૪) કે એસ શ્રીનિવાસ – મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન :**

– કેએસ.શ્રીનિવાસને મરીન પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

– આઇએએસ અધિકારી કે.એસ. શ્રીનિવાસને મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના ચેરમેન તરીકે પદ સંભાળ્યું.

– આ નિમણૂંક પહેલા, તેમણે કૃષિ મંત્રાલયના કૃષિ સહકાર વિભાગ અને ખેડૂત કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ તરીકે કામ કર્યું હતું.

**(૫) ભારતના પ્રથમ હમ્બોલ્ટ પેંગ્વિનનો જન્મ :**

– દેશના પ્રથમ પેંગ્વિન ૧૫ મી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ મુંબઇમાં આવેલા ભાયખલા પક્ષીસંગ્રહાલય માં જન્મ થયો.

– હમ્બોલ્ટ પ્રજાતિઓના આ પેન્ગીવનનો જન્મ વન્યજીવન નિષ્ણાંતોની દેખરેખ હેઠળ થયો હતો.

– વર્ષ ૨૦૧૭માં, આઠ હમ્બોલ્ટ પેંગ્વીન દક્ષિણ કોરિયાના રાજધાની સોલમાંથી લાવ્યા હતા.

– હમ્બોલ્ટ પેંગ્વીનને પેરુવિયન પેન્ગિવન પણ કહેવામાં આવે છે.

– તે દક્ષિણ અમેરિકન પેન્ગિવન છે.

પ્રશ્નો :

(૧) પાકિસ્તાતનના ૨૨ માં પ્રધાનમંત્રી તરીકે ઇમરાન ખાનને કોણે શપથ આપ્યા ?

– રાષ્ટ્રપતિ મમનૂન હુસૈને

(૨) પાકિસ્તાન તહરીક – એ –ઇન્સાફ (PTI) પક્ષના વડા જણાવો ?

– ઇમરાન

(૩) કેન્દ્રિય કૃષિ અને કિસાન કલ્યાણ પ્રધાનનું નામ જણાવો ?

– રાધા મોહનસિંહે

(૪) કેન્દ્રિય કૃષિ મંત્રાલયે વર્ષ ૨૦૧૯ને કયાં વર્ષ તરીકે ઘોષિત કરવા માટે ને પ્રસ્તાવ મૂક્યો ?

– આંતરરાષ્ટ્રીય વર્ષ બાજરી

(૫) UNFAO નું પુરૂનામ જણાવો ?

– યુનાઇટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઇઝેશન

(૬) એશિયા કપનું આયોજન કયાં થશે.

– અબુધાબી અને દુબઇમાં

(૭) કેએસશ્રીનિવાસને શાના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?

– મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના

(૮) દેશના પ્રથમ હમ્બોલ્ટ પેંગ્વીનનો જન્મ કયાં થયો ?

– મુંબઇમાં આવેલા ભાયખલા પક્ષીસંગ્રહાલયમાં

(૯) હમ્બોલ્ટ પેંગ્વીનને બીજા કયા નામે ઓળખાય છે ?

– પેરુવિયન પેન્ગિવન

**19.August 2018**

**(૧) વિશ્વ ફોટોગ્રાફી ડે :**

– દર વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ વિશ્વ ફોટોગ્રાફી દિવસ બનાવવામાં આવે છે.

– ફ્રાન્સના ફોટોગ્રાફર સુઇસ ડેગ્યુરે અને જોસેફ નાઇસફોરે ૧૮૩૭માં ફોટોગ્રાફીની એક નવી ટેકનિક 'ડેગ્યુરેટાઇપ' વિક્સાવી હતી.

– ફ્રાન્સ સરકારે ૧૯ ઓગસ્ટ ૧૮૩૯ને તેને પેટન્ટ ફ્રી કરી વિશ્વને ફોટોગ્રાફીની ભેટ આપી.

– તેની યાદમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**(૨) ૧૮ મી એશિયન ગેમ્સનો પ્રારંભ :**

– ૧૮ મી એશિયન ગેમ્સ ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમબાગમાં ૧૮ ઓગસ્ટથી શરૂ થઇ.

– આ પાન – એશિયન મેલ્ટિ સ્પોર્ટ્સ ઇવેન્ટમાં ૪૫ દેશોના ૧૧ હજાર ખેલાડી ભાગ લઇ રહ્યા છે.

– ૧૬ દિવસ સુધી ચાલનારી ગેમ્સમાં ૪૦ રમતોમાં ૪૬૫ ઈવેન્ટ હશે.

– તેમાં ૨૮ ઓલિમ્પિક સ્પોર્ટ્સ, ૪ નવી ઓલિમ્પિક, સ્પોર્ટસ અને ૮ નોન ઓલિમ્પિક સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે.

– જુનિયર વર્લ્ડ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપડા ૧૮ મી એશિયન ગેમ્સમાં ૫૭૨ સભ્યોની ભારતીય ટીમનો ધ્વજવાહક તરીકે જોડાયા હતા.

**(૩) એશિયન ગેમ્સમાં પહેલી વખત ઇ– સ્પોર્ટ્સ**

– એશિયન ગેમ્સમાં પહેલી વખત ઇ– સ્પોર્ટ્સ અને કેનો–પોલોનો સમાવેશ કરાયો છે.

– તેમાં મેડલ ઇવેન્ટ નહીં હોય. ૧૦ ગેમ્સ એવી છે, જેનો પહેલી વખત એશિયાડમાં સમાવેશ કરાયો છે.

– આ ગેમ્સમાં પેનકોક સિલાત, બ્રિજ, કુરાશ, સૈંબો, જિ. જુત્સુ, સ્કેટબોર્ડ, ૩–૩ બાસ્કેટબોલ, જેટ સ્કી, ક્લાઈંબિંગ પેઢરાગ્લા ઇડિંગ છે.

**(૪) ગેમ્સમાં ભારતની અત્યાર સુધીની સૌથી મોટી ટીમ :**

– ભારત ગેમ્સમાં ખેલાડીઓની સંખ્યાની દ્રષ્ટિએ ૧૦ નંબરે ભારત (૫૭૧ ખેલાડી) ખેલાડીઓની સંખ્યાની દ્રષ્ટિએ ૧૦ માં નંબરે છે.

– યજમાન ઇન્ડોનેશિયાના ૯૫૧ અને ચીનના ૮૭૯ ખેલાડી ઉતરી રહ્યા છે.

– નવ દેશ એવા છે, જેમના ૫૦૦ થી વધુ ખેલાડી ગેમ્સમાં ભાગ લઇ રહ્યાં છે.

– નોર્થ કોરિયા અને સાઉથ કોરિયા કેટલીક ઇવેન્ટમાં એક ટીમ ઉતારશે.

**(૫) ભારત એશિયાડમાં ૬૭ વર્ષ જૂનો રેકોર્ડ સુધારવા ઉતરશે :**

– ભારત ગેમ્સમાં અત્યાર સુધીની તેની સૌથી મોટી ટીમ ઉતારી રહ્યું છે.

– તેનો પ્રયાસ તેના ૧૫ ગોલ્ડના રેકોર્ડને સારો કરવાનો હશે.

- ભારતે પહેલી ગેમ્સ (૧૯૫૧)માં ૧૫ ગોલ્ડ જીત્યા હતા.
- આમ તો, જો કુલ મેડલની દ્રષ્ટિ એ જોઈએ તો ભારતે ગ્વાંગ્ઝૂ ગેમ્સ (૨૦૧૦) માં ૬૫ મેડલ જીત્યા હતા.

**(૬) એશિયાડ – ૨૦૧૮ ના ૩ મેસ્કોર્ટ :**

- આંતરરાષ્ટ્રીય સ્તરના રમતોત્સવના શુભાંક ૨ મસ્કોર્ટની પરંપરા ઇન્ડોનેશિયા એશિયન ગેમ્સમાં પણ જારી રાખવામાં આવી છે.
- એશિયાડ – ૨૦૧૮ના મેસ્કોર્ટ 'ભિન ભિન' પંખીની સ્વર્ગના પંખી તરીકેની ઓળખ મળી છે.
- આ પંખી ઇન્ડોનેશિયાના પૂર્વ વિસ્તારમાં જોવા મળી છે.
- બીજા મેસ્કોર્ટ તરીકે સાબર 'એર્ટુંગ' છે. જ્યારે ત્રીજા મેસ્કોર્ટ તરીકે 'કાકા' નામનો ગેંડો છે.

ઇન્ડોનેશિયા મુખ્યમાહિતી :

- રાજધાની – જકાર્તા
- રાષ્ટ્રપતિ – જોકો વિંડોડો

**(૭) ૧૧ મું વિશ્વ હિન્દી સંમેલન :**

- ૧૧ મું વિશ્વ હિન્દી સંમેલન ૧૮ ઓગસ્ટ મોરેશિયસમાં શરૂ થયું.
- સંમેલનમાં ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ અપાઇ.
- વિશ્વ હિન્દી સંમેલનનો મુખ્ય વિષય 'વૈશ્વિક હિન્દી ઔર ભારતીય સંસ્કૃતિ' છે.
- મુખ્ય વિષય ઉપરાંત અન્ય ૧૨ પેટા વિષયો પર આધારિત સમાંતર સત્ર હશે.
- મોરિશિયસના વડાપ્રધાન અને શ્રીમતી સ્વરાજે આ પ્રસંગે સ્મૃતિપત્રનું વિમોચન કર્યું હતું અને ૧૧ માં વિશ્વ હિન્દી સંમેલન પર બે પોસ્ટેજ સ્ટેમ્પ પ્રકાશિત કર્યા હતા.

મોરિશિયસ મુખ્યમાહિતી :

- રાજધાની – પોર્ટુલુઇસ
- પ્રધાનમંત્રી – પ્રવીણકુમાર જગન્નાથ

**(૮) કોફી અન્નાનની ચિરવિદાય :**

- વિશ્વના છેલ્લા ૪ દાયકાના ટોપ ડિપ્લોમેટ્સમાં સ્થાન ધરાવતા કોફી અન્નાનું નિધન થયું.
- તેઓ બે વખત સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ રહ્યા.
- તેઓ સંયુક્ત રાષ્ટ્રના ૭માં મહાસચિવ હતા.
- યુએન. મહાસચિવ બનનારા તેઓ પ્રથમ અશ્વેત આફ્રિકન હતા.
- તેઓ ૧૯૯૭ થી ૨૦૦૬ સુધી સતત બે વખત મહાસચિવ પદ પર રહ્યા.
- તેમણે દુનિયામાં ગરીબી ઘટાડવા વૈશ્વિક સ્તરે પહેલું અભિયાન ચલાવ્યું હતું.
- ૧૯૯૭માં તેઓ યુએન મહાસચિવ બન્યા ત્યારે દુનિયામાં ગરીબી રેખાથી નીચે જીવતા લોકોની સંખ્યા ૧૭૩ કરોડ હતી.
- ૨૦૦૬માં તેમણે પદ છોડ્યું ત્યાં સુધીમાં તેમાં લગભગ ૫૦ કરોડનો ઘટાડો થયો.
- ૧૯૯૨ થી ૧૯૯૬ સુધી તેમણે દુનિયાના જુદા જુદા યુદ્ધગ્રસ્ત ક્ષેત્રોમાં શાંતિ સ્થાપિત કરવા માટે જે કામ કર્યું.
- આ પ્રયાસો બદલ જ કોફીને ૧૯૯૭માં યુએન મહાસચિવ બનાવાયા અને ૨૦૦૧ માં તેમને નોબેલ પીસ પ્રાઇઝ પણ મળ્યું.
- ૨૦૧૫ થી કોફી તેમણે સ્થાપેલા કોફી અન્નાન ફાઉન્ડેશનના સંસ્થાપક અને અધ્યક્ષ હતા.
- નેલ્સન મંડેલા દ્વારા સ્થાપિત આંતરરાષ્ટ્રીય સંગઠન 'ધ એલ્ડર' ના પણ અધ્યક્ષ હતા.

**સંયુક્ત રાષ્ટ્ર મુખ્યમાહિતી :**

- સ્થાપના : ૨૪ ઓક્ટોબર ૧૯૪૫
- હેડક્વાર્ટર : ન્યૂયોર્ક
- મહાસચિવ – એન્ટોનિયો ગ્યુટારસ
- સભ્ય દેશ : ૧૯૩
- અધિકૃત ભાષા – ૬ (અંગ્રેજી, અરબી, ચીની, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ)

પ્રશ્નો :

(૧) દર વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ કયો દિવસ મનાવવામાં આવે છે ?
- વિશ્વ ફોટોગ્રાફી દિવસ

(૨) ૧૮ મી એશિયન ગેમ્સનો પ્રારંભ કયાં થયો ?
- ઇન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમબાગમાં

(૩) ૧૮ મી એશિયન ગેમ્સનોમાં ભારતીય ટીમનો ધ્વજવાહક તરીકે જોડનાર ખેલાડીનું નામ જણાવો ?
- જુનિયર વર્લ્ડ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપડા

(૪) એશિયાડ – ૨૦૧૮ના કયાં મેસ્કોર્ટને પંખીને સ્વર્ગના પંખી તરીકેની ઓળખ મળી છે ?
- 'ભિન – ભિન'

(૫) ૧૧ મું વિશ્વ હિન્દી સંમેલન કયાં શરૂ થયું ?
- મોરેશિયસ

(૬) ૧૧ માં વિશ્વ હિન્દી સંમેલનનો મુખ્ય વિષય જણાવો ?
- 'વૈશ્વિક હિન્દી ઔર ભારતીય સંસ્કૃતિ'

(૭) મોરેશિયસની રાજધાની જણાવો ?
- પોર્ટલુઇસ

(૮) કોફી અન્નાનને કેટલી વખત સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ રહ્યા ?
- બે

(૯) યુએન મહાસચિવ બનનારા પ્રથમ અશ્વેત આફ્રિકનનું નામ જણાવો ?
- કોફી અન્નાન

(૧૦) કોફી અન્નાને કયાં વર્ષમાં નોબેલ પીસ પ્રાઇઝ મળ્યું ?
- ૨૦૦૧

**20.August 2018**

**(૧) ભારતીય અંડર-૧૫ મહિલા ટીમે પહેલીવાર સેફ ચેમ્પિયનશીપ જીતી :**

- ભારતે ભૂટાનના થમ્પુમાં દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF) દ્વારા આયોજીત ૧૫ મી મહિલા ચેમ્પિયનશીપમાં પહેલીવાર સેફ ચેમ્પિયનશીપ જીતી હતી.
- તેણે ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન બાંગ્લાદેશને ૧-૦ થી હરાવી.
- ભારત તરફથી સુનિતા મુંડાએ ૬૭મો ગોલ કર્યો.
- ભારત ગત વર્ષે ૨૦૧૭માં રનરઅપ રહ્યું હતું.
- ભારતીય ટીમે ટુર્નામેન્ટમાં ચાર મેચમાં ૧૬ ગોલ કર્યા.

**SAFF મુખ્યમાહિતી :**

- સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન
- સ્થાપના : ૧૯૮૭
- હેડક્વાર્ટર : નવી દિલ્લી
- સભ્ય દેશો : ભારત, બાંગ્લાદેશ, નેપાળ, પાકિસ્તાન, ભૂટાન, શ્રીલંકા, અને માલદીવ

બાંગ્લાદેશ મુખ્યમાહિતી :

- રાજધાની : ઢાકા
- વડાપ્રધાન : શેખ હસીના

**(૨) કેન્દ્ર સરકારે કેરળમાં ૫૦૦ કરોડ રૂપિયાની તાત્કાલિક રાહત :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ પુર અસરગ્રસ્ત કેરળ માટે ૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે.
- કેરળમાં અત્યાર સુધીમાં ૩૨૪ લોકો મૃત્યુ પામ્યા છે.
- કેરળના ૧૪ જિલ્લા પાણીથી અસરગ્રસ્ત છે.
- આર્મી, નેવી, એરફોર્સ ,એનડીઆરએફ, એસડીઆરએફ, કેરળ, પોલીસ, ફાયર ડિપાર્ટમેન્ટ વગેરે તમામ એજન્સીઓ બચાવની કામગીરીમાં કરી રહી છે.

**કેરળ મુખ્યમાહિતી :**

- રાજધાની : તિરુંવનંતપુરમ
- મુખ્યપ્રધાન : પી. વિજયન
- ગવર્નર : કે. સદાસિવમ

**(૩) આદિત્ય -એલ - ૧**

- ભારત દ્વારા સૂર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ મિશન આદિત્ય એલ -૧ - ૨૦૧૯ માં લોન્ચ કરવામાં આવશે.
- આંધ્રપ્રદેશ શ્રી હરિકોટાથી ધ્રુવીય સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી - એક્સએલ) દ્વારા ૨૦૧૯- ૨૦૨૦ સુધીમાં સોલાર કોરોના અભ્યાસ માટે આદિત્ય એલ ૧ ને લોન્ચ કરવામાં આવશે.
- આદિત્ય એલ ૧ ને લાગ્રાન્ગિયન પોઇન્ટ ૧ (એલ-૧) ની આસપાસ એક હેલો ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવશે.
- આ હેલો કક્ષા પૃથ્વીથી ૫ મિલિયન કિ.મી. દૂર અને સૂર્યની બાહ્ય સ્તરોમાં છે.

**(૪) એસ.કે. અરોરાને WHO વર્લ્ડ ટોબેકો પ્રતિબંધ દિવસ ૨૦૧૭ એવોર્ડ**

- દિલ્હી સરકાર આરોગ્ય નિયામક એસ.કે. અરોરાને તમાકુના નિયંત્રણમાં અસાધારણ ફાળો આપવા બદલ પ્રતિષ્ઠિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વર્લ્ડ ટોબેકો પ્રતિબંધ દિવસ ૨૦૧૭ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- WHO ના ઇન્ડિયાના હેડ હેનક બેકદમ દ્વારા તેમને આ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- છેલ્લા છ વર્ષમાં દિલ્હીમાં તમાકુનો ફેલાવો ૫% નીચો ગયો છે.
- નેશનલ હેલ્થ પૉલિસી ૨૦૧૭ દ્વારા ક્ષય રોગમાં ૧૫% ઘટાડો અને ૨૦૨૫ સુધીમાં ૩૦% નો ઘટાડો કરવામાં આવ્યો છે.
- WHO દ્વારા દર વર્ષે વ્યક્તિગત અથવા સંગઠનને આ કાર્ય બદલ પુરસ્કાર આપવામાં આવે છે.

મુખ્યમાહિતી :

- વડુમથક : જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
- સ્થાપના : ૭ એપ્રિલ, ૧૯૪૮

**(૫) જુનિયર ટ્રેક સાયકલિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપ :**

- જુનિયર ટ્રેક સાયકલિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં એસો આલ્બેને સિલ્વર મેડલ જીત્યો હતો.
- જુનિયર ટ્રેક સાયકલિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપનું આયોજન સ્વિટ્ઝર્લેન્ડના એગલ ખાતે થયું હતું.
- એસો આલ્બને ભારત તરફથી આ મેડલ જીતનાર પ્રથમ ખેલાડી બન્યો છે.
- એસો આલ્બેન આંદામાન અને નિકોબાર ટાપુઓમાં રહે છે.

**સ્વિટ્ઝરલેન્ડ મુખ્યમાહિતી :**

- રાજધાની : બર્ન
- રાષ્ટ્રપતિ : એલન બર્સેટ

પ્રશ્નો :

(૧) દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF) દ્વારા ૧૫ મી મહિલા ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવશે.
- ભૂટનના થમ્પુમાં

(૨) ૧૫ મી મહિલા ચેમ્પિયનશીપમાં સેફ ચેમ્પિયનશીપ વિજેતા ટીમનું નામ જણાવો ?
- ભારત

(૩) SAFF નું પુરૂનામ જણાવો ?
- સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન

(૪) કેરળની રાજધાની જણાવો ?
- તિરુવનંતપુરમ્

(૫) ભારત દ્વારા સૂર્યનો અભ્યાસ કરવા માટેનું કયું મિશન લોન્ચ કરવામાં આવશે ?
– મિશન આદિત્ય એલ–૧
(૬) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વર્લ્ડ ટોબેકો પ્રતિબંધ દિવસ–૨૦૧૭ એવોર્ડ વિજેતા જણાવો ?
– એસ.કે. અરોરા
(૭) જુનિયર ટ્રેક સાયકલિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં એસો આલ્બેન કયો મેડલ જીત્યો ?
– સિલ્વર મેડલ
(૮) સ્વિટ્ઝર્લેન્ડની રાજધાની જણાવો ?
– બર્ન

## 21.August 2018

**(૧) 'મિત્રતા – ૨૦૧૮' ભારત, થાઇલેન્ડ આર્મી વચ્ચે સંયુક્ત કવાયત :**
– ભારતીય ભૂમિ સેના અને રોયલ થાઇ આર્મી દ્વારા કરવામાં આવેલ સંયુક્ત કવાયત ૧૯ ઓગસ્ટના રોજ પૂર્ણ થઇ.
– આ કવાયતને મિશન 'મિત્રતા–૨૦૧૮' તરીકે નામ આપવામાં આવ્યું હતું.
– આ કવાયત છઠ્ઠી ઓગસ્ટથી ચાચોઇંગસા પ્રાંત, થાઇલેન્ડમાં શરૂ થઇ હતી.
– સંયુક્ત રાષ્ટ્રના નિયમો હેઠળ આ કવાયત તૈયાર કરવામાં આવી છે.
– આતંકવાદ સામે કાર્યવાહી કરવા માટે બંને દેશોની સેનાઓ વચ્ચેની પરસ્પર સમજૂતી કરવામાં આવી.

**થાઇલેન્ડ મુખ્ય માહિતી :**
– રાજધાની : બેંગકોક
– વડાપ્રધાન : પ્રથુન ચાના ઓચા

**(૨) રાત્રે ૯ વાગ્યા બાદ ATM માં નહીં નાખવામાં આવે નાણાં**
– ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં લેવામાં આવેલ નિર્ણય મુજબ ૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ થી શહેરોમાં કોઇપણ એટીએમમાં રાત્રે નવ વાગ્યાની પછી રોકડ રકમ નાંખવામાં આવશે નહીં અને કોઇ ચલણી નોટોનું પરિવહન કરવામાં આવશે નહીં.
– ગ્રામીણ એટીએમમાં ૬ વાગ્યા સુધી રોકડ રકમ નાખવામાં આવશે.
– નક્સલ હિંસાથી પ્રભાવિત વિસ્તારોમાં ૪ વાગ્યા સુધી રોકડ રકમ નાખવામાં આવશે.

**(૩) અટલ સન્માન – મધ્યપ્રદેશ :**
– મધ્યપ્રદેશ સરકારે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની યાદમાં ત્રણ રાષ્ટ્રીય પુરસ્કારો જાહેર કર્યા છે.
– આ ત્રણ રાષ્ટ્રીય પુરસ્કારોમાં ઉભરતા કવિ, પત્રકારત્વ અને સુશાસનના ક્ષેત્રે પાંચ લાખ રૂપિયાના ત્રણ પુરસ્કારોનો સમાવેશ થાય છે.
– મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ આગામી શૈક્ષણિક સત્ર થી રાજ્યના શાળાના અભ્યાસક્રમમાં વાજપેયીના જીવનચરિત્રને સમાવવાની જાહેરાત કરી હતી.

મધ્યપ્રદેશ મુખ્ય માહિતી :
રાજધાની : ભોપાલ
મુખ્યપ્રધાન : શિવરાજસિંહ ચૌહાણ
રાજ્યપાલ : આનંદીબેન પટેલ

**(૪) આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંમેલન :**
– રાજધાની નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંમેલનનું આયોજન થયું.
– રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા આ સંમેલનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
– સંમેલન " BUDDHA- THE LIVING HERITAGE" વિષય પર યોજવામાં આવ્યું હતું.
– તેનો મુખ્ય હેતુ ભારતમાં બૌદ્ધ વિરાસતો પ્રત્યે લોકોને જાગૃત કરવા અને બૌદ્ધ સ્થાપત્યોનો પર્યટન ક્ષેત્રમાં વિકાસ કરવાનો હતો.
– સંમેલનમાં અમેરિકા બ્રિટન, જર્મની, ફ્રાંસ, સહિત ૨૯ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

**(૫) પેટીએમ અને અલીબાબાની ભાગીદારી :**
– ડિજિટલ પેમેન્ટ ફર્મ પેટીએમે એ આઇ– આધારિત ક્લાઉડ કમ્પ્યુટિંગ પ્લેટફોર્મ 'પેટીએમ એઆઇ ક્લાઉડ' લોન્ચ કરવા માટે ચીનની અલીબાબા કંપની સાથે ભાગીદારી કરી છે.
– આ પ્લેટફોર્મ વિકાસકર્તાઓ, સ્ટાર્ટઅપ અને એન્ટ્રપ્રિઝેસ માટે વ્યવસાય – કેન્દ્રિત એપ્લિકેશન્સ પ્રદાન કરશે.
– આ પ્લેટફોર્મ માત્ર ભારત સ્થિત સર્વર પર સ્થાનિક ગ્રાહકના ડેટાને સંગ્રહિત કરશે.
– આ પ્લેટફોર્મ માત્ર ભારત સ્થિત સર્વર પર સ્થાનિક ગ્રાહકના ડેટાને સંગ્રહિત કરશે.

**મુખ્યમાહિતી :**
– પેટીએમ સ્થાપક : વિજય શેખર શર્મા
– અલીબાબા સથાપક : જૈક મા
– અલીબાબાએ એક ક્લાઉડ કમ્પ્યુટિંગ બિઝનેસ છે., જેણે જાન્યુઆરી ૨૦૧૮માં મુંબઇ ખાતે તેની પ્રથમ ડેટા સેન્ટર ખોલ્યું હતું.

**(૬) વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડે : ૨૧ ઓગસ્ટ :**
– દર વર્ષે ૨૧ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં વર્લ્ડ સિટિઝન્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે.
– વર્લ્ડ વરિષ્ઠ સિટિઝન્સ ડે વરિષ્ઠ નાગરિકોના સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે.
– વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડે વર્ષ ૧૯૮૮ થી ઉજવવામાં આવે છે.
– આ દિવસની પ્રથમ ઉજવણી યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા દ્વારા કરવામાં આવી હતી.



Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

(૧) ભારતીય ભૂમિ સેના અને રોયલ થાઇ આર્મી વચ્ચે યોજાયેલ સંયુક્ત કવાયતનું નામ જણાવો ?
- મિત્રતા – ૨૦૧૮

(૨) મિત્રતા – ૨૦૧૮ કવાયત થાઇલેન્ડના કયા પ્રાંતમાં યોજાય હતી. ?
- ચાચોઇંગસા પ્રાંત

(૩) થાઇલેન્ડની રાજધાની જણાવો ?
- બેંગકોક

(૪) મધ્યપ્રદેશ સરકારે કોની યાદમાં ત્રણ નવાં રાષ્ટ્રીય પુરસ્કારો જાહેર કર્યા ?
- પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના યાદમાં

(૫) આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંમેલનનું આયોજન કયાં થયું હતું ?
- નવી દિલ્લી

(૬) આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંમેલનનો વિષય જણાવો ?
- " BUDDHA- THE LIVING HERITAGE"

(૭) વર્લ્ડ વરિષ્ઠ સિટિઝન્સ ડે ક્યારે મનાવવામાં આવે છે ?
- ૨૧ ઓગસ્ટ

## 22.August 2018

**(૧) ૭ રાજ્યોમાં રાજ્યપાલની નિમણૂક :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા સાત રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી.
- રાષ્ટ્રપતિ દ્વારા બિહાર, હરિયાણા, ઉત્તરાખંડ, જમ્મુ ક્શ્મીર, સિક્કિમ, મેઘાલય અને ત્રીપુરામાં રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી.

| **રાજ્ય** | **નવનિયુક્ત રાજ્યપાલ** | **પહેલાના રાજ્યપાલ** |
|---|---|---|
| બિહાર | લાલજી ટંડન | સત્યપાલ મલિક |
| જમ્મુ.કાશ્મીર | સત્યપાલ મલિક | એન એન વોહરા |
| ઉત્તરાખંડ | બેબી રાની મૌર્ય | કૃષ્ણકાંત પૉલ |
| સિક્કિમ | ગંગા પ્રસાદ | શ્રીનિવાસ પાટિલ |
| મેઘાલય | તથાગત રોય | ગંગાપ્રસાદ |
| ત્રિપુરા | ક્પ્તાનસિંહ સોલંકી | તથાગત રોય |
| હરિયાણા | સત્યદેવ નારાયણ આર્ય | ક્પ્તાનસિંહ સોલંકી |

**મુખ્યમાહિતી :**

- રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રીની સલાહથી કરવામાં આવે છે.
- ભારતના કોઇ પણ રાજ્યમાં રાજ્યપાલ પદ અંગે અનુચ્છેદ ૧૫૩ માં જોગવાઇ છે.
- રાજ્યપાલ રાજ્યના કારોબારી વડા તરીકે સેવા આપે છે.

**(૨) ઉર્દુના પ્રખ્યાત લેખીકા ઇસ્મત ચુગતાઇનું ડુડલ બનાવી ગુગલે તેમને યાદ કર્યા :**

- ઉર્દુના પ્રખ્યાત લેખીકા ઇસ્મત ચુગતાઇના જન્મદિને ગુગલ દ્વારા ડૂડલ રાખવામાં આવ્યું હતું.
- આમ પ્રખ્યાત લોકોના ડુડલ બનાવવાની પ્રથાને ગુગલે જાળવી રાખી હતી.
- ઇસ્મતથ ચુગતાઇ એવા સાહિત્યકાર હતા જેમને લેખકો બળવાખોર અને મહિલાવાદી કહેતા હતા.
- તેમની વાર્તાઓમાં સ્ત્રીઓ કેન્દ્ર સ્થાને હતા. તેમની તુલના ઉર્દુના લેખક મુન્શી પ્રેમચંદ સાથે કરાતી હતી.
- ઇસ્મત આપા તરીકે જાણીતા આ લેખિકાની પ્રખ્યાત નોવેલમાં 'લિહાફ' તો એ જમાનામાં અનેક વિવાદોને જન્મ આપ્યો હતો.
- તે ઉપરાંત તેમની એક કલિયાં, જંગલી કબુતર, એક ક્તરા એ ખુન, દિલ કી દુનિયા, છુઇમુઇ નોવેલ કથાઓ પણ ખૂબ વખણાઇ હતી.
- ભારત સરકારે સાહિત્યમાં તેમને પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યા હતા.
- ૨૪ ઓક્ટોબર, ૧૯૯૧માં તેમનું અવસાન થયું ત્યારે ફીલ્મી દુનિયાએ તેમને ખુબ યાદ કર્યા હતા.

**(૩) રાજ્યસભાની ચૂંટણીમાં નોટાના ઉપયોગને મંજૂરી ના અપાય : સુપ્રીમ :**

- સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યસભાની ચૂંટણીમાં નોટાના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો.
- રાજ્યસભાની ચૂંટણીમાં બેલેટ પેપર્સમાં નોટાના વિકલ્પને મંજૂરી આપવાની ચૂંટણી પંચના જાહેરનામાને સર્વોચ્ચ અદાલતની ચીફ જસ્ટિસ દીપક મિશ્રાના નેતૃત્વ હેઠળની બેંચે ફગાવ્યો.
- નોટા સીધી ચૂંટણીમાં વ્યક્તિગત મતદારો દ્વારા ઉપયોગમાં લેવાતો અધિકાર છે.
- સર્વોચ્ચ અદાલતના આદેશને પગલે ૨૦૧૪માં નોટાને પહેલી વાર મંજૂર કરાયો હતો.

નોટા મુખ્યમાહિતી :

- None of the Above
- મતદાતા મતદાન સમયે કોઇ ઉમેદવારને મત દેવા માંગતા ના હોય ત્યારે તે નોટાનો ઉપયોગ કરી શકે છે.
- ઉત્તર ભારતના મુખ્યમંત્રીઓની ૨૦ ઓગસ્ટ ૨૦૧૮ બેઠક યોજાય હતી.
- બેઠકમાં નશાખોરી અને તસ્કીરીને લીધે રાજ્યોમાં થઇ રહેલ મુશ્કેલીઓ થી બચવા માટે ઉત્તર ભારતના રાજ્યો એક સંયુક્ત સચિવાલયનું નિર્માણ કરશે.
- સંયુક્ત સચિવાલય હરિયાણાના પંચકુલામાં બનાવવામાં આવશે.
- આ બેઠકમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ, પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવત હાજર રહ્યા હતા.

**(૪) ચક્રવાત ચેતવણી કેન્દ્ર – તિરુવનંતપુરમ**

- કેરલ અને કર્ણાટકના સમુદ્ર તટો પર ચાલી રહેલા ચક્રાવતોને ધ્યાને લઇ કેન્દ્ર સરકાર તિરૂવનંતપુરમ ખાતે એક ચક્રવાત ચેતવણી કેન્દ્ર સ્થાપિત કરશે.

- ચક્રવાત ચેતવણીનું કેન્દ્રનું આયોજન અને નિયંત્રણ કેન્દ્રિય વિજ્ઞાન મંત્રાલય દ્વારા કરવામાં આવશે.
- મંત્રાલય ઓક્ટોબર–૨૦૧૮ સુધીમાં ચક્રવાત ચેતવણી કેન્દ્રની સ્થાપના કરશે.
- હાલ ભારતમાં ભારતીય મૌસમ વિભાગ પાસે ચેન્નઇ, વિશાખાપટ્ટનમ, ભુવનેશ્વર, કોલકત્તા, અમદાવાદ અને મુંબઇ અને ચક્રવાત ચેતવણી કેન્દ્ર કાર્યરત છે.

તિરૂવનંતપુરમ્ મુખ્યમાહિતી :

- કેરલની રાજધાની
- દેવતાઓની નગરી તરીકે પ્રખ્યાત

**(૫) ભારત અને મલેશિયાનો પ્રથમ વાયુ અભ્યાસ**

- ભારતીય વાયુસેના અને રોયલ મલેશિયા વાયુ સેના પ્રથમ વખત સંયુક્ત વાયુ અભ્યાસ શરૂ થયો.
- આ વાયુ અભ્યાસનું આયોજન મલેશિયાના સુબંગ એર બેસમાં ૨૦ ઓગસ્ટ ૨૦૧૮ થી શરૂ થયો છે.
- મલેશિયા ખાતે યોજાનાર આ અભ્યાસનું નામ એલાંગ શક્તિ રાખવામાં આવ્યું છે.

મલેશિયા – મુખ્યમાહિતી :

- રાજધાની – કુઆલાલમંપુર
- પ્રધાનમંત્રી – મહાથિર મોહમ્મદ

પ્રશ્નો :

(૧) જમ્મુ કાશ્મીરના નવનિયુક્ત રાજ્યપાલનું નામ જણાવો ?
- સત્યપાલ મલિક

(૨) રાજ્યપાલની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે ?
- રાષ્ટ્રપતિ

(૩) પ્રખ્યાત નોવેલ ‘લિહાફ’ ના કર્તા જણાવો ?
- ઇસ્મત ચુગતાઇ

(૪) ભારત સરકાર દ્વારા ઇસ્મત ચુગતાઇને કયાં એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ?
- પદ્મશ્રી

(૫) સુપ્રીમ કોર્ટે દ્વારા તાજેતરમાં કઇ ચૂંટણીમાં નોટાના ઉપયોગ પ્રતિબંધ મૂકવામાં આવ્યો ?
- રાજ્યસભાની

(૬) નશાખોરી અને તસ્કરીને લીધે મુશ્કેલીઓ થી બચવા માટે ઉત્તર ભારતના રાજ્ય સંયુક્ત સચિવાલય નિર્માણ કયાં કરશે ?
- હરિયાણાના પંચકુલામાં

(૭) હરિયાણાના મુખ્યમંત્રી જણાવો ?
- મનોહરલાલ

(૮) ચક્રવાત ચેતવણી કેન્દ્રનું આયોજન અને નિયંત્રણ કોના દ્વારા કરવામાં આવે છે ?
- કેન્દ્રિય વિજ્ઞાન મંત્રાલય

(૯) ભારતીય વાયુસેના અને મલેશિયા વાયુ સેના વચ્ચેના પ્રથમ વખત સંયુક્ત વાયુ અભ્યાસનું નામ જણાવો ?
- એલાંગ શક્તિ

(૧૦) મલેશિયાની રાજધાની જણાવો ?
- કુઆલાલંપુર

## 23.August 2018

**(૧) કોંગ્રેસી નેતા ગુરૂદાસ કામતનું અવસાન :**

- વરિષ્ઠ કોંગ્રેસી નેતા અને માજી કેન્દ્રીય મંત્રી ગુરૂદાસ કામતનું ૨૨ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ નિધન થયું.
- તેમનો જન્મ ૫ ઓક્ટોબર ૧૯૫૪ ના રોજ આંકોલ કર્ણાટક ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૭૬ માં મહારાષ્ટ્ર રાજ્યના નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઇન્ડિયાના પ્રમુખ રહ્યા હતા.
- તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ અને ૨૦૦૯ થી ૨૦૧૪ એમ બે વખત સાંસદ તરીકે ચુંટાઇ આવ્યા હતા.

**(૨) રનની દ્રષ્ટિએ ભારતની ઇંગ્લેન્ડમાં બીજી મોટી જીત :**

- ભારતે ઇંગ્લેન્ડને ત્રીજી ટેસ્ટમાં ૨૦૩ રનથી હરાવ્યું. આ જીતની સાથે જ ભારતે પાંચ મેચની સિરિઝમાં પુનરાગમન કર્યું છે.
- ટ્રેન્ટ બ્રિજમાં આ ભારતની બીજી જીત છે. સાથોસાથ ઇંગ્લેન્ડમાં રનની દ્રષ્ટિએ બીજી સૌથી મોટી જીત છે.
- ભારતે આ પહેલાં જૂન ૧૯૯૬ માં ઇંગ્લેન્ડને ૨૭૯ રનથી હરાવ્યું હતું.
- ભારતની ટ્રેન્ટ બ્રિજ પર છેલ્લી જીત જુલાઇ ૨૦૦૭ માં હતી, જ્યારે ભારત સાત વિકેટે જીત્યું હતું.
- કોહલીએ કપ્તાન તરીકે ટેસ્ટમાં ૨૨ મી જીત નોંધાવી.
- તેણે ગાંગુલીનો ૨૧ ટેસ્ટનો રેકોર્ડ તોડ્યો. કોહલી ટેસ્ટમાં બીજો સૌથી સફળ ભારતીય કપ્તાન બન્યો.
- વિરાટની કેપ્ટનશિપ હેઠળ ભારતે ૩૮ ટેસ્ટ રમી. વિરાટે ૨૨ ઑગસ્ટે પોતાની ૨૨ મી જીત નોંધાવી.

**(3) જીડીપી લક્ષ્યાંકના ૭.૪ ટકા રહેવાનો પ્રબળ આશાવાદ :**

- ડીબીએસએ ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી લક્ષ્યાંક વધારી ૭.૪ ટકા રહેવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે. જે ગતવર્ષે ૬.૭ ટકા હતો.
- શહેરી તથા બિનકૃષિ ક્ષેત્રે વધતી માગ અને જાહેર ખર્ચમાં પણ વધારાને લીધે જીડીપી વધવાની શક્યતા જણાઇ રહી છે.
- કૃષિ ક્ષેત્રે પણ સારી એવી આવકને પગલે આર્થિક વિકાસમાં વધારો નોંધાશે.
- ડીબીએસએ અગાઉ જીડીપી લક્ષ્યાંક ૭.૨ ટકા મૂક્યો હતો.
- રેરા, જીએસટી, અને નોટબંધી જેવા નિર્ણયોને પગલે દેશનો આર્થિક વિકાસ થોડા સમય માટે અસ્થિર બન્યો હતો.
- મેન્યુફેક્ચરીંગ, સર્વિસ અને ખેતી ક્ષેત્રનું પર્ફોમન્સ શ્રેષ્ઠ રહેતાં જાન્યુ– માર્ચ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૭.૭ ટકા નોંધાયો છે. જે છેલ્લા સાત ત્રિમાસિકની તુલનાએ સૌથી વધુ છે.

**(૪) ફોર્ચ્યુંનની 'ચેન્જ ધ વર્લ્ડ લિસ્ટ' માં રિલાયન્સ જિયો નંબર વન બન્યું**

- રિલાયન્સ જીઓએ ફોર્ચ્યુંનની 'ચેન્જ ધ વર્લ્ડ' યાદીમાં વિશ્વની સૌથી મોટી કંપનીઓએ પાછળ કરી પ્રથમ સ્થાને મેળવ્યું છે.
- રિલાયન્સ જીઓ યાદીમાં ફાર્મા સેક્ટરની દિગ્ગજ કંપની મર્ક અને બેન્ક ઓફ અમેરિકાથી આગળ છે.
- આ યાદીમાં નફાના હેતુથી કાર્ય કરતી અને સામાજિક સમસ્યાઓ ઉકેલવા માટે કામ કરતી વૈશ્વિક કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે.

જીઓ મુખ્યમાહિતી :

- સ્થાપના : ૨૦૧૦
- હેડક્વાર્ટર – મુંબઈ

**(૫) રાયપુરનું નામ અટલ નગર**

- છત્તીસગઢ સરકારે ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભાજપના નેતા અટલ બિહાર ભાવપેયીની યાદમાં અટલનગર તરીકે નવી રાજધાનીનું નામ રાખવાનું નક્કી કર્યું છે.
- કેબિનેટની શ્રદ્ધાંજલિ બેઠક દરમિયાન મુખ્ય પ્રધાન ડૉ. રમનસિંઘે આ નિર્ણય લીધો હતો.
- રાજધાની ઉપરાંત, કેટલાક સ્થળોએ નામ બદલવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.
- અન્ય સરકારી સંસ્થાઓ અને પરિયોજનાઓને વાજપેયીજીની યાદમાં નામ આપવામાં આવશે.
- રાજ્યના તમામ ૨૭ જિલ્લા મથકમાં વાજપેયીની પ્રતિમા સ્થાપિત થશે.

**છત્તીસગઢ મુખ્ય માહિતી :**

- રાજધાની : રાયપુર
- મુખ્યપ્રધાન : ડૉ. રમણસિંહ
- રાજ્યપાલ : આનંદીબેન પટેલ

**(૬) બુંદેલ ખંડ એક્સપ્રેસનું નામ 'અટલ પાથ' રાખવામાં આવશે.**

- ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના માનમાં ઉત્તરપ્રદેશ સરકારે બુંદેલખંડ એક્સપ્રેસ વે 'અટલ પાથ' નું નામ નક્કી કરવાનું નક્કી કર્યું છે.
- બુંદેલખંડ એક્સપ્રેસ ૨૮૯ કિ.મી. લાંબો ચાર– લેન હાઇવે છે. આ એક્સપ્રેસ વે ઝાંસીથી શરૂ થાય છે. અને ચિત્રકૂટ, બાંડા, હમીરપુર, ઔરેયા અને જાલૌન જાય છે.

ઉત્તરપ્રદેશની મુખ્ય માહિતી :

- રાજધાની : લખનૌ
- મુખ્યપ્રધાન : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામ નાઇક

**(૭) બેડમિન્ટન પ્લેયર પી.વી. સિંધુ કમાણી કરવાના મામલે દુનિયાના ટોપ – ૧૦ માં લીસ્ટમાં**

- ફોર્બ્સની હાઇએસ્ટ પેઇડ વુમન એથ્લેટ્સની યાદીમાં સિંધુ સાતમાં થાને છે.
- સિંધુની વાર્ષિક કમાણી ૫૯ કરોડ રૂપિયા છે.
- સિંધુ ૧૦ થી વધારે કંપનીઓના ઉત્પાદનનો પ્રચાર કરે છે.
- સિંધ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા એથલેટ્સ છે.
- અમેરિકાની ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સ ૧.૮૧ કરોડ ડૉલરની કમાણી સાથે આ યાદીમાં પ્રથમ ક્રમે છે.
- યાદીમાં કેરોલિન વોજનીયાકી બીજા ક્રમે છે, જ્યારે સ્લોન સ્ટીફેન્સ ત્રીજા ક્રમે છે.
- યાદીમાં પી.વી. સિંધુ એક માત્ર ભારતીય છે.

પ્રશ્નો :

(૧) ગુરૂદાસ કામતનો જન્મ ક્યાં થયો હતો ?
- આંકોલ કર્ણાટક

(૨) ટ્રેન્ટ બ્રિજમાં ભારતે કેટલામી ટેસ્ટ જીતી ?
- બીજી

(૩) કોહલીએ કપ્તાન તરીકે ટેસ્ટમાં કેટલામી જીત નોંધાવી ?
- ૨૨ મી

(૪) ફોર્ચ્યુંનની 'ચેન્જ ધ વર્લ્ડ' યાદીમાં રિલાયન્સ જીઓએ કેટલામું સ્થાન મેળવ્યું છે ?
- પ્રથમ

(૫) રિલાયન્સ જીઓની સ્થાપના ક્યાં વર્ષમાં થઇ હતી ?
- ૨૦૧૦

(૬) અટલ બિહારી વાજપેયીની યાદમાં ક્યાં રાજ્યે અટલ નગર તરીકેની નવી રાજધાનીનું નામ રાખવાનું નક્કી કર્યું છે ?
- છત્તીસગઢ

(૭) અટલ બિહારી વાજપેયીના માનમાં ઉત્તરપ્રદેશ સરકારે કયા રસ્તાનું નામ 'અટલ પાથ' કરવાનું નક્કી કર્યું છે ?
- બુંદેલખંડ એક્સપ્રેસ વે

(૮) ફોર્બ્સની હાઇએસ્ટ પેઇડ વુમન એથલેટ્સની યાદીમાં સિંધુ કેટલામાં સ્થાને છે ?
- સાતમા

(૯) ફોર્બ્સની હાઇએસ્ટ પેઇડ વુમન એથલેટ્સની યાદીમાં પ્રથમ સ્થાને કોણ છે ?
- સેરેના વિલિયમ્સ

## 24.August 2018

**(૧) સરકાર હવે ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા માટે નવા નિયમ બનાવશે.**

- કેન્દ્ર સરકારે ઇન્ટરનેટ અને મીડિયા કંપની માટે નવા નિયમ બનાવવાનું નક્કી કર્યું છે. તેનો મુસદ્દો તૈયાર થઇ ગયો છે. જે સપ્ટેમ્બરમાં જારી થશે.

**મુસદ્દામાં આ નિયમ :**

- કંપનીએ ફેક ન્યૂઝ કે અફવાની ફરિયાદ થતાં કલાકોમાં જ પગલા ભરવા પડશે.
- ખોટી માહિતી ફેલાવનારને ઓળખી સરકારને તેની માહિતી આપવી પડશે.

- જે અધિકારીને ફરિયાદ મોકલવાની હશે તેમના નામ જાહેર કરાશે.
- કંપનીઓએ આપત્તિજનક માહિતી ૩૬ કલાકમાં હટાવવાની હોય છે તે ટાઇમ હવે ઘટાડાશે.

**(૨) વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩ ઓગસ્ટના રોજ ગુજરાતના એક દિવસીય પ્રવાસ દરમ્યાન મહેમાન બન્યા હતા.
- વલસાડ ખાતે સભાને સંબોધિત કરતાં તેમણે રક્ષાબંધન પૂર્વે બહેનોને શુભેચ્છા આપતા ૧.૧૫ લાખ લાભાર્થીઓને ઇ- ગૃહપ્રવેશ કરાવ્યો હતો.
- ત્યારબાદ વડાપ્રધાન મોદી જુનાગઢના મહેમાન બન્યા હતા ત્યાં તેઓએ નવનિર્મિત સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં આવેલાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે ચોથો પદવીદાન ૫૧૨ વિદ્યાર્થીઓને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી, ૫ પીએચડીની ડિગ્રી, ૪૦ વિદ્યાર્થીઓને વડાપ્રધાનના હસ્તે ગોલ્ડ મેડલ અપાયા હતા.
- ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રૂા. ૩૦૦ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સલન્સ બનાવવામાં આવશે. જેમાં ૬૦ ટકા રકમ કેન્દ્ર સરકાર ફાળવશે.
- ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે રૂા. ૫૦ કરોડની ફાળવ્યા છે.

**(૩) રિલાયન્સ M Cap રૂા. ૮ લાખ કરોડ ક્રોસ કરનારી પ્રથમ ભારતીય કંપની :**

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ રૂા. ૮ લાખ કરોડનું માર્કેટકેપ ક્રોસ કરનારી સૌપ્રથમ કંપની બની છે.
- ઇન્ટ્રા–ડે શેરનો ભાવ રૂા. ૧૨૭૩.૫૫ ઐતિહાસિક ટોચે આંબી ગયો હતો.
- જે છેલ્લે ૧.૮૬ ટકા (રૂા. ૨૩.૨૦) ના સુધારા સાથે રૂા. ૧૨૬૯..૭૦ની નવી ટોચે બંધ રહ્યો હતો.
- જેના કારણે કંપનીનું માર્કેટકેપ રૂા. ૮.૦૪ લાખ કરોડની સપાટીએ રહ્યું હતું.
- માર્કેટકેપની દ્રષ્ટિએ નજીકની પ્રતિસ્પર્ધી ટીસીએસનું માર્કેટકેપ રૂા. ૭.૭૯ લાખ કરોડે પહોંચ્યું છે.

રિલાયન્સ મુખ્યમાહિતી :

- સ્થાપના : ૧૯૬૬
- સ્થાપક : ધીરુભાઇ અંબાણી
- પ્રમુખ અને એમડી – મુકેશ અંબાણી

**(૪) નાસા દેશના સૌથી ઓછા વજનના માઇક્રો ઉપગ્રહ ‘જયહિંદ–૧ એસ’નું પરીક્ષણ કરશે.**

- ચેન્નાઇના એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓએ બનાવેલા દેશના સૌથી ઓછા વજનના માઇક્રો ઉપગ્રહ ‘જયહિંદ– ૧ એસ’ નું લોચિંગ નાસા કોલંબિયા સાયન્ટિફિક બલુને ફેસિલિટીથી કરવામાં આવશે.
- માત્ર ૩૩.૩૯ ગ્રામનો ઉપગ્રહ ૩ડી પ્રિન્ટેડ નાયલોનથી બનેલો છે.
- તે વજનમાં હળવો, પરંતુ ઉચ્ચ સ્તરે ગરમી અને અપઘર્ષણ પ્રતિરોધક છે.
- તે તાપમાન,દબાણ અને ભેજ પણ રેકોર્ડ કરશે.

**(૫) ઝુલન ગોસ્વામી : ટી–૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ :**

- મુંબઇ મહિલા ક્રિકેટ ટીમની ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય ટ્વેન્ટી–૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.
- બીસીસીઆઇએ આ માહિતી આપી.
- ઝુલને પહેલી ટ્વેન્ટી–૨૦ મેચ ઓગસ્ટમાં રમી હતી.
- ક્રિકેટના ત્રણે ફોર્મેટમાં એક ઈનિંગમાં ૫ વિકેટ લેનારી એકમાત્ર ભારતીય બોલર ઝુલન હવે માત્ર વનડેમાં રમશે.

**(૬) લેખક કુલદીપ નૈય્યરનું નિધન :**

- વરિષ્ઠ પત્રકાર અને લેખક કુલદીપ નૈય્યરનું ૨૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ ૯૫ વર્ષની જૈફ વયે નિધન થયું.
- તેમણે પીઆઇબીથી લઇને ‘ધ સ્ટેટ્સમેન’ અને ‘ધ ટાઇમ્સ’ સુધીનાં અખબારો સાથે કામ કર્યું.
- કુલદીપજી સિયાલકોટ (હાલ પાકિસ્તાન) માં જન્મ્યા હતા. અને ભારતના અગ્રણી પત્રકારોમાં સ્થાન મેળવ્યું.
- ૭૦ વર્ષથી વધુ સમય પત્રકારત્વ અને લેખન સાથે જોડાયેલા રહ્યા. તેમણે ૮૦ થી વધુ અખબારો માટે લખ્યું.
- તેમણે ૧૫ પુસ્તકો પણ લખ્યાં. દેશમાં કટોકટી લદાઇ હતી ત્યારે તેમણે તેનો ખૂબ વિરોધ કર્યો હતો. પરિણામે જેલમાં ગયા.
- ૧૯૯૭ માં તેઓ રાજ્યસભાના સાંસદ પણ બન્યા હતા.

**(૭) કેરળ પૂર : ભારતે યુએઇની ૭૦૦ કરોડના સહાય નકારી :**

- સંયુક્ત અરબ અમીરાત (યુએઇ) એ કરેલા આપત્તિજનક પૂરને પહોંચી વળવા રૂા. ૭૦૦ કરોડની સહાય ભારતને આપી હતી. પરંતુ કેન્દ્ર સરકારને તેનો સ્વીકાર ન કર્યો.
- ૨૦૦૪ થી આપત્તિ સહાયની નીતિમાં ફેરફારને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતે રશિયા, અમેરિકા અને જાપાનથી આવતી સહાયની નકારી છે.

સંયુક્ત અરબ અમીરાત મુખ્યમાહિતી :

- રાજધાની : અબુધાબી
- પ્રમુખ : ખલિફા બિન ઝૈદ અલ નહ્યાન

**(૮) એસસીઓની લશ્કરી કવાયત ભારત :**

- ભારત પાક. રશિઆમાં પહેલીવાર એસસીઓની લશ્કરી કવાયતમાં ભાગ લેશે.
- રશિયામાં આયોજિત શાંઘાઇ કો– ઓપરેશન શિખર પરિષદમાં ભારત – પાકિસ્તાનની સેના સંયુક્ત રીતે આતંકવાદ વિરોધી લશ્કરી કવાયત કરશે.

- ભારત જૂન – ૨૦૧૭ માં એસસીઓનું સભ્ય બન્યું એ પછી પહેલીવાર લશ્કરી કવાયતમાં ભાગ લઇ રહ્યું છે.
- એસસીઓના સભ્ય દેશો વચ્ચે દર બે વર્ષે સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવે છે.
- રશિયાના ચેબાકુલ નામના સ્થળે ૨૨ મી ૨૯ મી ઓગસ્ટ દરમિયાન સેન્ટ્રલ મિલિટરી કમિશન ઓફ રશિયા દ્વારા આ સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરાઇ રહ્યું છે.
- એસસીઓના નિયમો પ્રમાણે, આ લશ્કરી કવાયતમાં આંતરરાષ્ટ્રીય સ્તરની કાઉન્ટર ઇસ્યોર્જન્સી ડ્રીલ પણ યોજવામાં આવશે.
- આ કવાયતમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન,, તાજાકિસ્તાન, કિર્ગિસ્તાન, ભારત અને પાકિસ્તાનના ત્રણ હજારથી વધુ લશ્કરી જવાનો ભાગ લેશે.
- આ કવાયતનું નિરીક્ષણ ઉઝબેકિસ્તાનના પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવશે.

**(૯) રાંચીમાં ઇન્ટરનેશનલ વોટર કલર્સ તેહવાર :**

- ઝારખંડના રાંચીમાં ૨૩ થી ૨૭ ઓગસ્ટના રોજ ઇન્ટરનેશનલ વોટરકલર ફેસ્ટિવલ યોજવામાં આવશે.
- આ ફેસ્ટિવલમાં ૨૪ દેશો અને ઝારખંડ સહિતના ૨૫ ભારતીય રાજ્યોના ચિત્રકારો તેમની કલા અને રચનાઓનું પ્રદર્શન કરશે.
- આર્ટસ, સંસ્કૃતિ, રમતગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.
- રાંચી – ઝારખંડની રાજધાની

પ્રશ્નો :

(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદી કઇ યુનિવર્સિટીના ચોથા પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી

(૨) તાજેતરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે કેટલી માર્કેટકેપ ક્રોસ કરનારી સૌપ્રથમ કંપની બની છે ?
- રૂા. ૮ લાખ કરોડ

(3) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૬૬

(૪) ચેન્નાઇના એન્જિનિયરીંગ વિદ્યાર્થિઓએ બનાવેલા દેશના સૌથી મોટા વજનના માઇક્રો ઉપગ્રહનું નામ જણાવો ?
- જયહિંદ –૧ એસ

(૫) 'જયહિંદ –૧ એસ' નું લોચિંગ ક્યાથી કરવામાં આવશે ?
- નાસા કોલંબિયા સાયન્ટિફિકબુલને ફેસિલિટીથી

(૬) તાજેતરમાં કઇ મહિલા ભારતીય ક્રિકેટરે નિવૃત્તી જાહેર કરી ?
- ઝૂલન ગૌસ્વામી

(૭) વરિષ્ઠ પત્રકાર અને લેખક કુલદીપ નૈયરને જન્મ કયાં થયો હતો ?
- સિયાલકોટ (હાલ પાકિસ્તાન)

(૮) ભારત– પાક. રશિયામાં પહેલીવાર કઇ લશ્કરી કવાયતમાં ભાગ લેશે. ?
- એસસીઓની

(૯) ભારત ક્યારે એસસીઓનું સભ્ય બન્યું.
- જૂન – ૨૦૧૭

(૧૦) એસસીઓના સભ્ય દેશો વચ્ચે કેટલા વર્ષે સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવે છે ?
- દર બે વર્ષે

## 25.August 2018

**(૧) ભારતમાં વિમાન બાયોફ્યુઅલથી ઊડશે :**

- ભારત બાયોફ્યુઅલથી વિમાન ઉડાડ્યું હોય તેવા ગ્રુપમાં સામેલ થશે.
- ૨૭ ઓગસ્ટ – ૨૦૧૮ થી સ્પાઇસ જેટનું વિમાન બાયોફ્યુઅલની મદદથી દહેરાદૂનથી દિલ્હી જશે.
- કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા જેવા વિકસિત દેશ આવું કરી ચૂક્યા છે.
- ભારત આવું કરનારો પહેલો વિકાસશીલ દેશ બનશે.

**સ્પાઇસજેટ મુખ્યમાહિતી :**

- સ્થાપના : મે ૨૦૧૬
- હેડક્વાર્ટર : દિલ્હી
- સીઇઓ : સંજય અગ્રવાલ

**(૨) સ્કોટ મોરિસન ઑસ્ટ્રેલિયાના નવા વડાપ્રધાન :**

- પીટર ડ્યુટન સામે ૪૫–૪૦ આંતરિક મત જીત્યા પછી સ્કોટ મોરિસન ઑસ્ટ્રેલિયાના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઇ આવ્યા છે.
- માલ્કમ ટર્નબુલ પછી મોરિસન આ પોસ્ટનો હવાલો હશે., ટર્નબુલ પક્ષના સાંસદોનો ટેકો ગુમાવ્યા બાદ ચૂંટણી યોજવામાં આવી હતી.

ઑસ્ટ્રેલિયા મુખ્યમાહિતી :

- રાજધાની : કેનબરા
- વડાપ્રધાન – સ્કોટ મોરિસન

**(3) લાલચંદ રાજપૂત ઝિમ્બાબ્વે ટીમના હેડકોચ બન્યા.**

- ભારતીય ક્રિકેટ ટીમને પહેલા ટી–૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવનાર કોચ લાલચંદ રાજપૂત હવે ઝિમ્બાબ્વે ક્રિકેટ ટીમના હેડ કોચ તરીકે ફરજ બજાવશે.
- ઝિમ્બાબ્વે પુરૂષોની ટીમની સંપૂર્ણ સમયની ટીમ તરીકે પસંદ કરવામાં આવ્યા
- આ પહેલા તે જુનથી ઝિમ્બાબ્વે ટીમના અંતરીમ કોચ હતા.

**(૪) માનવ ઠક્કરે સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જીત્યા :**

- મ્યાનમારના ના ય પીઇન્ટા ખાતે યોજાયેલી એશિયન જુનિયર કેડેટ ટેબલ ટેનિસમાં ગુજરાતના માનવ ઠક્કરે સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.
- જ્યારે ગુજરાતના માનુષ શાહે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

- સુરતનો માનવ અને બરોડાનો માનુષ સિલ્વર મેડલ જીતનારી ભારતીય ટીમમાં સામેલ હતા.

**(૫) ઓરિસ્સા કેબિનેટે વિધાન પરિષદ મંજૂરી આપી :**

- ઓડિશા સરકારે રાજ્યમાં વિધાન પરિષદની સ્થાપનાની દરખાસ્તને મંજૂરી આપી.
- હાલની વિધાન પરિષદમાં ૪૯ સભ્યો હશે.
- ભારતીય બંધારણની કલમ ૧૭૧ (૧) મુજબ રાજયની વિધાન પરિષદમાં સભ્યોની કુલ સંખ્યા તે રાજયની વિધાનસભામાં કુલ સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ કરતા વધારે ન હોવી જોઇએ.

ઓરિસ્સા મુખ્યમાહિતી :

- રાજધાની : ભુવનેશ્વર
- મુખ્યપ્રધાન : નવીન પટનાયક
- રાજ્યપાલ – ગણેશલાલ

**(૬) પશુ રસીકરણ કાર્યક્રમ : ગુજરાત સરકાર :**

- ગુજરાત સરકાર દ્વારા પશુ રસીકરણ કાર્યક્રમ રાજ્યવ્યાપી શરૂ કરવામાં આવ્યો.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખરવા મોવાસા થી રસીકરણ કાર્યક્રમનો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો.
- તેમણે ગૌમાતાનું પૂજન અર્ચન કરી પશુ નિદાન અને સારવારની જાણકારી મેળવી હતી.
- સરકાર દ્વારા ગુજરાત ભરમાં પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી પશુઓમાં થતાં ગંભીર રોગોનું વિનામુલ્યે નિદાન કરવામાં આવશે.

**(૭) સેવા સેતુ કાર્યક્રમ – ચોથો તબક્કો :**

- રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ચોથા તબક્કાનો ૨૪ ઓગસ્ટથી પ્રારંભ કરવામાં આવ્યો.
- મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઢેઢલા ગામેથી સેવા સેતુ કાર્યક્રમનો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.
- સરકારના સેવા સેતુ કાર્યક્રમથી ૧૩ સરકારી વિભાગો સંબંધિત ૫૫ યોજનાઓનો લાભ રાજ્યના દરેક નાગરિકને મળી શકશે.
- કાર્યક્રમ ૮ થી ૧૦ ગામોને આવરી લઇ એક જ જગ્યાએ અમલમાં મુકવામાં આવશે.
- સેવા સેતુ કાર્યક્રમમાં સરકાર રાજ્યના તમામ ૧૮૦૦૦ ગામોને આવરી લેશે.
- સેવા સેતુ કાર્યક્રમમાં પ્રથમ ત્રણ તબક્કામાં રાજ્યના ૧ કરોડથી વધુ લોકોએ લાભ લીધો હતો.

**(૮) સ્વચ્છ પરિવહન સર્વે :**

- સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ દ્વારા દેશભરમાં સ્વચ્છ પરિવહન સર્વે કરવામાં આવ્યો.
- સર્વેમાં ભોપાલ અને કોલકાતા શહેર ટોપ પર રહ્યાં છે.
- પર્યાવરણ મોટાં કામ કરતી સંસ્થાએ દેશના ૧૪ મોટા શહેરમાં વાહનોની સંખ્યાની તુલનામાં ઉત્સર્જનના આંકડાઅઓનો અભ્યાસ કર્યો હતો.
- સર્વેમાં રાજધાની દિલ્હી અંતિમ ૧૪માં સ્થાન પર છે.
- દેશમાં સ્વચ્છ પરિવહન મામલે ગુજરાતનું અમદાવાદ ૮ માં ક્રમે છે.
- સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટના કાર્યકારી અધિકારી – અનુમિતા રોય ચૌધરી

**(૯) સેમિ હાઇ સ્પીડ ટ્રેન :**

- સેમિ હાઇ સ્પીડ ટ્રેનનું ૧૮ સપ્ટેમ્બરથી પરીક્ષણ કરવામાં આવશે.
- ભારતીય રેલવે સપ્ટેમ્બર ૨૦૧૮ થી સ્વદેશી રીતે બનાવવામાં આવેલ સેમિ હાઇ સ્પીડ ટ્રેન ૧૮ પરીક્ષણ શરૂ કરશે.
- સેમિ હાઇ સ્પીડ ટ્રેનએ ભારતીય રેલવેની પહેલી નોન એન્જિન ટ્રેન હશે, જે શહેરની અંદર મુસાફરી માટે બનાવવામાં આવી છે.
- તે ચેન્નાઇમાં ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઇસીએફ) દ્વારા બનાવવામાં આવી રહી છે.

## 26.August 2018

**(૧) ડૉ. જી. સતિશ રેડ્ડી ડીઆરડીઓ ના નવા અધ્યક્ષ :**

- સંરક્ષણ મંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર અને જાણીતા એરોસ્પેસ વૈજ્ઞાનિક ડૉ. જી. સતિશ રેડ્ડીની સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ) ના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- ડૉ. એસ. ક્રિસ્ટોફરની સેવા નિવૃતિ બાદ ડૉ. જી. સતિશ રેડ્ડીને આ પદ સોપવામાં આવ્યું.

**ડીઆરડીઓ મુખ્યમાહિતી :**

- Defence research and Developmentg organization
- (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા)
- સ્થાપના : ૧૯૫૮
- પ્રમુખ : ડૉ. સતીશ રડ્ડી
- મુદ્રાલેખ : બલસ્ય મૂલં વિજ્ઞાનમ્ , ‘Strength’ s origin is in Science’

**(૨) સેનાને નવા શસ્ત્રો :**

- સંરક્ષણ મંત્રાલયે આર્મી અને નૌકાદળ માટે નવા સંરક્ષણ સાધનોને મંજૂરી આપી દીધી છે.
- તેના હેઠળ નૌકાદળ માટે ૧૧૧ બહુઉદ્દેશીય હેલિકોપ્ટર અને અંદાજે ૧૫૦ આર્ટિલરી ગન સિસ્ટમ ખરીદાશે.
- ૪૬૦૦૦ કરોડ રૂપિયાની દરખાસ્તોને મંજૂરી આપી દીધી છે.
- હેલિકોપ્ટર ડીલ પર અંદાજે ૨૧ હજાર કરોડ રૂપિયા ખર્ચ થશે.

**(૩) સાંસદ અને ધારાસભ્યોને રેટિંગ આપવા માટે NETA એપ્લિકેશન**

- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ સંસદ અને વિધાનસભા સભ્યો (વિધાનસભા) ને રેટ કરવા માટે નેશનલ ઇલેક્ટ્રોનલ ટ્રાન્સફોર્મેશન એપ્લિકેશન (NETA) લોન્ચ કરી.
- (NETA)- Leader's Report Card' એપ્લિકેશન, ૨૭ વર્ષીય ઉદ્યોગ સાહસિક મિત્તલ દ્વારા બનાવવામાં આવી છે.
- આ એપ્લીકેશનમાં મતદારો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સમીક્ષા અને મૂલ્યાંકન કરી શકે છે.

**(૪) સુષ્મા સ્વરાજની યાત્રા :**

- સુષ્મા સ્વરાજ વ્યૂહાત્મક સહકારને મજબૂત કરવાનો હેતુથી ૨૭ ઓગસ્ટથી ચાર દિવસની યાત્ર પર જશે.
- તેઓ ઓગસ્ટ ૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ વિયેતનામ પ્રવાસ કરશે., જ્યારે ૨૯ ઓગસ્ટના દિવસે તેઓ કંબોડિયાની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત હશે.
- વિયેતનામ મુખ્યમાહિતી :
- રાજધાની : હનોઇ
- રાષ્ટ્રપતિ – ત્રાન દાઇ ક્વાંગ

કંબોડિયા મુખ્યમાહિતી :

- રાજધાની : નામ પેહ્રુ
- રાષ્ટ્રપતિ : હુન સેન

**(૫) ઉત્તર પ્રદેશના તમામ જિલ્લાઓમાં પોષણ યોજનાની શરૂઆત :**

- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ રાજ્યના તમામ જિલ્લાઓમાં પોષણ યોજનાની શરૂઆત કરાવી.
- મુખ્યંત્રી દ્વારા રાજ્યના તમામ ૭૫ જિલ્લાઓના આઠ સો વીસ કૉમ્યુનિટી આરોગ્ય કેન્દ્રો અને વીસ હજારથી વધુ અને એન એમ. કેન્દ્રોમાં સ્વાસ્થ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ઉત્તરપ્રદેશ મુખ્યમાહિતી :**

- રાજધાની : લખનૌ
- મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- રાજ્યપાલ : રામ નાયક

પ્રશ્નો :

(૧) ડીઆરડીઓ ના નવા અધ્યક્ષ નું નામ જણાવો ?
- ડૉ. જી. સતિશ રેડ્ડી

(૨) ડીઆરડીઓનું પુરૂનામ જણાવો ?
- Defence Research and Development organization

(૩) NETA એ એપ્લીકેશન કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી

(૪) NETA એપ્લીકેશન કોના દ્વારા બનાવવામાં આવી ?
- ઉદ્યોગ સાહસિક મિત્તલ

(૫) સુષ્મા સ્વરાજ વ્યૂહાત્મક સહકારને મજબૂત કરવાના હેતુથી કયાં દેશની યાત્રા પર જશે ?
- વિયેતનામ અને કંબોડિયા

(૬) હનોઇ કયાં દેશની રાજધાની છે ?
- વિયેતનામ

(૭) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી જણાવો ?
- યોગી આદિત્યનાથ

## 27.August 2018

**(૧) અમરનાથ યાત્રા સંપન્ન :**

- છડી મુબારક પવિત્ર અમરનાથ ગુફામાં પહોંચવાની સાથે ધાર્મિક યાત્રા ૨૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સંપન્ન થઇ.
- દર વર્ષે જેઠ મહિનાની પુનમના દિવસે શરૂ થનારી અમરનાથ યાત્રા શ્રાવણ માસની પુનમના દિવસે પૂર્ણ થાય છે.
- ૨૭ જુનથી શરૂ થયેલી યાત્રાના ૬૦ દિવસમાં ૨.૮૫ લાખ શ્રદ્ધાળુંઓએ શિવલિંગના દર્શન કર્યા હતા. ગત વર્ષ ૨.૬૦ લાખ શ્રદ્ધાળુ આવ્યા હતા.
- અમરનાથ તીર્થયાત્રા હિન્દુઓના મહત્વપૂર્ણ તીર્થસ્થળ પૈકીની એક હોવાનું માનવામાં આવે છે.
- અમરનાથ ગુફા દક્ષિણ કાશ્મીરના હિમાલય વિસ્તારમાં છે. જે શ્રીનગરથી ૧૪૧ કિ.મી. દૂર છે, આ ગુફા ૧૨,૭૫૬ ફૂટની ઊંચાઇ પર છે.
- આ તીર્થયાત્રા જમ્મુ – કાશ્મીર અમરનાથજી તીર્થસ્થળ અધિનિયમ ૨૦૦૦ અંતર્ગત ગઠિત અમરનાથ તીર્થસ્થળ બોર્ડ દ્વારા આયોજિત કરવામાં આવે છે.
- આ યાત્રાનો લાભ ૧૪ થી ૭૪ વર્ષના લોકો જ લઇ શકે છે.

**(૨) ૪૭ મી મન કી બાત :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૭ મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં લોકસભા અને બધા રાજ્યોની વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવા અંગે થઇ રહેલી ચર્ચાને લોકતંત્ર માટે શુભ સંકેત ગણાવી.
- મોદીએ કહ્યું કે બંધારણના ૯૧માં સુધારા માટે ભારત હંમેશા અટલજીનો આભારી.

Vivekanand Academy Gandhinagar

- અટલજી દ્વારા ૨૦૦૧ થી બજેટનો સમય બદલાવી સવારે ૧૧ વાગ્યાનો કરવામાં આવ્યો હતો તેની પહેલા સાંજે ૫ વાગ્યે બજેટ રજૂ થતું તે વાતની મોદીએ પ્રશંસા કરી હતી.
- અટલ સરકારના સમયમાં જ રાજ્યોમાં મંત્રીમંડળનું કદ કુલ વિધાનસભા બેઠકોના ૧૫ ટકા સુધી મર્યાદિત રાખવા અને પક્ષ પલટા વિરોધી કાયદાનો વ્યાપ એક તૃતિયાંશથી વધારીને બે તૃતિયાંશ કરવાનો નિર્ણય લેવાયો હતો.
- મોદીએ મન કી બાત દરમ્યાન દેશવાસીઓને રક્ષાબંધન અને જન્માષ્ટની શુભકામના પાઠવી હતી.
- મોદીએ તમિલ ભાષાનું મહત્વ જણાવતા કહ્યું તમિલ ભાષા સૌથી જૂની ભાષા છે.
- મોદીએ ઇન્ડોનેશિયામાં રમાતી એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓને જુદી જુદી રમતોમાં જીતેલા મેડલો માટે અભિનંદન આપ્યા હતાં.
- બાળ ગંગાધાર તિલકના સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને હું તે મેળવીને જ જંપીશ, તેને યાદ કરીને મોદીએ કહ્યું કે હવે લોકોએ એવો નારો લગાવવો જોઇએ કે સુચારુ વહીવટ મારો જન્મસિદ્ધ અધિકાર છે. અને હું તે મેળવીને જ જંપીશ
- દરેક ભારતીયને સુચારુ વહીવટ અને વિકાસના લાભ મળવા જોઇએ.
- કાયદા સરળ બનાવીને અમારી સરકારે આ દિશામાં ઘણાં સારાં કામ કર્યા છે.
- મોદીએ ગુરૂગ્રામની દિવ્યાંગ કિશોરી અનુષ્કા પાડાને સીબીએસઇમાં ૯૭.૮ ટકા લાવવા બદલ અભિનંદન આપ્યાં હતાં અને તેમાંથી પ્રેરણા લેવા લોકોને કહ્યું હતું.

**(૩) દેશની પ્રથમ લક્ઝરી ક્રૂઝ :**

- મુંબઇથી ગોવા વચ્ચે દેશની પ્રથમ લક્ઝરી ક્રૂઝ સેવા –૧ ઓક્ટોબરથી શરૂ થશે.
- તેની ટ્રાયલ ઓગસ્ટમાં થઇ ચૂકી ચછે.
- આ ક્રૂજ લાઇનરને એન્ગ્રિયા નામ આપવામાં આવ્યું છે.
- મુંબઇ– ગોવા વચ્ચે ક્રુઝ સર્વિસનું સંચાલન સી– ઇગલ કંપની કરશે.
- આ ક્રુઝ ટર્મિનલના વિકાસ માટે એક હજાર કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

પ્રશ્નો :

(૧) અમરનાથ યાત્રાની શરૂઆત ક્યારે થાય છે ?
- દર વર્ષે જેઠ મહિનાની પુનમના દિવસે

(૨) અમરનાથ ગુફા કયાં વિસ્તારમાં છે ?
- દક્ષિણ કાશ્મીરના હિમાલયમાં

(૩) અમરનાથ તીર્થયાત્રા કયાં અધિનિયમ અંતર્ગત યોજવામાં આવે છે ?
- જમ્મુ કાશ્મીર અમરનાથ યાત્રાનું તીર્થસ્થળ અધિનિયમ ૨૦૦૦ અંતર્ગત

(૪) અમરનાથ તીર્થયાત્રા આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ?
- અમરનાથ તીર્થસ્થળ બોર્ડ દ્વારા

(૫) વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ક્યારે મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું ?
- ૩ ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ

(૬) વડાપ્રધાન મોદીએ તાજેતરમાં કેટલામી મન કી બાત સંબોધી ?
- ૪૭ મી

(૭) કોના દ્વારા ૨૦૦૧ થી બજેટનો સમય બદલાવી સવારે ૧૧ વાગ્યાનો કરવામાં આવ્યો હતો ?
- અટલજી

(૮) દેશની પ્રથમ લક્ઝરી ક્રૂજ સેવા કયાં બે સ્થળ વચ્ચે શરૂ થશે ?
- મુંબઇ અને ગોવા

(૯) દેશની પ્રથમ લક્ઝરી ક્રૂજ લાઇનરનું નામ જણાવો ?
- એન્ગ્રિયા

(૧૦) દેશની પ્રથમ લક્ઝરી ક્રૂઝ સેવાનું સંચાલન કઇ કંપની દ્વારા કરવામાં આવશે ?
- સી ઇગલ

## 28.August 2018

**(૧) ઝવેરચંદ મેઘાણી – જન્મજયંતિ :**

- ‘રાષ્ટ્રીય શાયર ’ ઝવેરચંદ કાળીદાસ મેઘાણીની ૨૮ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ૧૨૨ મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૨૮ ઓગસ્ટ ૧૮૯૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકમાં થયો હતો.
- ઝવેરચંદ મેઘાણીએ એક કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક– સંપાદક– વિવેચક– અનુવાદક હતા.
- ઇ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો.
- ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતાં.
- ઇ.સ. ૧૯૪૬માં તેમની પુસ્તક ‘માણસાઇના દીવા’ ને મહીડાં પારિતોષિકથી સનમાનવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં હતાં.
- તેઓએ સૌરાષ્ટ્રની રસધાર, રઢિયાળી રાત, કંકાવટી, માણસાઇના દીવા, સોરઠી સંતો, સિંધુડો, તુલસી ક્યારો, છેલ્લો કટોરો તેવા સાહિત્ય આપ્યાં હતાં.
- તેમનું મૃત્યુ ૯ માર્ચ ૧૯૪૭ના રોજ થયું હતું.

**(૨) ડ્રોનના સામાન્ય ઉપયોગને મંજૂરી :**

- કેન્દ્ર સરકાર દ્વારા ડ્રોનના નાગરિક વપરાશની મંજૂરી આપવામાં આવી છે.
- નાગરિક વપરાશની મંજૂરી ૧ ડિસેમ્બરથી અમલી બનશે.

- કૃષિ સર્વે અને આપત્તિના સમયે તેનો ઉપયોગ થઇ શકશે.
- ચીજવસ્તુઓની હોમ ડિલિવરી માટે ડ્રોનનો ઉપયોગ નહીં થાય.
- આ માટે વપરાશકર્તાઓએ તેમના ડ્રોન અને માલિકોને એકવાર નોંધણી કરાવવી પડશે.
- વિદેશી નાગરિકો દેશમાં ડ્રોનનો ઉપયોગ નહીં કરી શકે.
- ભવિષ્યમાં રાત્રે પણ ડ્રોનના ઉપયોગને મંજૂરી મળશે.

એર સ્પેસના ત્રણ ભાગ :

(૧) રેડ ઝોન – ઉડ્ડયનની પરવાનગી નથી (એરપોર્ટ, આંતરરાષ્ટ્રીય બોર્ડર, દિલ્હીનો વિજય ચોક, રાજ્યોના સચિવાલય અને સુરક્ષા સાથે સંકળાયેલા અન્ય સ્થળો)

(૨) યેલો ઝોન : નિયંત્રિત વાયુ ક્ષેત્ર (પરવાનગી બાદ ઉડ્ડયન)

(૩) ગ્રીન ઝોન : સ્વચાલિત અનુમતી ક્ષેત્ર (દિવસ દરમિયાન ૪૦૦ ફૂટ ઉંચાઇ સુધી જ ઉડ્ડયનની પરવાનગી)

**(૩) એસબીઆઇ – ૧૩૦૦ બ્રાન્ચના નામ IFSC કોડ બદલશે.**

- એસબીઆઇ દેશની તેની લગભગ ૧૨૯૨ શાખાના નામ અને આઇએફસી કોડ બદલશે.
- બેન્ક સાથે ૬ સહયોગી બેન્ક અને મહિલા બેન્કના મર્જર બાદ આ નિર્ણય લેવાયો છે.
- થોડા સમય અગાઉ ભારતીય મહિલા બેન્ક અને અન્ય ૬ બેંક એસબીઆઇ સાથે મર્જ થઈ હતી.

IFSC મુખ્ય માહિતી

- Indian Financial System code
- IFSC એ ઇલેક્ટ્રિક ફંડ ટ્રાન્સફર કરવા માટેનો એક આલ્ફન્યુમરિક કોડ છે, જે દેશની કોઇ પણ બેન્ક અને તેની શાખા દર્શાવે છે.
- IFSC કોડ કુલ ૧૧ અક્ષરનો બનેલો હોય છે. જેમાં પ્રથમ ૪ અક્ષર બેન્ક દર્શાવે છે અને છેલ્લા ૬ અક્ષર શાખા દર્શાવે છે.

**(૪) ગુજરાતનો સૌથી મોટો ગ્રીન પાર્ક – સુરત**

- ગુજરાતના સુરત જિલ્લામાં રાજ્યનો સૌથી મોટો ગ્રીન પાર્ક બનશે.
- આ ગ્રીન પાર્કનું નિર્માણ સુરત મહાનગરપાલિકા દ્વાર કરવામાં આવશે.
- સુરતના અલથાણ બમરોલી વિસ્તારના ખાડી કિનારે નિર્માણ પામશે.
- ગ્રીન પાર્કમાં ૧ લાખ વૃક્ષો વાવવામાં આવશે, ચિલ્ડ્રન પાર્ક, વોક – વે સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

**(૫) પદ્મશ્રી ડૉ. સુધીર શાહની બી.સી. રોય એવોર્ડ માટે પસંદગી :**

- જાણીતા ન્યુરોલોજિસ્ટ ડૉ. સુધીરભાઇ શાહની ભારતીય તબીબી ક્ષેત્રમાં અત્યંત પ્રતિષ્ઠિત એવા ડૉ. બી.સી.રૉય એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકારના ગૌરવશાળી પદક પદ્મશ્રીથી તેમને વર્ષ ૨૦૧૬માં નવાજવામાં આવ્યા હતાં.
- આ ઉપરાંત ઇન્ડિયન એકેડમી ઓફ ન્યુરોલોજીની પ્રતિષ્ઠિત ફલોશીપ માટે પણ ડૉ. સુધીરભાઇ શાહની પસંદગી કરવામાં આવી છે.
- રાયપુર નેશનલ (ન્યુરોલોજીસ્ટ એકેડમી) કોન્ફરન્સમાં તેઓને સન્માનિત કરવામાં આવશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ઝવેરચંદ કાળીદાસ મેઘાણીની કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૨૨ મી

(૨) લોકસાહીત્યમાં ઝવેરચંદ મેઘાણીની આ યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો ?
- ઇ.સ. ૧૯૨૮માં

(૩) ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને કયાં બિરૂદથી નવાજ્યા હતાં ?
- રાષ્ટ્રીય શાયર

(૪) કયાં એર સ્પેસ ઝોનમાં ડ્રોનની ઉડ્ડયનની પરવાનગી નથી ?
- રેડ

(૫) આઇએફસીનું પુરૂનામ જણાવો ?
- Indian Financial System code

(૬) તાજેરતમાં ભારતીય મહિલા બેન્ક કઇ બેન્ક સાથે મર્જ થઇ ?
- એસબીઆઇ

(૭) ગુજરાત રાજ્યનો સૌથી મોટો ગ્રીન પાર્ક કયાં જીલ્લામાં બનશે ?
- સુરત જિલ્લામાં

(૮) ડૉ. સુધીરભાઇ શાહને કયાં એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે ?
- ડૉ. બી.સી. રૉય એવોર્ડ

## 29.August 2018

**(૧) રાષ્ટ્રીય ખેલ દિવસ**

- હોકીના જાદુગર ગણાતા ભારતના લેજન્ડરી મેજર ધ્યાનચંદની યાદમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૦૫ ના રોજ અલાહાબાદ ખાતે થયો હતો.
- તેઓ ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ માં ત્રણવાર ભારત માટે ઓલિમ્પકમાં ગોલ્ડ જીતનારી હોકી ટીમના સભ્ય હતાં.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૬માં તેમને પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

Vivekanand Academy Gandhinagar

**(૨) ડૉ.જીવરાજ મહેતા – જન્મજયંતિ :**

- ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ નારાયણ મહેતા ની આજે જન્મજયંતિ છે.
- ડૉ. જીવરાજ મહેતાનો જન્મ ર૯ ઓગસ્ટ, ૧૮૮૭ના રોજ અમરેલી ખાતે થયો હતો.
- ૧૯૬૦માં ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા.
- ભારત આઝાદ થયા બાદ તેઓ મુંબઇ રાજ્યના નાણાં ઉદ્યોગ, નશાબંધી અને જાહેર બાંધકામના મંત્રી બન્યા હતાં.

**(૨) મિશન અંતરિક્ષ :**

- અંતરિક્ષમાં મનુષ્યને મોકલવાના પ્રથમ ભારતીય મિશનની સમગ્ર યોજના ઇસરો દ્વારા બહાર પાડવામાં આવી.
- આ મિશન ભારતની આઝાદીની ૭૫ મી વર્ષગાંઠ અગાઉ ઓગસ્ટ ૨૦૨૨ માં લોન્ચ થશે.
- તેમાં ત્રણ ભારતીયોને અંતરિક્ષમાં મોકલવામાં આવશે.
- ઇસરો મુજબ ભારત માત્ર ૧૬ મિનિટમાં ૩ ભારતીયોને શ્રી હરિકોટા ખાતેથી અંતરિક્ષમાં પહોંચાડી દેશે.
- આ સમગ્ર મિશનમાં ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચો થશે. ત્રણ ભારતીય ૬ થી ૭ દિવસ અંતરિક્ષમાં રહેશે.
- ૧૫ ઓગસ્ટના પોતાના ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મિશાન અંગે સૌપ્રથમ માહિતી આપી હતી.

**શું છે યોજના :**

- એક ક્રૂ મોડ્યુલ ૩ ભારતીયોને લઇ જશે.તેની સર્વિસ મોડયુઅલ સાથે જોડવામાં આવશે.
- બંનેને રોકેટની મદદ વડે શ્રી હરિકોટાથી લોન્ચ કરાશે. તે માત્ર ૧૬ મિનિટમાં બર્થ ઑર્બિટમાં પહોંચી જશે.
- અંતરિક્ષમાં તેમના ઉપર માઇક્રો ગ્રેવિટી અને અન્ય પ્રયોગ કરાશે.

**આ છે પરત ફરવાની યોજના :**

- ઑર્બિટ મોડયુલ પરત ફરતા સમયે પોતાની રીતે દિશા બદલશે.
- ડી– બુસ્ટ પ્રક્રિયામાં ક્રૂમોડ્યુલ અને સર્વિસ મોડ્યુલ પણ અલગ થઇ જશે. તેમના પેરાશુટ પણ તે દરમિયાન ખુલશે.
- ક્રૂ મોડ્યુલને અરબી સમુદ્રમાં ગુજરાતના કાંઠે ઉતારવાની યોજના છે પરંતુ ટેકનીકલ ખામી આવશે તો બંગાળના અખાતમાં પણ તેમને ઉતારી શકાવાની શક્યતા છે.
- લેન્ડીગના માત્ર ૨૦ મિનિટમાં ત્રણે ભારતીયોને બહાર કાઢી લેવાશે.
- રાયબરેલી સ્થિત મોડર્ન રેલ કોચ ફેક્ટરી (એમસીએફ) ના એન્જિનિયરો દ્વારા તૈયાર કરાયેલા આધુનિક કોચ કેફિયત એક્સપ્રેસમાં લાગશે
- નવી દિલ્હીના સફદરજંગ સ્ટેશન પર દેશના સૌથી ઉન્નત ઇન્ટેલિજન્સ કોચનું અનાવરણ કરાયું.
- આ કોચમાં મુસાફરોની સુરક્ષા માટે આધુનિક નાઇટ વિઝન હાઇ રિઝોલ્યુશનવાળા બે સીસીટીવી કેમેરા, દરવાજા પર બે એલઇડી પેનલ, લેટેસ્ટ ઇન્ફર્મેશન સેન્ટર વોટર લેવલ મીટર, ટૉકિંગ પેક, ઇમરજન્સી બટન લાગેલા છે.
- ટ્રેકના મોનિટરિંગની સાથે સાથે આ કોચ ટ્રેકમાં જણાતી ખરાબીનો ડેટા રેકોર્ડ કરીને તેને ક્લાઉડ પર સેવ કરી લેશે. આ ડેટાના આધારે ટ્રેક રિપેર કરાશે.
- કોચના પૈડાં પર ૮ શક્તિશાળી સેન્સર લગાવાયા છે.
- હાલ ઉત્તર રેલવેને આવા બે કોચ મળ્યા છે. તેનું પરીક્ષણ બરાબર રહ્યું તો ચાલુ વર્ષના અંત સુધીમાં એમસીએફ આવા ૧૦૦ ઇન્ટેલિજન્સ કોચ તૈયાર કરશે, જેમને દેશભરમાં રાજધાની અને શતાબ્દી ટ્રેનોમાં એચએચબી કોચની જગ્યાએ લગાવાશે.

**(૪) ભારતના સત્યા ત્રિપાઠી યુએનમાં આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ**

- ભારતનાં વિકાસ અર્થશાસ્ત્રી અને સંયુક્ત રાષ્ટ્રમાં વર્ષોથી રાજદ્વારી તરીકે ફરજ બજાવતા સત્યા ત્રિપાઠીને યુએનમાં બીજા નંબરનું મહત્વનું પદ મળ્યું છે.
- તેઓ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ માટે આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ નિમાયા ।છે.
- સંયુક્ત રાષ્ટ્રનાં સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટારેસ દ્વારા તેમની નિયુક્તિ કરાઇ હતી.
- સત્યા ત્રિપાઠી ટ્રિનિદાદ અને ટોબેગોનાં એલિયટ હેરિસના સ્થાને હવે નવી પણ મહત્વની જવાબદારી નિભાવશે.
- તેઓ ૨૦૧૭ થી યુએનપીમાં વરિષ્ઠ સલાહકાર હતા.
- ત્રિપાઠી ૧૯૯૮ થી સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલા છે.
- તેઓ યુરોપ, એશિયા અને આફ્રિકામાં વિકાસ, માનવ અધિકારો અને લોકતાંત્રિક વહીવટ અને કાનૂની બાબતોનો બહોળો અનુભવ ધરાવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ એ વૈશ્વિક સંસ્થાની મુખ્ય એજન્સી છે જે અન્ય સંસ્થાઓ સાથે મળીને પર્યાવરણની સુરક્ષાનાં કાર્યો કરે છે.

## 30.August 2018

**(૧) વડાપ્રધાન કૌશલ વિકાસ યોજના :**

- વડાપ્રધાન કૌશલ વિકાસ યોજના હેઠળ સર્ટિફિકેટ લેનારા યુવાનોને બે લાખ સુધીનો વ્યક્તિગત દુર્ઘટના વીમો આપવામાં આવશે.
- આ વીમો સ્કિલ સર્ટિફિકેટ મેળવ્યાની તારીખથી માંડી ૩ વર્ષ સુધી માન્ય ગણાશે.
- PMKVYનો ઉદ્દેશ યુવાનોને ઉદ્યોગો સાથે જોડાયેલી ટ્રેનિંગ આપી રોજગાર માટે સક્ષમ બનાવવાનો છે. જેમાં ટ્રેનિંગ ફી પણ સરકાર ચૂકવે છે.
- ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ સ્કિલ સર્ટિફિકેટ ડિજિટલ લોકરમાં જ આપવામાં આવશે.
- કૌશલ વિકાસ અને ઉધમ મંત્રાલયની આ યોજનાનું સંચાલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન કરી રહ્યું છે.

- કૌશલ વીમો ઉપલબ્ધ કરાવવા માટે ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની સાથે પાર્ટનરશિપ કરી છે. જે હેઠળ ટ્રેનિંગ પૂર્ણ કરનારા યુવાનોની આકસ્મિક મૃત્યુ અને વિકલાંગતાનું વીમા કવચ પુરૂ પાડવામાં આવશે.
- પીએમકેવાય કેન્દ્રની ફ્લેગશીપ યોજનાઓમાંની એક છે. જેના મારફત સરકાર ઓછું ભણેલા, ૧૦-૧૨ ડ્રોપ આઉટ યુવાનોને સ્કિલ ટ્રેનિંગ આપે છે.
- કેન્દ્ર સરકારે આ યોજનાના માધ્યમથી ૨૦૨૦ સુધી એક કરોડ સ્કિલ ટ્રેનિંગ આપવાનું લક્ષ્યાંક મુક્યું છે.

**(૨) વિશ્વની પ્રથમ ડ્રાઇવરલેસ ટેક્સી જાપાનમાં શરૂ થઇ :**

- વિશ્વમાં પ્રથમ ડ્રાઇવરલેસ ટેક્સી ટોક્યોના માર્ગ પર દોડતી થઇ છે.
- જાપાનની રોબોટ મેકર જેડએમપી અને ટેક્સી ઓપરેટીંગ કંપની હિનોમોરૂ કોત્સુએ મળીને આ રોબોકાર મિનીવેન સર્વિસ શરૂ કરી છે.
- શરૂઆતમાં તેના માટે ૫.૩ કિમીનો રૂટ ફાળવવામાં આવ્યો છે.
- મુસાફરી માટે ઓનલાઇન રિઝર્વેશન કરવું પડશે. જેનું ભાડુ ચેન (આશરે રૂા. ૯૫૦) છે.
- મુસાફરી શરૂ કરવા માટે સ્માર્ટફોન ફોન એપનો ઉપયોગ કરવો પડશે.
- એપ વડે કારનો દરવાજો ખુલશે અને તેની મારફત જ પેમેન્ટ થશે.
- જાપાનમાં ૨૦૨૦ માં ઓલિમ્પિક યોજાવાની છે. જેની પહેલાં કંપની સંપૂર્ણપણે કોમર્શિયલ સંચાલન શરૂ કરશે.

**(૩) સ્માર્ટ ઇન્ડિયા હૈકેથોન – ૨૦૧૯**

- કેન્દ્રિય માનવ સંશાધન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર વિશ્વના સૌથી મોટા ઓપન ઇનોવેશન મોડેલની ત્રીજી આવૃતિ સ્માર્ટ ઇન્ડિયા હૈકેથોન – ૨૦૧૯ નવી દિલ્હીમાં લોન્ચ કરી હતી.
- એસઆઇએસ – ૨૦૧૯ માં વિદ્યાર્થીઓના જીવનની કેટલીક ગંભીર સમસ્યઓ ઉકેલવા માટે એક મંચ પૂરો પાડવામાં આવશે

**(૪) ઊર્જા કાર્યક્ષમતા માટે કરાર :**

- ભારતે ઊર્જા કાર્યક્ષમતા માટે વિશ્વ બેન્ક સાથે ૨૨ કરોડ ડોલરના લોન કરાર પર હસ્તાક્ષર કર્યા.
- આ ઉપરાંત 'ઇન્ડિયા એનર્જી એફિસિયન્સી સ્કેલ – એપ-પ્રોગ્રામ' માટે ૮ કરોડ ડોલરના ગેરંટી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- તેના લીધે ૧૭ મિલિયન ટન કાર્બન ડાયોક્સાઇડના આજીવન ઉત્સર્જનને અટકાવવા અને ગ્રીનહાઉસ ગેસના આશરે ૧૦ ગીગાવોટના વધારાના વાયુને રોકવા માટે મદદની અપેક્ષા છે.

**વિશ્વ બેન્ક મુખ્ય માહિતી :**

- હેડક્વાર્ટર : વોશિંગ્ટન ડિસી
- અધ્યક્ષ : જિમ યોંગ કિમ
- સીઇઓ : ક્રિસ્ટીના જ્યોર્જિયા

**(૫) પ્રથમ સાર્ક કૃષિ સહકારી વ્યાપાર મંચ :**

- દક્ષિણ એશિયા પ્રાદેશિક સહકાર સંગઠન- સાર્ક કૃષિ સહકારી વ્યાપાર મંચની પ્રથમ બેઠક -૨૮ મી ઓગસ્ટના રોજ કાઠમંડુ, નેપાળમાં શરૂ થઇ હતી.
- આ ત્રણ દિવસીય બેઠકની થીમ – ખેડૂતોના પરિવારોને સંગઠિત અને મજબૂત બનાવવા.
- બેઠકનું આયોજન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન યુનાઇટેડ નેશન્ અને એશિયન એગ્રીકલ્ચરલ યુનિયને આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ નિધિ સાથે મળી કર્યું હતું.

મુખ્ય માહિતી :

- SAARC : South Asian Association for Regional Corporation

સ્થાપના : ૮ ડિસેમ્બર, ૧૯૮૫

હેડક્વાર્ટર : કાઠમંડુ

સભ્યદેશ : ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, માલદીવ, ભુટાન અને અફઘાનિસ્તાન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન (એફએઓ)

હેડક્વાર્ટર : રોમ (ઇટાલી)

સ્થાપના : ૧૯૪૫

## 31.August 2018

**(૧) ઇ- સિગારેટના વેચાણ અને આયાત પર પ્રતિબંધ :**

- કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રાલય દ્વારા દેશભરમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઇ – સિગારેટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- વિશ્વ આરોગ્ય કેન્દ્રના આંકડા મુજબ ધ્રુમપાન કરનારાઓની સંખ્યાની દ્રષ્ટિએ ચીન પછી ભારત બીજા ક્રમે છે.
- પંજાબ, બિહાર, કર્ણાટક, કેરલ, મિઝોરમ, જમ્મુ-કશ્મીર અને ઉત્તરપ્રદેશ રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા ઇ-સિગારેટ પર પ્રતીબંધ મૂકવામાં આવ્યો હતો.

**(૨) ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક :**

- પોસ્ટ વિભાગે ૧ સપ્ટેમ્બરથી ગુજરાત સહિત દેશભરમાં ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક (આઇપીપીબી) ની શરૂઆત થઇ રહી છે.
- આ બેંકમાં કોઇપણ વ્યક્તિ માત્ર આધાર નંબરની મદદથી ખાતુ ખોલાવી ડિજિટલ લેણદેણ કરી શકશે.
- હાલ ગુજરાતમાં ૩૨ સહિત દેશમાં ૬૫૦ પોસ્ટ પેમેન્ટ બેંક શરૂ કરાશે.
- ૩૧ ડિસેમ્બર સુધીમાં ગુજરાતની ૮૯૦૦ સહિત દેશભરની તમામ ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસમાં પેમેન્ટ બેંક શરૂ કરી દેવાશે.
- આ સેવાનો લાભ ૭ હજારથી વધુ ગ્રામીણ ડાક સેવક તેમજ ૪ હજાર પોસ્ટમેનની મદદથી લોકો ઘરે બેઠાં મેળવી શકશે.

Vivekanand Academy Gandhinagar

- તમામ પોસ્ટમેનને સ્માર્ટ ફોનની સાથે થમ્બ સિગ્નેચર સિસ્ટમ પણ અપાશે.
- કોઇપણ વ્યક્તિ પોસ્ટમેનનો સંપર્ક કરી પોતાનો આધાર નંબર અને થમ્બ સિગ્નેચર આપી ખાતું ખોલાવી શકશે.
- ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક ટેકનોલોજીની મદદથી બેંકિંગ સેવા જેવી કે એસએમએસ બેકિંગ, આરટીજીએસ આઇએમપીએસ, કે –કેવાયસી, ડિજિટલ ખાતાની સેવા પુરી પાડશે.
- ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં કોઇપણ વ્યક્તિ સેવિંગ્સ કે કરન્ટ એકાઉન્ટ ખોલાવી ઝડપી મની ટ્રાન્સફરની સુવિધાનો લાભ મેળવી શકશે.
- આ બેંકમાં મનરેગા, શિષ્યવૃત્તિ, સરકારી લાભ અને સબસિડી, લોન, વીમા રોકાણ, પોસ્ટલ બચત યોજનાઓનો લાભ મેળવી શકશે.

**(૩) બિમ્સટેક સંમેલન :**

- બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટિસેક્ટરલ ટેનિકલ એન્ડ ઇકોનોમિક કો ઓપરેશન (બિમ્સટેક) સંમેલનનું આયોજન નેપાળના કાઠમંડુમાં બે દિવસ થયું હતું.
- બિમ્સટેકનું આ ચોથું સંમેલન છે.
- આ બેઠકમાં વડાપ્રધાન મોદી હાજર રહ્યા હતા.
- બેઠકમાં પ્લેનરી સેશનમાં આતંકવાદ ડિજિટલ કનેક્ટિવિટી, ડ્રગ્સ ટ્રાફિકિંગ, સંસ્કૃતિ અને કલા તેમજ અન્ય મુદ્દા પર વાતચીત થઇ હતી.
- વડાપ્રધાન મોદીએ કલા અને સંસ્કૃતિ માટે નાલંદા યુનિવર્સિટીમાં સેન્ટર ફોર બે ઓફ બેંગાલ સ્ટડીઝની સ્થાપનાની જાહેરાત કરી હતી.

**બિમ્સટેકની મહત્વની વાતો :**

- જૂન – ૧૯૯૭માં બેંગકોક ઘોષણાપત્ર દ્વારા બિમ્સટેકની સ્થાપના કરવામાં આવી હતી. બિમ્સટેકનું હેડક્વાર્ટર ઢાકા બાંગ્લાદેશ છે.
- બિમ્સટેકમાં બંગાળની ખાડીમાં વસતા સાત દેશો બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનંમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડ સામેલ છે.
- બિમ્સટેકનું પહેલું સંમેલન ૨૦૦૪માં થાઇલેન્ડમાં, બીજું ૨૦૦૮માં ભારતમાં અને ત્રીજું ૨૦૧૪ માં મ્યાનમારમાં થયું હતું.
- બિમ્સટેકનાં સભ્ય દેશોની કુલ વસ્તી ૧.૫ અબજ છે. જે વિશ્વની વસ્તીનાં ૨૧ ટકા છે. તેની જીડીપી ૨૫૦૦ અબજ ડોલર છે.
- બિમ્સટેકનો ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેકનિકલ અને આર્થિક સહયોગનો છે.

નેપાળ મુખ્યમાહિતી :

- રાજધાની – કાઠમંડુ
- વડાપ્રધાન : ખડગા પ્રસાદ ઓલી
- રાષ્ટ્રપતિ : વિદ્યાદેવી ભંડેરી (નેપાળના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ)

**(૪) વીમા પોલિસી ફરજિયાત :**

- વીમાનિયંત્રક સત્તામંડળ IRDAI એ ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ થી વીમા કંપનીઓ માટે નવી કારની ખરીદી પર ૩ વર્ષ અને નવી બાઇકની ખરીદી પર પાંચ વર્ષની વીમા પોલીસી ઓફર કરવાનું ફરજિયાત બનાવી દીધું છે.
- સુપ્રીમ કોર્ટે પહેલી સપ્ટેમ્બરથી વેચાતાં તમામ નવાં વાહનો પર લાંબા ગાળાનો થર્ડપાર્ટી સેગ્મેન્ટમાં કાર માટે ૩ વર્ષ અને ટુ વ્હિલર માટે ૫ વર્ષની વીમા પોલીસી ઓફર કરશે.
- સુપ્રીમના આદેશ અને આઇઆરડીએઆઇના દિશા નિર્દેશને પગલે હવે વીમા કંપનીઓ થર્ડ પાર્ટી વીમો અને ઑવનડેમેજ ઇશ્યોરન્સમાં ૩ અથવા પાંચ વર્ષની પોલિસી જ ઓફર કરશે.

**સત્યમેવ જયતે**